

પેજ-08
અથિયા શેટ્ટી મમ્મી બનશે, કે.એલ. રાહુલ સાથે પોસ્ટ કરીને આપ્યા ગુડ ન્યૂઝ

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
કેપ્ટન સાથે દલીલ કરવા બદલ અલ્ઝારી પર 2 મેચનો પ્રતિબંધ



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 34.00 | 21.00 |
| વડોદરા | 35.00 | 21.00 |
| સુરત | 35.00 | 22.00 |

પેજ 5

ભારતમાં સતત ઘટી રહી છે ATMની સંખ્યા, UPIનો વધતો ટ્રેન્ડ અને...

10 NOVEMBER-2024 SUNDAY

નેપાળી PM તેમના પ્રથમ વિદેશ પ્રવાસ પર ચીન જશે:64 વર્ષ જૂની પરંપરા તૂટશે

પેજ 10

.....સુવિચાર.....
સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, પણ રાતોથી લડવુ પડે છે!

વર્ષ-13 । અંક-352 । વિક્રમ સંવત-2081 । કારતક સુદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## હચમચાવી દેનારી ઘટના : મણિપુરમાં દુષ્કર્મ આચર્યા બાદ મહિલાને જીવતી ફૂંકી મારી, અનેક મકાનો બાળ્યા

# મણિપુરમાં ઉગ્રવાદીઓએ આતંક મચાવ્યો, લૂંટ કરી

(એજન્સી) ઇમ્ફાલ । તા. 09

મણિપુરના જિરીબામ જિલ્લાથી એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. મળતી માહિતી અનુસાર 7 નવેમ્બર ગુરુવારની રાત્રે એક 31 વર્ષીય આદિવાસી મહિલાની સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેને જીવતી ફૂંકી મરાઈ. આ દરમિયાન હથિયારબંધ હુમલાખોરોએ ગામમાં તાબડતોડ ફાયરિંગની સાથે લૂંટ અને આગ લગાડી. હુમલાખોરોએ 17 ઘરોને સળગાવીને રાખ કરી દીધા. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટનામાં પીડિતાની સાથે સામૂહિક દુષ્કર્મ અને હત્યાની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. પોલીસે એફઆઈઆરમાં 'વંશીય અને સમુદાયના આધારે દુષ્કર્મ અને હત્યા' નો ઉલ્લેખ કર્યો છે. પીડિતાના પતિએ પોલીસને ફરિયાદ કરી અને જણાવ્યું કે આ કૃત્ય ગેરકાયદેસર ઘૂસણખોરો તરફથી કરવામાં આવ્યુ હતુ પરંતુ હુમલાખોરોની ઓળખ અત્યાર સુધી થઈ શકી નથી. પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર શંકા છે કે હુમલાખોર મણિપુરના સ્થાનિક વિસ્તારોથી હોઈ શકે છે.



### મણિપુરમાં જાતિગત સંઘર્ષે સ્થિતિને કરી વધુ ગંભીર

મણિપુરમાં ચાલી રહેલો જાતિગત સંઘર્ષ રાજ્યમાં વિભાજનનું કારણ બની ચૂક્યો છે. મણિપુરમાં બહુસંખ્યક મૈતેઈ અને આદિવાસી કુકી સમુદાયોની વચ્ચે સતત સંઘર્ષ થઈ રહ્યો છે જેનાથી રાજ્યમાં હિંસાનો માહોલ છે. અત્યાર સુધી આ સંઘર્ષમાં 230 લોકોના મોત થઈ ચૂક્યા છે અને 50,000 લોકો બેઘર થઈ ગયા છે. આ ઘટનાએ રાજ્યની સ્થિતિને વધુ ઉથલપાથલમાં મૂકી દીધી છે.

### આદિવાસી સંગઠનોની કેન્દ્ર સરકારથી હસ્તક્ષેપની માગ

આ ઘટના બાદ આદિવાસી સંગઠનોએ કેન્દ્ર સરકારથી મણિપુરમાં કુકી-જોમી-હમાર સમુદાયોની સુરક્ષા નક્કી કરવા માટે હસ્તક્ષેપની માગ કરી છે. ચુરાચાંદપુરના આદિવાસી સંગઠન ઈન્ડિજિનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમે પણ આ જઘન્ય અપરાધના જવાબદાર લોકોની તાત્કાલિક ધરપકડની માગ કરી છે. આ પહેલા મણિપુરમાં થયેલી હિંસાને લઈને ગૃહ મંત્રાલયે સંવાદની શરૂઆત કરી હતી પરંતુ સ્થિતિ સતત બગડતી જઈ રહી છે.

## કુકી સંગઠનની અરજી મણિપુરના CMએ હિંસા ભડકાવી

### સુપ્રીમે કહ્યું- લીક થયેલા ઓડિયોમાં અવાજ CMનો છે કે નહીં તેની તપાસ માટે તૈયાર

મણિપુરના કુકી સંગઠને કેટલીક ઓડિયો ક્લિપ્સને ટાંકીને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે CM બિરેન સિંહે મણિપુરમાં હિંસા ભડકાવી છે. આ અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. કોર્ટે કહ્યું કે લીક થયેલા ઓડિયોમાં અવાજ મુખ્યમંત્રી બિરેન સિંહનો છે કે નહીં તેની તપાસ થવી જોઈએ. અમે આ તપાસ માટે તૈયાર છીએ. ખરેખરમાં, મણિપુરમાં હિંસા સંબંધિત કેટલીક ઓડિયો ક્લિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. જેમાં બિરેન સિંહને કુકી લોકો પર બોમ્બ ધડાકા અને હથિયારો લૂંટવાની વાત કરતા સાંભળવામાં આવ્યા હતા. કુકી ઓર્ગેનાઈઝેશન ફોર હ્યુમન રાઈટ્સ ટ્રસ્ટે મણિપુરના CM વિરુદ્ધ તપાસની માંગ કરતી અરજી દાખલ કરી હતી.

**500 દિવસ થઈ ગયા છે મણિપુરમાં હિંસાને**

કુકી-મૈઈતેઈ વચ્ચે ચાલી રહેલી હિંસાને લગભગ 500 દિવસ થઈ ગયા છે. આ દરમિયાન, 237 લોકોના મોત થયા છે, 1500થી વધુ લોકો ઘાયલ થયા છે, 60 હજાર લોકો તેમના ઘર છોડીને રાહત શિબિરોમાં રહે છે. લગભગ 11 હજાર FIR નોંધવામાં આવી હતી અને 500 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન મહિલાઓની નિર્વસ્ત્ર પરેડ, સામૂહિક બળાત્કાર, જીવતી સળગાવી દેવા અને ગળું કાપવા જેવી ઘટનાઓ બની હતી. અત્યારે પણ મણિપુર બે ભાગમાં વહેંચાયેલું છે. પહાડી જિલ્લાઓમાં કુકી અને મેદાની જિલ્લાઓમાં મૈઈતેઈ છે. બંને વચ્ચે સરહદો રાખવામાં આવી છે, તેને પાર કરવી એટલે કે મોત.

### મણિપુરના સીએમએ કહ્યું હતું- મારી વિરુદ્ધ ષડયંત્ર રચાયું હતું

મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં ઓડિયો ક્લિપ મુદ્દે નિવેદન આપ્યું હતું. તેણે કહ્યું હતું કે કેટલાક લોકો તેની પાછળ છે. એક ષડયંત્ર ચાલી રહ્યું છે. આ મામલો કોર્ટમાં પેન્ડિંગ છે. વ્યક્તિએ આ વિશે વધુ બોલવું જોઈએ નહીં.

### જાતિગત વસ્તી ગણતરી પાસ કરાવીશું

## અનામતમાં 50 ટકાની મર્યાદા તોડીશું : રાહુલ ગાંધીનું નિવેદન

(એજન્સી) તેલંગાણા । તા. 09

તેલંગાણામાં કોંગ્રેસ સરકારે શનિવારે (9 નવેમ્બર, 2024) રાજ્યની પહેલી જાતિ-આધારિત સર્વેક્ષણ શરૂ કર્યું છે. આ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભાજપ પર પ્રહાર



કરતા કહ્યું કે ભાજપ દેશમાં એક વ્યાપક જાતિ વસ્તી ગણતરી નથી કરાવવા ઈચ્છતું. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ 'X' પર એક પોસ્ટમાં લખ્યું કે, મોદી જી, આજથી તેલંગાણામાં જાતિગત વસ્તી ગણતરી શરૂ થઈ ચૂકી છે. તેનાથી મળનારા ડેટાનો ઉપયોગ આપણે રાજ્યના દરેક વર્ગના વિકાસ માટે નીતિઓ બનાવવામાં કરીશું. ટુંક સમયમાં આ મહારાષ્ટ્રમાં પણ થશે, સૌને ખબર છે કે ભાજપ દેશમાં એક વ્યાપક જાતિ વસ્તી ગણતરી નથી કરાવવા ઈચ્છતું. વધુમાં કહ્યું કે, હું મોદીજીને સ્પષ્ટ કહેવા માગું છું કે, તમે દેશભરમાં જાતિગત વસ્તી ગણતરી રોકી ન શકો. અમે આ સંસદમાં જાતિગત વસ્તી ગણતરીને પાસ કરીને દેખાડીશું અને અનામત પરથી 50 ટકાની મર્યાદા તોડી નાખીશું.

# હિમાચલ, તેલંગાણા અને કર્ણાટક કોંગ્રેસના શાહી પરિવારના એટીએમ : વડાપ્રધાન મોદી

### ચૂંટણી મહારાષ્ટ્રમાં અને ત્રણેય રાજ્યોમાં વસુલી ડબલ થઈ ગઈ

(એજન્સી) મુંબઈ । તા. 09

વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે સતત બીજા દિવસે રેલી યોજી હતી. તેમણે શનિવારે અકોલામાં ફરી એકવાર 'એક હૈ તો સેફ હૈ'નું સૂત્ર આપ્યું હતું. આ પહેલા 8 નવેમ્બરે તેમણે નાસિક અને ધુલેમાં રેલીઓમાં પણ આ નારા લગાવ્યા હતા. આજે ફરી એકવાર અકોલાની રેલીમાં PMએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર વિશે એક શબ્દ પણ ન બોલ્યા. તેમણે કહ્યું- જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં કલમ 370 પાછી લાગુ કરવાની માંગ થઈ રહી છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો તેને સમર્થન આપે છે. પાકિસ્તાન પણ એવું જ ઈચ્છે છે.



### કોંગ્રેસ લોકોને જાતિઓમાં વહેંચવા માગે છે

મોદીએ કહ્યું કે, છેલ્લા કેટલાક દાયકાથી કોંગ્રેસનો જનાધાર સતત ઓછો થઈ રહ્યો છે. સૌથી મોટું કારણ છે કે સમાજની એકતા. પરંતુ કોંગ્રેસ એસસી, એસટી અને ઓબીસીને અલગ અલગ જાતિઓમાં વહેંચવા માગે છે. આ જ કોંગ્રેસની રાજનીતિ છે.

### 'એક રહેંગે તો સેફ રહેંગે'નો નારો : વડાપ્રધાન મોદી

મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી રેલીને સંબોધી હતી, આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર ભારે પ્રહાર કર્યા હતા. આ દરમિયાન તેમણે 'એક રહેંગે તો સેફ રહેંગે'નો નારો વારંવાર દોહરાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ દેશમાં લોકોને જાતિઓમાં વહેંચવા માગે છે. એટલા માટે આપણે એક રહીશું તો સેફ રહીશું.' તો આજે મહારાષ્ટ્રના અકોલામાં પણ વડાપ્રધાન મોદીએ રેલી યોજી હતી.

### મારાથી ભૂલ થઈ ગઈ...

## નડ્ડા સાથેની ગુપચુપ બેઠક બાદ નીતિશનું નિવેદન ચર્ચામાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે.પી નડ્ડા છઠના દિવસે બિહારના પટના પહોંચ્યા હતાં. જોકે, નડ્ડા બિહારમાં છઠ પર્વમાં સામેલ થવાને લઈને ઘણાં પ્રશ્ન ઉભા થઈ રહ્યાં હતાં. વાત ફક્ત છઠ પૂજા સુધી નહતી,



પરંતુ આ દરમિયાન મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ તેમની મુલાકાત લીધી અને તેમની સાથે સમય વિતાવ્યો. સ્વાભાવિક રીતે રાજકીય ચર્ચા પણ થઈ હશે, પરંતુ તેની જાણકારી બહાર નથી આવી શકી. જણાવી દઈએ કે, પટના મુકાલાત દરમિયાન જે.પી નડ્ડાએ બિહાર ભાજપના ટોચના નેતાઓ સાથે અલગથી મુલાકાત કરી અને કહ્યું કે, પેટાચૂંટણીની સાથે-સાથે અન્ય મુદ્દા પર પણ ચર્ચા થઈ છે. પરંતુ, રાજકીય રૂપે હવે જે.પી નડ્ડાની મુલાકાતનો અર્થ સમજવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નડ્ડાની મુલાકાત બાદ હવે નીતિશ કુમારનું નિવેદન સામે આવ્યું છે. જોકે, જેપી નડ્ડાની મુલાકાત બાદ શનિવારે (9 નવેમ્બર) નીતિશ કુમારે કહ્યું કે, મારાથી બે વાર ભૂલ થઈ ગઈ છે .

### મહાવિકાસ અઘાડી (MVA)ને સમર્થન આપવા માટે 17 શરતો રાખી

## મુસ્લિમ ઉલેમા બોર્ડનો MVAને પત્ર: વક્ફ બિલ સામે વિરોધ, RSS પર પ્રતિબંધની માંગ

(એજન્સી) મુંબઈ । તા. 09

ઓલ ઈન્ડિયા ઉલેમા બોર્ડ (AIUB) એ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહા વિકાસ અઘાડી (MVA)ને સમર્થન આપવા માટે 17 શરતો રાખી છે. 7 નવેમ્બરના રોજ બોર્ડે NCP (SP) ચીફ શરદ પવાર, શિવસેના (UBT) ચીફ ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેને પત્ર લખ્યો હતો. પત્રમાં ઉલેમા બોર્ડે કહ્યું છે કે જો મહારાષ્ટ્રમાં MVAની સરકાર બને છે તો તેમણે વક્ફ બિલનો વિરોધ કરવો જોઈએ. સાથે જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર પણ પ્રતિબંધ લગાવે. બોર્ડે મહારાષ્ટ્રમાં મુસ્લિમો માટે 10% અનામત અને મુસ્લિમો વિરુદ્ધ નિવેદન આપનારા ભાજપના ધારાસભ્ય નીતિશ રાણે જેવા નેતાઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. મહારાષ્ટ્રમાં 288 વિધાનસભા બેઠકો માટે 20 નવેમ્બરે એક જ તબક્કામાં ચૂંટણી યોજાશે. પરિણામ 23મી નવેમ્બરે જાહેર થશે. મહારાષ્ટ્રમાં 288 વિધાનસભા બેઠકો માટે કુલ 4,140 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

### મહારાષ્ટ્રમાં મુસ્લિમ મતદારો કેમ મહત્વપૂર્ણ છે?

મહારાષ્ટ્રમાં મુસ્લિમોની વસ્તી લગભગ 1.3 કરોડ છે. જે રાજ્યની કુલ 11.24 કરોડ વસ્તીના 11.56% છે. રાજ્યની 288 વિધાનસભા બેઠકોમાંથી, 38 વિધાનસભા બેઠકો એવી છે કે જ્યાં મુસ્લિમોની સંખ્યા લગભગ 20% છે. તેમાંથી 9 બેઠકો એવી છે કે જ્યાં મુસ્લિમ વસ્તી 40%થી વધુ છે. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈની વાત કરીએ તો અહીંની 10 સીટો પર 25%થી વધુ વસ્તી મુસ્લિમ છે. ગઈ લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ આઘાડીને મોટી સંખ્યામાં લઘુમતી મતો મળ્યા હતા.

## કેનેડા જવા માંગતા વિદ્યાર્થીઓને સૌથી મોટો ઝટકો, ટ્રુડો સરકારે બંધ કર્યા ફાસ્ટ ટ્રેક વિઝા

(એજન્સી) ટોરંટો । તા. 09

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો દિવસેને દિવસે કથળી રહ્યા છે. ત્યારે અભ્યાસ કે નોકરી માટે કેનેડા જવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ માટે ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારે સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્કીમ પ્રોગ્રામ 8 નવેમ્બરે બંધ કરી દીધો છે. સિસ્ટમ બંધ થવાથી ફાસ્ટ ટ્રેક સ્ટડી પરમીટ આપવાની પ્રક્રિયા પણ ખતમ થઈ ગઈ છે. તેથી હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ઝડપથી વિઝા મેળવવામાં મુશ્કેલી થઈ શકે છે. મળતી માહિતી મુજબ, કેનેડાના ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ વિભાગે વર્ષ 2018માં સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ(SDS) શરૂ કરી હતી. તેનો ઉદ્દેશ્ય ભારત, ચીન અને ફિલિપાઈન્સ સહિત 14 દેશોમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે વિઝા અરજી પ્રક્રિયાને સરળ કરવાની હતી.

## બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓની ઈસ્કોન પર પ્રતિબંધની માંગ

### રેલીમાં ભક્તોને મારી નાખવાની ધમકી આપી, ઈસ્કોને સુરક્ષા માંગી




(એજન્સી) ઢાકા । તા. 09

બાંગ્લાદેશના ચટગાંવમાં કટ્ટરપંથી ઈસ્લામિક સંગઠન હેફાઝત-એ-ઈસ્લામે શુક્રવારની નમાજ બાદ ઈસ્કોન વિરુદ્ધ રેલી કાઢી હતી. જેમાં ઈસ્કોનના ભક્તોને પકડીને મારી નાંખવાના નારા લગાવવામાં આવ્યા હતા. આંદોલનકારીઓએ કહ્યું કે જો ઈસ્કોન પર પ્રતિબંધ નહીં મુકાય તો તેઓ આંદોલન કરશે. તેમણે 5 નવેમ્બરના રોજ હજારી લેન વિસ્તારમાં બનેલી ઘટનામાં સામેલ લોકોની ધરપકડ અને સજાની માગ કરી હતી.

**ભારતમાં પણ બાંગ્લાદેશી હિંદુઓની સુરક્ષાની માગ ઉઠી છે :** ઈસ્કોન કોલકાતાના ઉપાધ્યક્ષ રાધારમણ દાસે સોશિયલ મીડિયા પર લખ્યું, 'અમે બાંગ્લાદેશની ગંભીર સ્થિતિને લઈને અત્યંત ચિંતિત છીએ. ઈસ્લામિક કટ્ટરપંથીઓ ખુલ્લેઆમ શ્રદ્ધાળુઓને પકડવાની, તેમને ત્રાસ આપવાની અને પછી મારી નાખવાની ધમકી આપી રહ્યા છે. અમે તેમની સુરક્ષાને લઈને ચિંતિત છીએ. આ હિંસક ક્રિયાઓને રોકવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

**બાંગ્લાદેશમાં હિન્દુઓ પર સતત હુમલા, 3 મહિનામાં 250થી વધુ કેસ :** થોડા દિવસ પહેલા જ ચિત્તગોંગમાં ઈસ્કોન સંસ્થાના સેક્રેટરી ચિન્મય કૃષ્ણ દાસ બ્રહ્મચારી ઉર્ફે ચંદન કુમાર ધર સામે પણ કેસ નોંધવામાં આવ્યો હતો. તેમના પર ચટગાંવના ન્યુ માર્કેટમાં આઝાદી સ્તંભ પર રાષ્ટ્રધ્વજની ઉપર ભગવો ધ્વજ ફરકાવવાનો આરોપ હતો. આ ધ્વજ પર 'સનતની' લખેલું હતું. બાંગ્લાદેશમાં 5 ઓગસ્ટે શેખ હસીનાની સરકાર પડી.

## RSSની સ્પેશિયલ 65ની એન્ટ્રીથી બદલાશે મહારાષ્ટ્રની ચૂંટણીના સમીકરણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને લઈને પ્રચાર પૂરજોશમાં થઈ રહ્યો છે. તમામ રાજકીય પાર્ટી જનતા સુધી પોતાના મુદ્દા પહોંચાડવામાં કોઈ કચાશ છોડવા નથી માગતી. આ વખતે ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં સીધો મુકાબલો મહાવિકાસ અઘાડી અને મહાયુતિની વચ્ચે છે. આ ચૂંટણીમાં હવે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ એટલે RSSની એન્ટ્રી પણ થઈ ચૂકી છે. RSS પોતાના 65થી વધારે સહયોગી સંગઠનો દ્વારા મહારાષ્ટ્રમાં 'સજગ રહો' નામનું અભિયાન ચલાવી રહી છે. RSSની આ ટીમને 'સ્પેશ્યલ 65' કહેવામાં આવી રહ્યું છે. RSSની 'સ્પેશ્યલ 65'ના આ અભિયાનનો હેતુ ફક્ત વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મજબૂત કરવાનો નથી, પરંતુ કથિત રીતે હિન્દુઓમાં ભાગલા પાડનારની સામે જવાબી કાર્યવાહી કરવાનો પણ છે. RSSનું માનવું છે કે, ચૂંટણી દરમિયાન આ પ્રકારના પ્રયાસની અસર જમીન પર જરૂર જોવા મળશે અને ક્યાંકને ક્યાંક મહાયુતિને પણ તેનો ફાયદો થશે.



**હિન્દુ મતદાતાઓની એકતાથી મહાયુતિને શું લાભ થશે?** કહેવામાં આવી રહ્યું છે કે, જો આરએસએસના આ અભિયાનથી હિન્દુ મતદાતા એક થયા તો તેનો સૌથી વધારે ફાયદો મહાયુતિ ગઠબંધનને થશે. એટલે આ ચૂંટણીમાં આરએસએસના આ અભિયાનથી મતદાતાઓને કોઈ એક પાર્ટી અથવા ગઠબંધન વિશેષની તરફ વળવામાં મદદ મળી શકે છે. જાણકાર માની રહ્યા છે કે, આરએસએસના આ અભિયાનની ટાઈમિંગ પણ ઘણું બધું જણાવે છે.

### અભિયાનની શરૂઆતનો સમય છે ખાસ

રાજકીય નિષ્ણાંતોનું માનવું છે કે, RSS જે સમયે આ અભિયાનની શરુઆત કરી રહ્યું છે, તે મહારાષ્ટ્ર ચૂંટણી પરિણામ પર અસર પાડશે. કહેવામાં આવી રહ્યું છે કે, RSSના આ અભિયાનથી જમીની સ્તર પર મહાયુતિ ગઠબંધનને ફાયદો થશે. આવું એટલા માટે પણ છે કારણે કે, આ અભિયાનથી મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધન હિન્દુ વોટ બૅન્કને પોતાની બાજુમાં લાવવાના પ્રયાસ પણ તેજ કરી રહ્યું છે.

### હિન્દુઓને જાગૃત કરવાનું અભિયાન

RSSનું 'સજગ રહો' અભિયાન લોકસભા ચૂંટણી બાદ ચલાવવામાં આવી રહેલાં ત્રણ રાષ્ટ્રીય અભિયાનનો સૌથી મોટો ભાગ છે. તેને બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હાલમાં જ થયેલા હુમલા બાદ પણ ખાસ રીતે ચલાવવામાં આવી રહ્યું છે, જેથી હિન્દુઓને જાગૃત કરી શકાય. આ ત્રણ સૂત્રના અભિયાન પહેલાં બે સૂત્ર છે. જેમાંથી પહેલું યોગી આદિત્યનાથની ટિપ્પણી 'બટેંગે તો કટેંગે' અને બીજું વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટિપ્પણી 'એક રહેંગે સેફ રહેંગે' છે.

### અખિલેશ યાદવના CM યોગી પર આડકતરા પ્રહાર

## કોઈ વ્યક્તિ વસ્ત્રથી નહીં વચનથી યોગી બને છે...

(એજન્સી) લખનઉ । તા. 09

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ફરી એકવાર સીએમ યોગી આદિત્યનાથને આડેહાથ લેતાં આકરા પ્રહારો કર્યા હતા. લખનઉમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધતાં



અખિલેશે કહ્યું કે એન્કાઉન્ટર કરનારાઓનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. હવે તે વધુ દિવસો સત્તામાં નહીં ટકે. અખિલેશે કહ્યું કે જે પ્રકારની ભાષાનો પ્રયોગ થઈ રહ્યો છે તેનાથી લાગે છે કે તેમની યોગ્યતા વિશે તમારે અને મારે જાણવું જોઈએ. કોઈ વ્યક્તિ વસ્ત્રોથી નહીં પણ વચનથી યોગી બને છે. આ આઝાદીનો નહીં પણ બર્બાદીનો અમૃતકાળ છે અને નકારાત્મક લોકોનો પણ. અમારે ત્યાં એવું મનાય છે કે જે જેટલો મોટો જ્ઞાની હોય તે એટલો જ ચૂપ રહે છે. એટલે જ તો અમારે ત્યાં મૌની અને મુનિની પરંપરા છે.

### અખિલેશનો આક્રમક અંદાજ દેખાયો

અખિલેશ યાદવે આક્રમક અંદાજમાં સીધા સીએમ યોગીને નિશાને લેતા કહ્યું કે, 'સંત સમાજ વચ્ચે ઝઘડા કરાવતા જઈ રહ્યા છે, જે પોતાના કરતાં કોઈને મોટા માનતા જ નથી એ કેવા 'યોગી' છે? જેટલા મોટા સંત હોય તે એટલુ ઓછું બોલે છે અને બોલે તો પણ જનકલ્યાણ માટે જ બોલે છે, જેના વચન પ્રવચન માની લેવાય છે. જ્યારે અહીં તો બધું જ ઉલટું છે.

### બુલડોઝર એક્શન મુદ્દે તીખાં પ્રહાર

સીએમ યોગીનું નામ લીધા વિશે અખિલેશ યાદવે કહ્યું કે જેમનું કામ સરકાર ચલાવવાનું છે એ તો બુલડોઝર ચલાવી રહ્યા છે અને વિકાસના પ્રતીક વિનાશના પ્રતીક બની ગયા છે. દેશમાં પહેલીવાર એવું થયું કે સુપ્રીમ કોર્ટે બુલડોઝર એક્શન વિરુદ્ધ યુપી સરકારને 25 લાખ રૂપિયાનો ભારે દંડ ફટકાર્યો છે.

# હર્ષદીપ હોર્ટિકોએ અમદાવાદમાં નવા સ્ટોરની શરૂઆત સાથે પોતાની ઉપસ્થિતિ વિસ્તારી

(એજન્સી) મુંબઈ | તા. 09

હર્ષદીપ હોર્ટિકો લિમિટેડ જે પોટ્સ, પ્લાન્ટર્સ, ગાર્ડન એસેસરીઝ અને આઉટડોર ફર્નિચરના મેન્યુફેક્ચર અને નિકાસમાં વિશેષતા ધરાવે છે, તેણે અમદાવાદમાં તેના નવીનતમ રિટેલ સ્ટોરના ભવ્ય ઉદઘાટનની જાહેરાત કરી છે. પોટ્સ, પ્લાન્ટર્સ, ગાર્ડન એસેસરીઝ અને આઉટડોર ફર્નિચરની વિશાળ શ્રેણીમાં વિશેષતા ધરાવતો આ નવો સ્ટોર આ પ્રદેશમાં બાગકામ અને આઉટડોર ઉત્સાહી લોકો માટે એક વ્યાપક સ્થળ તરીકે સેવા આપશે. 500થી વધુ અનોખી ડિઝાઇન અને 2,200 એસકેયુ સાથે, હર્ષદીપનો અમદાવાદ સ્ટોર રેસિડેન્શિયલ, કોમર્શિયલ અને કોર્પોરેટ ગ્રાહકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અજોડ પસંદગી પહોંચાડવાનું વચન આપે છે. ભારતના અગ્રણી શહેરી કેન્દ્રોમાંના એકમાં સ્થિત, અમદાવાદ સ્ટોર હર્ષદીપના વ્યૂહાત્મક રિટેલ વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ નવો શોરૂમ ભારતમાં આધુનિક બાગાયત અને ગાર્ડન ડેકોર સોલ્યુશન્સની વધતી જતી માંગને પહોંચી વળવા, ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટ્સ અને નવીન ડિઝાઇન પ્રદાન કરવાની હર્ષદીપની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. અમદાવાદ સ્ટોર હર્ષદીપના ઉત્પાદનોના વિશાળ પોર્ટફોલિયોને પ્રદર્શિત કરશે, જેમાં પ્લાસ્ટિક ઇન્ડોર અને આઉટડોર પ્લાન્ટર્સ, ઇલ્યુમિનેટેડ પ્લાન્ટર્સ, ડેકોરેટિવ પ્લાન્ટર્સ અને રોટોમોલ્ડેડ આઉટડોર ફર્નિચરનો સમાવેશ થાય છે, જે તાજેતરમાં કંપનીની રજૂઆતનો એક ભાગ બન્યો છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં હર્ષદીપ હોર્ટિકો લિમિટેડના ડિરેક્ટર શ્રી હર્ષિત શાહે જણાવ્યું, "અમારા અમદાવાદ સ્ટોરની શરૂઆત ભારતમાં દરેક ઘર અને વ્યવસાય માટે પ્રીમિયમ ગાર્ડન અને આઉટડોર સજાવટને સુલભ બનાવવાની અમારી સફરમાં એક મહત્વપૂર્ણ પગલું છે. અમદાવાદ, તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને વિકસતા શહેરી લેન્ડસ્કેપ સાથે, અમારા માટે અમારી અનોખી ઉત્પાદન શ્રેણી રજૂ કરવા માટે એક આદર્શ સ્થાન છે. આ સ્ટોર ગ્રાહકોને ન માત્ર ઉત્પાદનોની અસાધારણ વિવિધતા જ પ્રદાન કરશે, પરંતુ તેમની જગ્યાઓ વધારવા માટેનો નવો અભિગમ પણ પ્રદાન કરશે, જેમાં આધુનિક ડિઝાઇનને ટકાઉ સામગ્રી સાથે જોડીને આઉટડોર અને ઇન્ડોર વાતાવરણનું નિર્માણ કરવામાં આવશે. એક દેવા-મુક્ત કંપની તરીકે, અમે સ્થિરતા જાળવી રાખીને વૃદ્ધિને આગળ ધપાવવા માટે આર્થિક રીતે સજ્જ છીએ. અમારી પ્રતિબદ્ધતા ઉત્પાદનોના વેચાણ સુધી મર્યાદિત નથી; તે એવા સમુદાયને વિકસાવવા વિશે છે જે બાગાયતી સજાવટમાં ગુણવત્તા, ટકાઉપણું અને શૈલીની પ્રશંસા કરે છે. હર્ષદીપ ખાતે, અમે વિચારપૂર્વક ડિઝાઇન કરાયેલી ગાર્ડન પ્રોડક્ટ્સના માધ્યમથી પ્રકૃતિ સાથે ગાઢ જોડાણ વધારવામાં માનીએ છીએ અને અમારો અમદાવાદ શોરૂમ તે દ્રષ્ટિકોણનું પ્રતીક છે. અમે ગ્રાહકોને તે ગુણવત્તા અને નવીનતાનો અનુભવ કરાવવા અને આવકારવા માટે ઉત્સાહિત છીએ જેના માટે અમે જાણીતા છીએ અને અમને વિશ્વાસ છે કે આ નવો સ્ટોર અમને અમદાવાદના લોકો સાથે કાયમી સંબંધો બનાવવામાં મદદ કરશે."

# પશ્ચિમ રેલવે વિવિધ સ્થળો માટે ચલાવશે ફેસ્ટિવલ સ્પેશલ ટ્રેનો

(એજન્સી) અમદાવાદ | તા. 09

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે અને મુસાફરોના વધારાના ધસારાને સમાવવા માટે બાંદ્રા ટર્મિનસ-ભુજ, બાંદ્રા ટર્મિનસ-ભુજ-વલસાડ, બાંદ્રા ટર્મિનસ-ભુજ અને બાંદ્રા ટર્મિનસ-હિસાર વચ્ચે વિશેષ ભાડા પર ચાર શીતકાલીન સ્પેશલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, આ સ્પેશલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

1. ટ્રેન નંબર 09037/09038 બાંદ્રા ટર્મિનસ - ભુજ સુપરફાસ્ટ સ્પેશલ [06 ફેરા]

ટ્રેન નંબર 09037 બાંદ્રા ટર્મિનસ - ભુજ સુપરફાસ્ટ સ્પેશલ મંગળવાર, ગુરુવાર અને રવિવારે બાંદ્રા ટર્મિનસથી 23:45 કલાકે ઉપડશે અને બીજા દિવસે 13:05 કલાકે ભુજ પહોંચશે. આ ટ્રેન 12, 14 અને 17 નવેમ્બર, 2024ના રોજ ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09038 ભુજ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશલ બુધવાર, શનિવાર અને સોમવારે ભુજથી 19:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે 09.45 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન 13, 16 અને 18 નવેમ્બર, 2024ના રોજ ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, અમદાવાદ, હળવદ, સામાખિયાળી અને ગાંધીધામ સ્ટેશન પર ઉભી રહેશે.આ ટ્રેનમાં એસી 2-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.

2. ટ્રેન નંબર 09029/09030 બાંદ્રા ટર્મિનસ-ભુજ-વલસાડ સુપરફાસ્ટ સ્પેશલ [02 ફેરા]

ટ્રેન નંબર 09029 બાંદ્રા ટર્મિનસ - ભુજ સુપરફાસ્ટ સ્પેશલ બુધવાર 13 નવેમ્બર, 2024 નારોજ 23:25 કલાકે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને બીજા દિવસે 14:30 કલાકે ભુજ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09030 ભુજ-વલસાડ સુપરફાસ્ટ સ્પેશલ ગુરુવાર, 14 નવેમ્બર, 2024 ના રોજ ભુજથી 19:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે 06.45 કલાકે વલસાડ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં સુરત, વડોદરા, અમદાવાદ, હળવદ, સામખિયાળી અને ગાંધીધામ સ્ટેશન પર ઉભી રહેશે. ટ્રેન નંબર 09029 બોરીવલી અને વાપી સ્ટેશન પર વધારાના સ્ટોપેજ હશે.આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.

3. ટ્રેન નંબર 09472/09471 ભુજ - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશલ [02 ફેરા]

ટ્રેન નંબર 09472 ભુજ - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશલ રવિવાર 17 નવેમ્બર, 2024 ના રોજ ભુજથી 19:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે 09.45 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09471 બાંદ્રા ટર્મિનસ - ભુજ સુપરફાસ્ટ સ્પેશલ સોમવાર, 18 નવેમ્બર, 2024 ના રોજ બાંદ્રા ટર્મિનસથી 12:45 કલાકે ઉપડશે અને બીજા દિવસે 03:30 કલાકે ભુજ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં ગાંધીધામ, સામાખિયાળી, હળવદ, અમદાવાદ, વડોદરા, સૂરત, વાપી અને બોરીવલી સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.

4. ટ્રેન નંબર 04726/04725 બાંદ્રા ટર્મિનસ-હિસાર સુપરફાસ્ટ સ્પેશલ (02 ફેરા)

ટ્રેન નંબર 04726 બાંદ્રા ટર્મિનસ - હિસાર સુપરફાસ્ટ સ્પેશલ મંગળવાર, 12 નવેમ્બર, 2024ના રોજ બાંદ્રા ટર્મિનસથી 09.30 કલાકે ઉપડશે અને બીજા દિવસે 11.10 કલાકે હિસાર પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર 04725 હિસાર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશલ સોમવાર, 11 નવેમ્બર, 2024 ના રોજ 05.50 કલાકે હિસારથી ઉપડશે અને બીજા દિવસે 07.20 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, દુર્ગાપુરા, જયપુર, રિંગાસ, સીકર, નવલગઢ, ઝુંઝુનુ, ચિરાવા, લોહારુ અને સાદુલપુર સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ છે.

ટ્રેન નંબર 09037, 09038, 09029, 09030, 09471, 09472 અને 04726 માટે બુકિંગ 10 નવેમ્બર, 2024 થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકેછ

# વિયોગ આવે ત્યારે પ્રેમની તાકાતને દર્શાવે છે દિક્ષાંતનું 'મેહફૂઝ'

(એજન્સી) મુંબઈ | તા. 09

મુંબઈ સ્થિત ગાયક-ગીતકાર દિક્ષાંતના નવીનતમ ટ્રેક, 'મેહફૂઝ' સાથે પ્રેમ અને વિયોગની કડવી-મીઠી લાગણીઓના માધ્યમથી એક લાગણીભર્યા પ્રવાસમાં ડૂબકી મારવા માટે તૈયાર થઈ જાઓ. તેમના ચાર્ટ-ટોપિંગ હિટ 'આંખો સે બતાના'ની જબરજસ્ત સફળતા બાદ, દિક્ષાંત શ્રોતાઓને એક એવી દુનિયાનો અનુભવ કરવા આમંત્રિત કરે છે જ્યાં પ્રેમ ટકી રહે છે, ભલે પછી અંતરથી અલગ હોય તો પણ. 'મેહફૂઝ' થકી, તેમણે પ્રેમમાં છૂપાયેલી જટિલ પીડા અને શક્તિને દર્શાવી છે, જેથી તે તમામ લોકો માટેનું ગીત બની ગયું છે, જેઓએ ક્યારેય તો દૂર બેઠેલા વ્યક્તિ માટેની તડપ અનુભવી હોય. તેમની સિગ્નેચર શાંત સ્વર અને લાગણીભર્યા ગીત સાથે, દિક્ષાંતે એક મર્મસ્પર્શી, ભાવનાત્મક પરિદૃશ્ય ચિત્રિત કર્યું છે, જે પ્રેમ, ખોટ અને કોઈને પોતાના હૃદયમાં 'મેહફૂઝ' કે સુરક્ષિત રાખવાની તડપની સફર દર્શાવે છે. આ ટ્રેક સાચા પ્રેમની તાકાતની વાત કરતા શ્રોતાઓને યાદ કરાવે છે કે સાચો સંબંધ સમય અને અંતરની કસોટી પર ખરો ઉતરે છે. લાગણી અને મધુરતાના નાજુક સંતુલન સાથે, 'મેહફૂઝ' એ દરેક વ્યક્તિ માટે સાંભળવા યોગ્ય ગીત છે, જેઓએ ક્યારેય કોઈ પ્રિયજનને ગુમાવવાની પીડા અનુભવી હોય. ગીત પર તેમના વિચારો વ્યક્ત કરતા, દિક્ષાંતે જણાવ્યું, "હું વાસ્તવમાં તે પ્રેમ અને સમર્થનથી ખરેખર આભારી અને અભિભૂત છું, જે મને મળ્યો છે - તે અતિવાસ્તવિક છે. 'મેહફૂઝ' એક પર્સનલ ટ્રેક છે, જ્યાં મેં દરેક સૂરમાં મારા




હૃદયની દરેક વાત ઠાલવી છે. તે એ દરેક વ્યક્તિ સાથે વાત કરે છે જેઓએ ગાઢ પ્રેમ કર્યો છે, પછી ભલેને જિંદગીએ તેમને અલગ રાખ્યા હોય. હું આશા રાખું છું કે શ્રોતાઓને આ શબ્દોમાં તેમની પોતાની વાર્તાના અંશ મળશે, અને તેમને આ જાણીને જોડાણ અને રાહતની લાગણીની અનુભૂતિ થશે કે તેઓ તેમની યાત્રામાં એકલા નથી.' 'મેહફૂઝ'નું હૃદયને સ્પર્શી જતું, ભાવનાત્મક સંગીત દિક્ષાંતના સમૃદ્ધ કંઠને રેખાંકિત કરે છે, જે તેમના કાવ્યાત્મક ગીત સાથે મળીને અંતરથી છૂટા પડેલા પરંતુ આત્માથી એક પ્રેમીઓની તીવ્ર લાગણીઓને ઉજાગર કરે છે. શ્રોતાઓ સાથે ઊંડાણથી જોડાવા માટેની તેમની ક્ષમતા માટે જાણીતા, દિક્ષાંતે ફરી એક વાર એક ધૂન રચી છે.

# સિગ્નેચર ગ્લોબલના નાણાકીય વર્ષ 25 પ્રી-સેલ્સે 217%ના વાર્ષિક દરે રૂ.59.0 બિલિયનની વૃદ્ધિ નોંધાવી

(એજન્સી) નવી દિલ્હી | તા. 09

સિગ્નેચર ગ્લોબલ (BSE: 543990 | NSE: SIGNATURE), ભારતની અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપની પૈકીની એકે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં રૂ.59.0 બિલિયન અને નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિકમાં 184%ના વાર્ષિક દરે રૂ.27.8 બિલિયનનું પ્રી-સેલ્સ નોંધાવ્યું હતું. નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક દરમિયાન, મજબૂત પ્રી-સેલ્સ પ્રદર્શન રૂ.30 બિલિયનના ગ્રુપ હાઉસિંગ પ્રોજેક્ટ ટાઈટેનિયમ એસપીઆર અને રૂ.23 બિલિયનના ટાઉનશિપ પ્રોજેક્ટ્સ ડેક્સિન વિસ્ટાસન સોહના કોરિડોરના સફળત્તમ લૉન્ચ દ્વારા પ્રેરિત છે. કંપનીનું કલેક્શન નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં 60%થી વધીને 21.3 બિલિયન થયું. પ્રી-સેલ્સમાં વૃદ્ધિની સાથે, કંપનીએ નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક માટે આવકમાં પણ 342%ના વાર્ષિક દરેથી રૂ.11.5 બિલિયનની વૃદ્ધિ નોંધાવી છે, જે વધુ પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાને કારણે છે, જેની અસર પી એન્ડ એલ એકાઉન્ટમાં દેખાવાની શરૂ થઈ છે અને તેનાથી ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટ્સ વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે. નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકના અંતે ચોખ્ખું દેવું ઘટીને રૂ.10.1 બિલિયન થયું હતું, જે નાણાકીય વર્ષ 24ના અંતે રૂ.11.6 બિલિયન હતુ. કંપનીના પ્રદર્શન પર ટિપ્પણી કરતા, ચેરમેન અને હોલ-ટાઈમ ડિરેક્ટર શ્રી પ્રદીપ કુમાર અગ્રવાલે જણાવ્યું, "દિલ્હી એનસીઆર પ્રદેશમાં રિયલ એસ્ટેટ માર્કેટે, ખાસ કરીને ગુરૂગ્રામમાં, મજબૂત મૂળભૂતતાનું પ્રદર્શન કરવાનું જાળવી રાખ્યું છે, જે સ્થિતિસ્થાપક અંતિમ-વપરાશકર્તા માંગ, હકારાત્મક બજાર ભાવના અને નોંધપાત્ર માળખાકીય વિકાસ દ્વારા સમર્થિત છે. ગુરૂગ્રામમાં અમારા તાજેતરના લોન્ચને મળેલો મજબૂત પ્રતિસાદ વિચારપૂર્વક આયોજિત સમુદાયોમાં ગુણવત્તાયુક્ત ઘરોની વધતી માંગને રેખાંકિત કરે છે.

# એ.બી.પરમાર એ રાજપીપળા જીલ્લા જેલ અધિક્ષકનો હવાલો સંભાળ્યો

ભરત શાહ : રાજપીપળા

પોલીસ મહાનિદેશક, ડૉ.કે. એલ.એન.રાવ, જેલ અને સુધારાત્મક વહિવટની કચેરી,ગુજરાત રાજ્ય અમદાવાદનાઓ દ્વારા રાજપીપળા જીલ્લા જેલના ઈ.ચા.અધિક્ષક એચ.એ. બાબરીયાનાઓની જાહેર હિતાર્થે મોરબી સબ જેલ ખાતે બદલી કરતાં તેઓ તા.૦૯/૧૧/૨૦૨૪ ના રોજ કચેરી સમય દરમ્યાન રાજપીપળા જીલ્લા જેલ ખાતેથી છુટા થતાં તેઓના રાજપીપળા જીલ્લા જેલના અધિક્ષક હસ્તકનો




ચાર્જ એ.બી.પરમાર નાઓએ સંભાળેલ છે. તેમજ એચ.એ.બાબરીયાનાઓને રાજપીપળા જીલ્લા જેલ ખાતેથી વિદાય આપી હતી.

# અખિલ કચ્છ મેઘવંશી મારૂ વણકર સમાજ માકપટ વિભાગ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

મહેશ એલ.સોની : નખત્રાણા

શ્રી અખિલ કચ્છ શ્રી મેઘવંશી મારુ વણકર સમાજ માકપટ વિભાગ પ્રેરિત માકપટ યુવા સંઘ તેમજ મહિલા સંઘ ના સંયુક્ત ઉપક્રમે તા.૦૬/૧૧/૨૦૨૪ (લાભપાંચમ ) બુધવાર ના રોજ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા એવા માં સાવિત્રીબાઈ ફૂલે ( ૬ઠ્ઠું ) વિદ્યાર્થી સન્માન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન માં પ્રાસંગિક ઉદભોધન માં યુવા સંઘ ના પ્રમુખ દિનેશભાઈ મારવાડા શિક્ષણમાં પર વધુ ભાર મુકવો તેમજ શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું . શિક્ષણ ક્ષેત્રમાં આગળ જવા કોઈપણ બાળક શિક્ષણ વંચિત ના રહી જાય સમાજ માં શિક્ષણનો વ્યાપ વધે, વ્યસનનો દૂર કરવા, સમાજ પ્રગતિશીલ બને તે અંગે માર્ગદર્શન પૂરુ પાડવામાં આવ્યું હતું. જેમાં માકપટ સમાજ ધોરણ 8 થી 12, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, અન્ય સિદ્ધિ અને મેડિકલ ક્ષેત્રના M.B.B.S., B.A.M.S, B.H.M.S.,



G.N.M.,A.N.M., આમ કુલ ૨૫૦ વિદ્યાર્થીઓ તેમજ ૬ સરકારી કર્મચારીઓનો સન્માન કરવામાં આવ્યું હતું . આ આયોજન ના મુખ્ય દાતાશ્રીઓનું મુમેન્ટો તેમજ સાલ દ્વારા વિશિષ્ઠ સન્માન કરવામાં આવ્યું હતું .આ આયોજન માં માકપટ સમાજના કાર્યકારી પ્રમુખ ખેંગારભાઈ નિંજાર, મહામંત્રી હિતેશભાઈ સંજોટ , ખજાનચી ડાયાલાલ ગોરડીયા, સહમંત્રી લલીતભાઈ બુચિયા, પૂર્વ પ્રમુખ રામજીભાઈ બળીયા, લધારામભાઈ બુચિયા, દેવજીભાઈ સંજોટ, અરજણ ભાઈ મેરિયા, અખિલ કચ્છ વણકર વિકાસ સંઘના પ્રમુખ તેમજ પૂર્વ મહામંત્રી પચાણભાઈ સંજોટ, પૂર્વ ખજાનચી પચાણભાઈ ઓઢાણા, કારોબારી સભ્ય દેવશીભાઈ સીજુ, રવજીભાઈ જેપાર, વેલજીભાઈ સીજુ ,નાયબ મામલતદાર શીવજીભાઈ પાયણ, યુવા સંઘના પૂર્વ પ્રમુખ ભરતભાઈ સીજુ, પૂર્વ મહામંત્રી લાલજીભાઈ ઓઢાણા, પૂર્વ ખજાનચી દેવજીભાઈ બળીયા , પૂર્વ સહ ખજાનચી વેલજીભાઈ બુચિયા યુવા સંઘના પ્રમુખ દિનેશભાઈ મારવાડા , ઉપપ્રમુખ દિનેશભાઈ ગોરડીયા ,મહામંત્રી મોહનભાઈ સીજુ, ખજાનચી કાંતિલાલ ગોરડીયા, સહ ખજાનચી દિનેશભાઈ સીજુ, મહામંત્રી રસીલાબેન ગોરડીયા, ખજાનચી કમળાબેન મેરિયા, સહખજાનચી દેવીબેન કુડેચા કન્વીનર વાલબાઈ પાયણ, સહકન્વીનર ભાવનાબેન મારવાડા , ઓડિટર જીવીબેન પાયણ સહ ઓડિટર મણીબેન નિંજાર આયોજન માં ઉપસ્થિત રહ્યા હતા.

# શેનો ભય છે?

સંસારનું બીજુ નામ છે "મૃત્યુલોક." સૌ કોઈ આ વાત જાણે છે કે જે જન્મ ધારણ કરે છે, તે એક દિવસ મૃત્યુ પ્રાપ્ત કરે જ છે. હા, આ સંસારનો આ જ અટલ નિયમ છે. આમ તો મૃત્યુ શબ્દ જ આપણાં મનમાં ભય ઉત્પન્ન કરે છે તો વાસ્તવિક મૃત્યુની શું વાત કરવી! આ લોકમાં સૌનાં દુઃખ, તણાવ, સમસ્યા ભલે અનેક પ્રકારની હોય પરંતુ સર્વ પ્રકારનાં ભયમાં સૌથી મોટો ભય એ 'મૃત્યુભય.' મહાભારતમાં યક્ષના પ્રશ્નમાં યુધિષ્ઠિર 'સૌથી મોટું આશ્ચર્ય' આ જણાવે છે કે 'પ્રતિદિન આ જગતના લોકો જન્મ-મરણના ચક્રને નિહાળે છે તથાપિ



જાણે પોતે અમર રહી અહિંયા જ સદા સ્થાયી થશે એ જ મોટું આશ્ચર્ય છે.' પરંતુ આ જ ભયનું કારણ બને છે એ કેવું મોટું આશ્ચર્ય ? એકદા ભાડાના મકાનમાં બે ભાઈઓને માલિકે અમુક કારણસર કાઢી મુક્યા. બન્ને પાડોશી પણ હતા. આથી એકભાઈએ રોદણા શરૂ કર્યા જ્યારે બીજા ભાઈએ હસતાં મુખે નિર્ણય સ્વીકારી બીજે પ્રયાણ કરવા માંડ્યુ. આ બધું જ ત્યાંના રહેવાસીઓએ જોયું ને પૂછ્યું ત્યારે હસતાં ભાઈએ કહ્યું 'મેં ઘણાં સમયથી બીજે જવાની તૈયારી કરી રાખી હતી કેમ કે આ તો ભાડાનું જ હતું એટલે એક દિવસ છોડવાનું પણ નક્કી જ હતું.' યથાર્થ જ્ઞાનની કુંચી જ ભયના ખંભાતી તાળાનો એકમાત્ર જવાબ છે, જે આપણને નિર્ભય બનાવી દે છે. મૂળ અક્ષરમૂર્તિ શ્રીગુણાતીતાનંદસ્વામી પોતાની વાતમાં જણાવે છે કે, 'જ્ઞાન વિના તો કાંઈ પદાર્થ નાશ પામે અથવા સંબંધી મરી જાય તો પણ ગાંડુ થવાય. માટે જ્ઞાન શીખવું, તો દુઃખ ન આવે.' આ જ્ઞાન જ સાચી નિર્ભયતા આપી શકે છે. આ એવો ગુણ છે જે વ્યક્તિને ડર, શંકા, અથવા સંકટોની સ્થિતિમાં પણ સ્થિર રહેવા અને પોતાનો આત્મવિશ્વાસ જાળવવાની ક્ષમતા આપે છે. સાચી નિર્ભયતા વ્યક્તિને મુશ્કેલીના સમયમાં પણ નવ જીવનને આગળ ધપાવવાની પ્રેરણા આપે છે. આ નિર્ભયતા એ દૈવી સંપત્તિ છે. શ્રીમદ્ભગવદ્ગીતાના 16મા અધ્યાયનું નામ છે 'દૈવ - આસુર સંપદ્ વિભાગ યોગ.' જ્યાં પહેલા શ્લોકનો પહેલો જ શબ્દ છે. '' '' ભગવાન સ્વામિનારાયણે તેથી જ 'અભય' થવાં વચનામૃત મધ્ય 33માં કહ્યું છે કે 'અખંડ એવું મનન કરવું જે 'હું આત્મા છું, દેહ નથી.' જેમ રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જૂની યજ્ઞોપવીતનો ત્યાગ કરી નવી યજ્ઞોપવીત ગ્રહે ત્યારે પ્રસન્ન હોય છે તેમ આ દેહ પણ આપણે ધારણ કર્યો છે, હવે એનો ત્યાગ કરવાનો છે તો એમાં ભય શાનો ? અને તેને જ વધું સ્પષ્ટ કરતાં ભગવાને વચનામૃત શાસ્ત્રમાં સૂચવ્યું છે કે 'મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે, માટે ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે.' તો 'ઉપાસના' એટલે શું ? એ વાતને 'આધુનિક યુગની ભગવદ્ગીતા' તરીકે દરજ્જો પામેલા ગ્રન્થ 'સત્સંગદીક્ષા'માં કહેવાયું છે કે શાસ્ત્રોક્ત સાધુતાનાં લક્ષણવાળા ગુરુનો સંગ એ જ ઉપાસના. જેથી 'મહાભય મૃત્યુ' થકી પણ અભયતા મળે છે તો અન્ય ભયની શી વિસાત ? વિશ્વવન્દનીય વિભૂતિ પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એકવાર વિદેશ જતા હતા ત્યારે અમુક ભક્તો-ભાવિકોએ કહ્યું 'બાપા ! પ્લેનમાં જવાનું માંડી વાળી આપણે અન્ય ઉપાય કરીએ. કારણકે આતંકવાદીઓએ હુમલો કરવાની ધમકી આપી છે.' અને આથી ઘણા યાત્રિકોએ પણ જવાનું અવશ્ય માંડી વાળ્યુ હશે પરંતુ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું કે 'તમને આતંકવાદી પર વિશ્વાસ છે. શું ભગવાન પર નથી ? ભગવાન આપણી રક્ષામાં જ છે.' અને તેઓએ તે પ્લેન દ્વારા જ વિદેશ પ્રસ્થાન કર્યું ત્યારે સૌને 'સાક્ષાત્ નિર્ભયતા' નાં દર્શન થયાં. રાજસ કે તામસ કર્મો કરનારને મોત માટે ભય હોય છે. સાત્ત્વિક જનોને મોતથી કદાચ ભય નથી હોતો પરંતુ 'પછીથી શું ?' એ વિષય પર કલ્યાણનો વિશ્વાસ નથી હોતો ને 'શંકા રહે છે.' જ્યારે જેણે ખરેખર 'ગુણાતીત ગુરુ'નો પ્રસંગ કર્યો હોય તે 'નિર્ભય' બની જાય છે. કારણકે ગુણાતીત પુરુષ જ એક નિર્ભય હોય છે જે બીજાને નિર્ભય કરી શકે. જેમ ફાટેલ તુટેલ ઝુંપડીને ત્યજી કોઈ આલિશાન બંગલામાં જાય તો તેને શોક શાનો હોય ? તેમ આ લોક ને દેહને છોડી જે 'નિર્ભય અક્ષરધામ' ને પામવાનો હોય તેને ભય શાનો હોય ? તો ચાલો, નિર્ભયતાનાં પથને અપનાવીએ ગુરુનું શરણું સ્વીકારીએ.

■ પ્રકાશ જાની

# ચાણસ્મા તાલુકાના વાસણા તળાવની ગેરકાયદેસર રીતે ઉલેચી માટી લાખો રૂપિયા ઓળવી લેતા ભુમાફિયા



નીતિન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના ગલોલી વાસણા થી કુણઘેર રોડ પર આવેલ એક તળાવમાં છેલ્લા ૩ દિવસથી ભુમાફિયા દ્વારા લાખો રૂપિયાની માટી નું ગેરકાયદેશર રીતે ખનન કરી વેચાણ કરાઈ રહ્યું છે ત્યારે ચાણસ્મા મામલતદાર સહિત જિલ્લા નું ખાણ ખનીજ વિભાગ ના અધિકારીઓ જાણે મૂકપ્રેક્ષક બની રહ્યા છે ત્યારે હાલ માં ગલોલી વાસણા ની હદ માં આવતું કુણઘેર રોડ પર ના તળાવનું કોઈ ભુમાફિયા દ્વારા બિન કાયદેશર રીતે ખનન કરાઈ રહ્યું છે ત્યારે વહીવટી તંત્ર કોઈ કાર્યવાહી કરશે કે મુક પ્રેક્ષક બની જોઈ રહે છે જેવા અનેક સવાલો લોકો ઉઠાવી રહ્યા છે.

## અવસાન નોંધ



મૂળ રોહા સુમરીના હાલે માધાપર સ્થિત માતાજી ના ભોપી મુલબાઈ વાલજી બુદ્ધભટ્ટીનું 98 વર્ષની વયે અવસાન થતાં ઘેરા શોકની લાગણી ફેલાઇ હતી.

# કોળી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ | દાહોદ

સમસ્ત કોળી સમાજ દાહોદ જિલ્લા અને અખિલ ભારતીય કોળી સમાજ દાહોદ તથા કોળી કર્મચારી મંડળ દાહોદ જિલ્લા આયોજિત દ્વિતીય સરસ્વતી સન્માન સમારંભ કાર્યક્રમ પરમ પૂજ્ય મહામંડલેશ્વર 1008 ઋષિ ભારતી બાપુની અધ્યક્ષતામાં લીમખેડા તાલુકાની યજમાનીમાં હાથીધરા ખાતે યોજાયો. વિદ્યાર્થી સરસ્વતી સન્માન સમારંભ કાર્યક્રમમાં સમગ્ર દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓના SSC/HSC બોર્ડના 180 જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું મહેમાનોના હસ્તે સન્માન પત્ર તથા ટ્રોફી આપીને સન્માન કરવામાં આવ્યું હતું.સાથે - સાથે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર કોળી સમાજના તેજસ્વી પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવનાર 40 જેટલા ભાઈઓ બહેનોનું પણ કાર્યક્રમમાં સમાજ રત્ન એવોર્ડ આપી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાહોદ જિલ્લાના



લોકલાડીલા સાંસદ સભ્યશ્રી જશવંતસિંહ ભાભોર,રાષ્ટ્રીય હિન્દુ યુવા સેના ગુજરાત પ્રદેશનાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ધ્રુવ બાપુ હાજર રહીને કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન તથા પ્રેરણા પૂરી પાડી હતી.અને સૌ તેજસ્વી તારલાઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.કાર્યક્રમમાં કોળી કર્મચારી મંડળનાં હોદ્દેદારો,અખિલ ભારતીય કોળી સમાજના હોદ્દેદારો,સમાજના વડીલો,યુવાનો,ભાઈઓ-બહેનો, શિવાજી સેનાનાં હોદ્દેદારો,વિવિધ સંગઠનના હોદ્દેદારો,ગૌ રક્ષક સંઘના સભ્યો હાજર રહ્યા હતા.

# કેન્સર પર જીત માટે વૈશ્વિક નિષ્ણાંતો સાથે સહયોગ અને જ્ઞાનના આદાનપ્રદાનને પ્રોત્સાહન

(એજન્સી) મુંબઈ | તા. 09

અપોલો કેન્સર સેન્ટર્સ, મુંબઈ દ્વારા આયોજિત અપોલો કેન્સર કોન્ક્લેવની સાતમી એડિશનનો આજથી પ્રારંભ થયો હતો જેમાં 2,000થી વધુ ઓન્કોલોજીસ્ટ અને અગ્રણી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાનોના 400થી વધુ ફેકલ્ટી, કેન્સર કેર નિષ્ણાંતો અને સંશોધકો ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમ કેન્સર કેરમાં થયેલા નવીન સુધારા અને ઈનોવેશન પરની ચર્ચા પર અને સમકાલિન સારવારથી માંડીને પ્રિસિઝન ઓન્કોલોજીમાં ઊભરતા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. 8થી 10 નવેમ્બર સુધી યોજાનાર આ કોન્ક્લેવ પેનલ ડિસ્કશન,



વર્કશોપ્સ અને રિસર્ચ પ્રેઝન્ટેશનમાં જોડાતા હેલ્થકેર પ્રોફેશનલ્સ માટે એક ડાયનેમિક પ્લેટફોર્મ પૂરું પાડે છે. મુખ્ય વક્તા અને બીજા અનેક સેશન્સ સ્થાપિત અને ઊભરતી કેન્સર કેર સારવારો અને મેનેજમેન્ટ સ્ટ્રેટેજી અંગે અમૂલ્ય આંતરદ્રષ્ટિ પૂરી પાડે છે. અંગો સંબંધિત સાત સાયન્ટિફિક ટ્રેક્સ, 100થી વધુ સેશન્સ અને અનેક ઈન્ટરેક્ટિવ ચર્ચાઓ સાથે અપોલો કેન્સર કોન્ક્લેવ ઓન્કોલોજીમાં પાયાના કાર્યક્રમ તરીકે દ્રઢપણે સ્થાપિત છે. કેન્સર સામે વધુ અસરકારક રીતે અને સહાનુભૂતિ સાથે લડવા માટે સમર્પિત ઓન્કોલોજી સ્પેશિયાલિસ્ટ્સ માટે હવે તે હેલ્થકેર કેલેન્ડરમાં એક નિશ્ચિત સ્થાન બનાવી ચૂકી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ખાતે ઈન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર (આઈએઆરસી)ના ડિરેક્ટર ડો. એબિસાબેટ વેઈડરપાસે જણાવ્યું હતું કે "આઈએઆરસીના 2022ના અંદાજો દર્શાવે છે કે વૈશ્વિક કેન્સર ભારણ 2022માં 20 મિલિયન નવા કેસોથી વધીને 2050 સુધીમાં 35 મિલિયન સુધી પહોંચે તેવી સંભાવના છે અને તે ઓછી તથા મધ્યમ આવક ધરાવતા દેશોને મુખ્ય અસર કરશે. ભારતમાં કેન્સરનું ભારણ 2022માં 1.41 મિલિયન નવા કેસોથી વધીને 2050માં 2.69 મિલિયન કેસો સુધી પહોંચવાની સંભાવના છે.

# પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી,પાલનપુર દ્વારા વાહનના પસંદગીના નંબરો માટે રી-ઓકશન યોજાશે

માહિતી બ્યુરો,પાલનપુર

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,પાલનપુરમાં LMV (ફોર વ્હીલર) નોન ટ્રાન્સપોર્ટની નવી સીરીઝ GJ 08 DM 0001 TO 9999 તેમજ ટ્રાન્સપોર્ટ વાહનોમાં HGV માટેની નવી સીરીઝ GJ 08 AY 0001 TO 9999 (ગોલ્ડન અને સીલ્વર નંબરો) ની ફાળવણી માત્ર ઓકશનથી જ કરવાની હોઈ પસંદગીનો નંબર ઈ-ઓકશનથી મેળવવા માટે તા-૨૦/૧૧/૨૦૨૪ ના રોજ નકકી કરવામાં આવેલ હોઈ અરજદારે જે તે નંબર માટેની અરજી કરવા માંગતા હોય તેઓએ વર્ગીકૃત નંબરની નકકી કરી Parivahan.gov.in પર FANCY NUMBER માટે ઓનલાઈન પ્રોસેસ કરવાની રહેશે. આર.ટી.ઓ. કચેરી પાલનપુર દ્વારા તમામ ફોર વ્હીલર (LMV) નોન ટ્રાન્સપોર્ટ તેમજ ટ્રાન્સપોર્ટ HGV વાહનોના વાહન માલિકોને જણાવવામાં આવે છે કે, LMVની નવી સીરીઝ GJ 08 DM 0001 TO 9999 તેમજ HGV ટ્રાન્સપોર્ટ વાહનોની નવી સીરીઝ GJ 08 AY 0001 TO 9999 તા-૨૦/૧૧/૨૦૨૪ ના રોજ શરૂ કરવામાં આવનાર છે.જે માટે તા-૧૫/૧૧/૨૦૨૪ થી તા-૧૮/૧૧/૨૦૨૪ સુધી AUCTION માટે ONLINE CNA ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાના તેમજ એપ્લીકેશન કરવાની રહેશે.તા-૧૮/૧૧/૨૦૨૪ થી તા-૨૦/૧૧/૨૦૨૪ ના રોજ AUCTION નું બિડીંગ ઓપન થશે.તા-૨૦/૧૧/૨૦૨૪ ના રોજ રજીસ્ટ્રેશન ફોર્મ તથા CNA ફોર્મ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# બે સેકન્ડમાં જ મોત...

## સુરતમાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં 51 વર્ષીય પ્લેયર પાણી પી થોડું ચાલ્યો; બાદમાં ઘૂંટણિયે બેસતાં જ ઢળી પડ્યો, હાર્ટ-એટેકની આશંકા...



(એજન્સી) સુરત | તા. 09

કહેવાય છે મોત આવવાનો કોઈ સમય નથી હોતો. આવી જ એક ઘટના સુરત શહેરના રાંદેર વિસ્તારમાં બની હતી. જ્યાં ક્રિકેટ રમતી વખતે 51 વર્ષીય આધેડ પાણી પીધા બાદ થોડું ચાલીને દુખાવો Tપડતાં ઘૂંટણિયે બેઠા હતા. જે બાદ બે સેકન્ડમાં જ તેઓ ઢળી પડતા મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. બાદમાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મકસુદભાઈનું મોત હાર્ટ-એટેક કારણે થયું હોવાની આશંકા ડોક્ટરો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

સુરતના રાંદેરમાં સુલતાનિયા જિમખાના ગ્રાઉન્ડ પર પટની સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચાલુ મેચ દરમિયાન નાનકડો બ્રેક આવતા તમામ ખેલાડીઓ ગ્રાઉન્ડમાં ઊભા રહીને વાતચીત કરી રહ્યા હતા. આ મેચમાં 51 વર્ષીય મકસુદ અહમદભાઈ બૂટવાલા (મોન્ટુ સર) પણ રમી રહ્યા હતા. તેઓ પણ બ્રેકમાં સામાન્ય ખેલાડીની જેમ ઊભા રહીને અન્ય ખેલાડી સાથે વાત કરી રહ્યા હતા. જે બાદ એક બાળક તેમના માટે પાણી લઈને આવતા તેઓએ ઘૂંટણિયે બેસીને પાણી પીધું હતું. જે બાદ ઊભા થઈને બે-ચાર ડગલાં ચાલ્યા બાદ એકાએક ઘૂંટણિયે બેસી ગયા હતા અને બે સેકન્ડ બાદ ઢળી પડ્યા હતા.

ચાલુ ક્રિકેટ દરમિયાન મકસુદભાઈ એકાએક ઢળી પડતાં મેદાનમાં હાજર ખેલાડીઓએ તેઓને ઉઠાડવાનો પ્રયાસ કર્યો, પણ તેઓ ઊઠ્યા જ નહિ. જે બાદ મેચ જોવા આવેલા લોકો પણ ગ્રાઉન્ડમાં દોડી આવ્યા હતા અને તેઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ મકસુદભાઈને તપાસી મૃત જાહેર કર્યા હતા.

ચાલુ મેચમાં ઢળી પડવાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે, પહેલા મકસુદભાઈ પાણી મંગાવીને બ્રેક દરમિયાન પાણી પીતા નજરે ચડે છે. પાણી પીધા બાદ ચાર પગલાં આગળ ચાલીને જાય છે અને ગ્રાઉન્ડ પર બેસી જાય છે અને એકાએક ઢળી પડે છે. મકસુદભાઈ મોન્ટુ સરના નામથી ઓળખાતા હતા અને પોતાના ખાનગી ટ્યૂશન ક્લાસીસ ચલાવતા હતા. આ સાથે જ સમાજસેવા ક્ષેત્રે પણ લોકોની ઘણી મદદ કરતા હતા. તેઓના અચાનક મોતથી પરિવાર શોકમાં ગરકાવ થયો છે. તેઓનું મોત હાર્ટ-એટેકથી થયું હોવાની આશંકા સેવાઈ રહી છે.

---

### ન્યૂઝ કોર્નર

#### નવસારીમાં કેદી તરીકે સજા ભોગવતા યુવાનનું મોત

નવસારી | નવસારી શહેરના દાંડીવાડ વિસ્તારમાં રહેતો 27 વર્ષીય સંજય ધનસુખ નાયકા, જે કાચા કામના કેદી તરીકે સબ જેલમાં સજા ભોગવી રહ્યો હતો, તેનું સિવિલમાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ઈન્ચાર્જ જેલ અધિક્ષકના જણાવ્યાં મુજબ ભૂતકાળમાં આ યુવાનને દારૂ પીવાનું વ્યસન હતું, જેના કારણે તેની સારવાર સિવિલમાં ચાલુ હતી જે દરમિયાન તબિયત વધારે બગડી જતાં તેનું મૃત્યુ થયું હોવાનું કહેવાય છે.

સંજય નાયકાને મારામારીના ગુનામાં નવસારી સબ જેલમાં 5 નવેમ્બરના રોજ કેદી તરીકે લાવવામાં આવ્યો હતો. જેલમાં સજા ભોગવતા સમયે તેની તબિયત અચાનક ખરાબ થઈ હતી. તબીબી સારવાર માટે તેને 6 નવેમ્બરના રોજ નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

#### ચોકલેટ ખરીદવા ગયેલી બાળકી સાથે અડપલા કર્યાં

સુરત | સુરતના લિંબાયતમાં રહેતી 10 વર્ષની માસુમ બાળકી સાથે છેડતીનો બનાવ બન્યો છે. બાળકી ચોકલેટ લેવા માટે કરિયાણની દુકાને ગઈ હતી. તે વખતે દુકાનદારે બાળકીની એકલતાનો લાભ ઉઠાવી જાહેરમાં અડપલા કર્યા હતા. તેમજ બનાવ અંગે કોઈને વાત કરી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી બાળકીએ ઘરે જઈ પરિવારને સઘળી હકિકત જણાવતા પરિવારજનોએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે વેપારી સામે છેડતીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. 65 વર્ષીય આરોપી સબીર સમસુદ્દીન શેખ લિંબાયત મારૂતીનગરમાં રહે છે અને સમીર કરિયાણા સ્ટોરના નામે દુકાન ચલાવે છે. તેની દુકાનમાં 10 વર્ષની માસુમ બાળકી ચોકલેટ લેવા માટે ગઈ હતી. ત્યારે સબીરે માસુમ બાળકીનો એકલતાનો લાભ ઉઠાવી જાહેરમાં શારીરિક અડપલા કર્યા હતા.

---

### ટ્રકમાંથી કેમિકલના બેરલ ખાલી કરતાં અચાનક ભડકો થયો...!

# ગણદેવીમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં ભીષણ આગ: ત્રણ જીવતા ભૂંજાયા, ચાર ઈજાગ્રસ્ત, એકની હાલત ગંભીર...

(એજન્સી) નવસારી | તા.09

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના દેવસર ગામની નજીક આવેલા જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં આજે વહેલી સવારે ભીષણ આગની ઘટના સામે આવી હતી, જેમાં ટ્રાન્સપોર્ટના ગોડાઉનના મેનેજર સહિત ત્રણ લોકોનાં મોત થયાં છે, જ્યારે ચાર લોકો ઘાયલ થતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ ઘટના અંગે વિગતે વાત કરીએ તો ગણદેવી તાલુકાના દેવસર ગામની નજીક આવેલા જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં વહેલી સવારે ટ્રકમાંથી કેમિકલના બેરલ ખાલી કરતી વખતે અચાનક ભડકો થયો હતો અને આગ લાગી હતી. ગોડાઉનમાં મોટેભાગે કેમિકલ હોવાથી હોવાથી આગે ગણતરીની મિનિટોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું, જે આગ બાજુમાં આવેલી પ્લાસ્ટિક અને ફર્નિચરની દુકાનમાં પણ પ્રસરી ગઈ હતી.

દેવસર ગામની નજીક જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં આગ લાગ્યાનો કોલ મળતાં જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે ગણદેવી પાલિકાની ટીમ સાથે નવસારી-વિજલપુર, બીલીમોરા અને નવસારીમાંથી ફાયર ફાઈટરોની ટીમ દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો.



#### ફાયર સેફ્ટીના કોઈપણ સાધનો ઉપલબ્ધ નથી: ઈન્ચાર્જ ફાયર ઓફિસર

આ અંગે નવસારી-વિજલપુર નગરપાલિકાના ઈન્ચાર્જ ફાયર ઓફિસર કિશોર માંગેલાએ જણાવ્યું હતું કે અમને 9:24 વાગ્યે કોલ મળ્યો હતો. એ બાદ અમારી ટીમ તરત ઘટનાસ્થળે પહોંચી હતી. આગ કાબૂમાં આવી ગઈ છે. ત્રણ લોકોની ડેડબોડી મળી છે અને ચાર લોકોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અહીં ફાયર સેફ્ટીનાં કોઈપણ સાધનો ઉપલબ્ધ નથી. આ ઉપરાંત ગોડાઉનમાં એક્ઝિટનો અભાવ છે.

#### જેની બેદરકારી હશે તેની સામે કડક કાર્યવાહી કરાશે: ઈન્ચાર્જ પોલીસવડા

નવસારી જિલ્લાના ઈન્ચાર્જ પોલીસવડા કરણરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે ટ્રકમાં થિનર કેમિકલનાં બેરલ લઈ જતી વખતે એક બેરલમાં લીકેઝ થતાં આગનો બનાવ બન્યો હતો. આ આગની ઝપેટમાં બાજુની અન્ય બે દુકાન પણ આવી હતી. આ બનાવમાં ત્રણનાં મોત થયાં છે અને ચાર ઘાયલોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. FSLની ટીમને બોલાવવામાં આવી છે. આમાં ફાયર સેફ્ટીથી લઈને જે કોઈની બેદરકારી હશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.



#### નીચે કેમિકલ ઢોળાયેલું હોવાથી આગ ઝડપથી પ્રસરી: DySP

આ અંગે DySP ભગીરથસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ઘટનાની જાણ થતાં અમારો પોલીસ સ્ટાફ અને ફાયર ફાઈટરની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. ટ્રકમાંથી કેમિકલનાં બેરલ ખાલી કરતાં અચાનક આગ લાગી હતી અને નીચે પણ કેમિકલ ઢોળાયેલું હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી. ત્રણ ડેડબોડી બહાર કાઢી છે, જ્યારે ચાર ઈજાગ્રસ્તો છે, જેમાં એકને વધુ ઈજાઓ પહોંચી છે.

**હું બચાવવા જતો હતો ને અચાનક બ્લાસ્ટ થયો: સ્મિથ પટેલ :** આગને નજરે જોનાર સ્મિથ પટેલે જણાવ્યું હતું કે મારી દુકાન આગળ જ છે. મેં જેવી આગ જોઈ કે તરત હું બાઈક લઈને અહીં આવ્યો. મેં જોયું તો બધા ભાગતા હતા ,કોઈએ 108ને ફોન નહોતો કર્યો એટલે મેં સૌથી પહેલા 108ને ફોન કર્યો. અહીં બધા ભાગતા હતા, હું બચાવવા નજીક જતો હતો કે તરત જ એક બ્લાસ્ટ થયો, એમાં એક માણસ જીવતો ભૂંજાઈ જતાં મેં મારી નજરે જોયો. આગ એટલી વિકરાળ હતી કે આ ગોડાઉનનો જે શેડ હતો એનાથી 20 ફૂટ જેટલી ઉપર આગ જતી હતી. મેં ફોન કર્યા બાદ 108, પોલીસ અને ફાયર વિભાગ પણ તરત ઘટનાસ્થળે પહોંચ્યાં હતાં. મેં બચાવવાના ઘણા પ્રયત્ન કર્યા, પણ એટલા જોર જોરથી બ્લાસ્ટ થતા હતા કે હું બચાવી ન શક્યો. હજી બે દિવસ અગાઉ બુધવારે જ સુરતમાં સિટીલાઈટ વિસ્તારમાં આવેલા ફોર્ચ્યુન મોલમાં અમૃતયા સ્પા અને જિમ-11માં આગ લાગવાની ઘટના બની હતી. આગ જિમમાં લાગી હતી, પણ એનો ધુમાડો સ્પા સુધી પહોંચ્યો હતો. એને કારણે ગૂંગળામણથી 2 સ્પા ગર્લનાં મોત થયાં હતાં.

---

## હિટ એન્ડ રનમાં માલપુર તાલુકા કિસાન સંઘના મંત્રીનું મોત...

(એજન્સી) અરવલ્લી | તા. 09

માલપુરના ગલીયાદાતી પાસે સવારે 11 કલાકના અરસામાં મોંઘી દાટ ગાડીથી એક સર્જાયો હતો. જેમાં માલપુર તાલુકાના કિસાન સંઘના મંત્રીનું મોત નીપજ્યું હતું. જે બાદ અકસ્માત સર્જી કારચાલક કાર લઈ ફરાર થઈ ગયો હતો. પોલીસે આરોપીને પકડવા માટે તપાસ હાથ ધરતા ટોલનાકાના CCTVમાં અકસ્માત સર્જનાર કાર દેખાતા પોલીસે CCTV આધારે તપાસ હાથ ધરી આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. માલપુરના રૂઘનાથપુરના વતની અને માલપુર તાલુકા કિસાન સંઘ મંત્રી મહેશ મુલા પટેલ પોતાની જમીન કૃષ્ણપુરા પાસે આવેલી હોવાથી ખેતીકામ માટે પોતાનું એક્ટિવા લઈ જતા હતા. એવામાં પાછળથી પૂરપાટ ઝડપે આવતી ઓડી કારના ચાલકે મહેશ પટેલને પાછળથી જોરદાર ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. ટક્કર વગતાની સાથે એક્ટિવા લઈને જઈ રહેલા મહેશ પટેલ નીચે પટકાયા હતા. આસપાસથી લોકો અને અન્ય વાહન ચાલકો દોડી આવ્યા અને 108ને કોલ કરતા 108 પણ આવી પહોંચી અને મહેશ પટેલની તપાસ કરતા તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ઓડી કારચાલક કાર લઈ ફરાર થયો હતો.

## વડોદરાથી અમદાવાદ જતી ઈલેક્ટ્રીક બસમાંથી બંદુક સાથે ચાર્જિંગ ઓપરેટર ઝડપાયો, હથિયાર આપનાર વૉન્ટેડ...

(એજન્સી) વડોદરા | તા. 09

વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહેલી ઈલેક્ટ્રીક ST બસમાં બેઠેલા એક યુવક પાસેથી પરવાના વગરની પિસ્તોલ મળી આવતા ચકચાર મચી ગઈ છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ શખસ અમદાવાદના કૃષ્ણનગર ST ડેપોમાં ચાર્જિંગ ઓપરેટર તરીકે નોકરી કરે છે અને તેને કૌટુંબિક દ્વેષ હોવાથી આ પિસ્ટોલ ખરીદી હતી. જોકે, ફતેગંજ પોલીસે આરોપીને ઝડપી પાડતા એક ક્રાઈમ થતો અટકી ગયો છે. પોલીસે આરોપી વિશ્વજીતસિંહ પરમારની ધરપકડ કરી છે અને પિસ્ટોલ આપનાર દિલીપ રાઠવાની શોધખોળ શરૂ કરી છે. ગઈકાલે 8 નવેમ્બરના રોજ ફતેગંજ પોલીસ સ્ટેશનના ASI નિલેશ રમણભાઈને બાતમી મળી હતી કે, વડોદરાથી અમદાવાદ તરફ જતી સરકારી ઈલેક્ટ્રીક બસમાં બેઠેલ પેસેન્જર કાળા કલરની સ્કૂલ બેગમાં પિસ્તોલ જેવું હથિયાર સાથે લઈને અમદાવાદ તરફ જવા માટે નીકળ્યો છે.



થોડીવારમાં બસ પંડ્યા બ્રિજ પાસેથી પસાર થનાર છે. આ બાતમીના આધારે ફતેગંજ પોલીસની ટીમ પંડ્યા બ્રિજ પોલિટેક્નીક ગેટ પાસે છુટા-છવાયા ઉભા રહ્યા હતાં. સાંજે 4 વાગ્યે કેસરી કલરની ઈલેક્ટ્રીક બસ પંડ્યા બ્રીજ તરફથી આવતી જણાઈ હતી, જેથી તે બસને પોલીસે પોલિટેક્નીક ગેટની બાજુમાં ઉભી રખાવી હતી.

પોલીસે બસમાં જોઈને ખાત્રી કરતા તપાસ કરતા બાતમી વિશ્વજીતસિંહ ઉર્ફે ક્રિપાલસિંહ અજીતસિંહ પરમાર (ઉ.વ.29), (રહે.યમુનાનગર સોસાયટી, સાનીલ સ્કૂલની બાજુમાં, નવા નરોડા, અમદાવાદ, મુળ રહે. પરમાર ફળીયુ ગામ- ગાંગડ તા. બાવળા જિ.અમદાવાદ) મળી આવ્યો હતો. તેની કાળા કલરની સ્કૂલબેગ તપાસતા તેમાંથી દેશી હાથ બનાવટની પિસ્તોલ મળી આવી હતી અને તેને લોડ અનલોડ કરતા ખાલી હોવાનુ જણાયું હતું. તેની પાસે 10000 રૂપિયાની કિંમતની પિસ્તોલ રાખવા બાબતનો કોઈ પરવાનો નહીં હોવાનુ જણાવ્યું હતું. ઈલેક્ટ્રીક બસનો ડ્રાઈવર દિલીપ રાઠવા મકરપુરાથી કેવડીયા તથા મકરપુરાથી અમદાવાદ તરફની ST બસ ચલાવે છે, તેણે 35 હજાર રૂપિયામાં પિસ્તોલ વિશ્વજીતસિંહ ઉર્ફે ક્રિપાલસિંહ પરમારને વેચી હતી.

---

**બ્રેકિંગ ન્યૂઝ**

### જામનગરના મસિતીયા ગામની સીમમાંથી જુગારધામ ઝડપાયું

જામનગર | મસીતીયા ગામના સીમ વિસ્તારમાં ધમધમતું જુગારધામ પોલીસે ઝડપી પાડ્યું હતું. જુગાર રમી રહેલા 12 શખ્સોને રોકડ રકમ, મોબાઈલ ફોન અને કાર સહિત રૂા.7.84 લાખના મુદ્દામાલ સાથે પંચ બી પોલીસે દબોચી લીધા હતા. જામનગર તાલુકાના મસીતીયા ગામની સીમ વિસ્તારમાં આવેલી હાજીભાઈ ઓસમાણભાઈ ખફીની વાડીમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પંચકોશી બી ડિવિઝન પોલીસે દરોડો પાડતા બલ્બના જુગાર રમી રહેલા પાસેથી એક કાર સહિત રૂા.6,84,900નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા કલમ-12 મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગાંધીધામમાં ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલાયો

કચ્છ (ભુજ) | ગાંધીધામના મચ્છુનગર વિસ્તારમાં આવેલા બંધ મકાનમાંથી એક દિવસ પૂર્વે કોઈ અજાણ્યા ઈશમેં રાત્રી દરમ્યાન દરવાજો તોડી ઘરમાં રહેલા કબાટમાંથી 6.64 લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. શહેર બી ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે ઝીણવટભરી તપાસ હાથ ધરી ટેક્નિકલ સર્વેલન્સની મદદથી ચોરીને અંજામ આપનાર આરોપીની ખારી રોહર ગામથી અટકાયત કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ બનાવમાં ચોરાયેલો તમામ મુદ્દામાલ કબ્જે કર્યો છે.

---

## અમરેલીના રાજુલાના ચોત્રામાં મોમાઈ માતાના મંદિરમાંથી તસ્કરો આખી દાન પેટી ઉઠાવી ગયા

(એજન્સી) અમરેલી | તા. 09

અમરેલી જિલ્લામાં તસ્કરો હવે મંદિર પણ છોડતા નથી અત્યાર સુધી ઘર દુકાનો શોરૂમ બેન્ક જેવી જગ્યા ઉપર ચોરીના બનાવો સામે આવતા હતા પરંતુ હવે તો મંદિરોમાં તસ્કરો પોહચી રહ્યા છે રાજુલા તાલુકાના ચોત્રા ગામ નજીક આવેલ રોડ ઉપર મોમાઈ માતાજીના મંદિરમાં રાત્રીના 2 અજાણીયા ચોરો મોઢે બાંધી બુકાનીધારી બનીને માતાજીના મંદિરમાં ત્રાટકયા ધીરે ધીરે ચારે તરફ રેકી કરી જોય રહ્યા છે. સુમસામ વાતાવરણમાં અંદર આવી રહ્યા છે તસ્કરોને દાનપેટી ટાર્ગેટ હોવાને કારણે આખી દાનપેટીની ઉઠાંતરી કરી રહ્યા છે.આ ઘટના બાદ મંદિરમાં સેવા પૂજા કરતા પુજારી પ્રકાશભાઈ મનુભાઈ રામપ્રસાદએ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસએ તાત્કાલિક અજાણીયા ઈસમો સામે ચોરી થયાની ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે. રાજુલા પોલીસ સ્ટેશનમા



રૂ.50,000 ઉપરાંતની ચોરી થયાની ફરીયાદ નોંધાતા રાજુલા પોલીસ,લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમો ઘટના સ્થળે પોહચી તપાસ હાથ ધરતા સીસીટીવી કેમેટના ફૂટેજની ચકાસણી કરતા 2 ઈસમો લાઈવ ચોરી કરવા આવી રહ્યા છે અને મંદિરની દાનપેટી ઉઠાવી લઈ રહ્યા છે તે ઘટનાક્રમ કેદ થયો છે તેના આધારે આરોપીઓની ઓળખ કરવા માટે પોલીસ અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી કેટલાક લોકોની પૂછ પરછ શરૂ કરી છે.

## માંગરોળ ગેંગરેપ કેસને પ્રાયોરિટીમાં ચલાવવા HCનું સૂચન : 11 નવે.થી ફાસ્ટટ્રેક કોર્ટમાં ડે ટુ ડે હિયરિંગ શરૂ થશે

(એજન્સી) સુરત | તા. 09

સુરતના માંગરોળ ગેંગરેપ કેસમાં હવે 11મી નવેમ્બરથી ડે ટુ ડે હિયરિંગ શરૂ થશે. ગેંગરેપ કેસમાં 3 આરોપી વિરુદ્ધ કોર્ટે ચાર્જફ્રેમ કર્યો છે, સાથે મહત્ત્વની વાત છે કે હાઈકોર્ટે નોટિફિકેશન મોકલીને આ કેસને ફાસ્ટટ્રેક કોર્ટમાં પ્રાયોરિટી પર ચલાવવા માટે સૂચન કર્યું છે.

માંગરોળ ગેંગરેપ કેસમાં માત્ર 15 દિવસમાં ગ્રામ્ય પોલીસ દ્વારા 3000 પાનાંની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી, જેમાં કોર્ટે ચાર્જફ્રેમ કર્યા છે. સગીરા સાથે ગેંગરેપ આચરનાર ત્રણ આરોપી પૈકી એકનું મોત નીપજ્યું છે, જ્યારે બે આરોપી વિરુદ્ધ 11મી નવેમ્બરથી ડે ટુ ડે હિયરિંગ શરૂ થશે. આ કેસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર નયન સુખડવાલાની નિમણૂક કરવામાં આવી છે.

આ કેસમાં બીએનએસની સેક્સન 72 (2)માં જે જોગવાઈ છે એને પણ આવરી લેવામાં આવી છે, જેથી આરોપીઓને સખત સજા થાય. કેસમાં 60થી વધુ શાહેદોનાં નિવેદન લેવાયાં છે. 3000 પાનાંની ચાર્જશીટમાં 467 મુખ્ય પાનાં છે. આ કેસમાં 19 અલગ અલગ સેક્શન હેઠળ પોલીસે ચાર્જશીટ રજૂ કરી છે.

સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે માંગરોળમાં જે ગેંગરેપનો બનાવ બન્યો એ કેસમાં પોલીસે ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરી હતી. પ્રોસિક્યુશન દ્વારા હાલમાં દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ રજૂ કરવામાં આવ્યું હતું. નામદાર કોર્ટ તરફથી આરોપી વિરુદ્ધ તહોમતનામું પણ ઘડવામાં આવ્યું છે. આ કેસમાં કુલ 96 દસ્તાવેજી પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે.

સાથે તેમણે જણાવ્યું હતું કે નામદાર હાઈકોર્ટ દ્વારા નોટિફિકેશન મોકલી સૂચના આવી છે એ મુજબ આ કેસને પ્રાયોરિટીમાં ડે ટુ ડે હિયરિંગ કરવામાં આવે એના પૂરતા પ્રયત્નો પ્રોસિક્યુશન તરીકે અમે કરવાના છીએ. આરોપી તરફથી લીગલ એડમાંથી વકીલ ફાળવવામાં આવ્યા છે તે આરોપીના કેસ લડશે.

આ ગેંગરેપ કેસ અંગે વાત કરીએ તો 8 ઓક્ટોબરની રાત્રે 10:45થી 11:15 વાગ્યાની વચ્ચે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારના મોટા બોરસરા ગામની સીમમાં ખેતરમાં અવવારૂ જગ્યાએ એક 17 વર્ષ અને 4 મહિનાની સગીરા તેના મિત્ર સાથે બેઠી હતી. જ્યાં આ ત્રણેય નરાધમ એવા મુન્ના કરબલી પાસવાન અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયા અને રાજુ બાઈક પર આવ્યા હતા. પહેલા તો તેમણે આવીને અહીં કેમ ઊભાં છો? એમ કહીને ધમકાવ્યા હતા અને બાદમાં માર મારવાનું શરૂ કર્યું હતું. બંનેના મોબાઈલ પણ નરાધમોએ લઈ લીધા હતા.

ત્યારબાદ તરુણ અને સગીરા બંનેનાં કપડાં ઊતરાવી તેમના ફોનમાં નગ્ન ફોટો પાડી લેવામાં આવ્યા હતા. આ ફોટો વાઈરલ કરવાની નરાધમોએ ધમકી આપી હતી અને સગીરાને પોતાની સાથે શરીર સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. જોકે જે-તે સમયે તરુણ અને સગીરા બંને નરાધમોને વશ થયાં નહોતાં અને ત્યાંથી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો.

## ભાવનગરમાં જલારામબાપાની જન્મ જયંતિની ઉજવણી કરાઇ

(એજન્સી) ભાવનગર | તા.09

રામ નામ મે લીન હૈ, દેખત સબ પે રામ... તેમજ જ્યા ટુકડો ત્યાં હરિ ઢુકડોના મહામંત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરનાર સૌરાષ્ટ્રવાસીઓના શ્રદ્ધેય વિશ્વ વંદનીય સંત શિરોમણી પરમ પૂજ્ય જલારામબાપાની ૨૨૫ મી જન્મ જયંતિની ગોહિલવાડમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસપુર્ણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અત્ર, તત્ર અને સર્વત્ર મહાપૂજન, ધ્વજાપૂજન-અર્ચન,અન્નકુટના દર્શન, સત્સંગ અને શોભાયાત્રા સહિતના કાર્યક્રમો સાથે સેવાકીય અને આરોગ્યલક્ષી પ્રવૃતિઓ હાથ ધરાઈ હતી.જલારામ મંદિરોમાં જાણે કે બીજી દિવાળી હોય તેવો અનેરો માહોલ જોવા મળ્યો હતો. ભાવનગર શહેર અને જિલ્લામાં લાખો શ્રધ્ધાળુઓની અનન્ય શ્રધ્ધા અને આસ્થાના કેન્દ્ર સમાન સંત શિરોમણી પરમ પૂજ્ય જલારામબાપાની જન્મજયંતિની ભક્તિમય માહોલમાં આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વેળા ચોમેર જય જલિયાણનો ગગનભેદી જયઘોષ ગુંજી ઉઠયો હતો. તમામ જલારામ મંદિરોમાં અને રઘુવંશી પરિવારોએ તેમના ઘરના આંગણે કલાત્મક રંગોળીની સાથે ચિત્તાકર્ષક સુશોભન અને શણગાર કરીને પૂ.બાપાના જન્મદિનના હરખભેર વધામણા કર્યા હતા. આ નિમીત્તે શહેરના આનંદનગર, વિઠ્ઠલવાડી, ખારગેટમાં જલારામધામ, લોહાણા મહાજનવાડી, વ્રજ વિહાર હોલ, લોહાણા બોર્ડિંગ તેમજ કાળીયાબીડના સદગુરૂ આશ્રમ સહિતના અનેકવિધ સ્થળોએ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

### ન્યુઝ ફ્લેશ

#### આણંદ જિલ્લામાં નવેમ્બર મહિનામાં મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કરાશે

આણંદ | આણંદ જિલ્લામાં નવેમ્બર મહિનામાં મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે. આ ખાસ ઝૂંબેશ અંતર્ગત તા. ૧૭, ૨૩ અને ૨૪મી નવેમ્બર ત્રણ દિવસ દરમિયાન આણંદ જિલ્લાના તમામ મતદાન મથકો ઉપર બીએલઓ દ્વારા ફોર્મ સ્વીકારવામાં આવશે. તા. ૨૮મી સુધી મતદાર યાદીમાં નામ નોંધવા, સુધારા-વધારા તથા કમી કરવા અંગેના ફોર્મ મામલતદાર કચેરીએ સ્વીકારવામાં આવશે. ચૂંટણીપંચ દ્વારા તા.૦૧ જાન્યુઆરી - ૨૦૨૫ના રોજ મતદાન માટે લાયક થયેલા નાગરિકો માટે ફોટાવાળી મતદારયાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરેલો છે.

#### મહુન્દ્રા પાસે ડાલામાંથી દારૂ બિયરનો જથ્થો પકડાયો બુટલેગર ફરાર

ગાંધીનગર | ગાંધીનગર શહેર નજીક ચિલોડા હિંમતનગર હાઈવે ઉપર પોલીસે બાતમીના આધારે દારૂ ભરેલા ડાલાને ઉભા રહેવા ઈશારો કર્યો હતો પરંતુ તેના ચાલકે ભગાડી દઈને આગળ રસ્તામાં મૂકીને નાસી છૂટયો હતો. પોલીસે આ ડાલામાંથી દારૂ અને બિયરનો જથ્થો મળી કુલ ૪.૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને ફરાર બુટલેગરની શોધખોળ શરૂ કરી હતી.રાજ્યમાં દારૂબંધી હોવા છતાં પર પ્રાંતમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે અને તેમાં પણ ચિલોડા હિંમતનગર હાઈવેનો દારૂની હેરાફેરી માટે ખૂબ જ ઉપયોગ થઈ રહ્યો છે.

#### પાન્ધ્રો- લૈયારી વચ્ચે બે કાર સામ-સામે ભટકાતાં મહિલા સહિત 6 ઘાયલ

ભુજ | લખપત તાલુકાના પાન્ધ્રોથી લૈયારી ગામ વચ્ચે ગોલાઈ પર ધડાકા સાથે બે કાર અથડાતાં મહિલા અને બાળકી સહિત છ લોકોને વતી ઓછી ઈજાઓ પહોંચી હતી. ઘાયલોને સારવાર માટે નખત્રાણા અને ભુજ ખસેડવામાં આવ્યા હતા. નારાયણ સરોવર પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ અકસ્માતનો બનાવ બપોરે બે વાગ્યાના અરસામાં બન્યો હતો. પોરબંદરના આદિત્યાણા ખાતે રહેતો પરિવાર માતાનામઢ દર્શન કરીને એક્સયુવી કારમાં નારાયણસરોવર જઇ રહ્યો હતો. ત્યારે પાન્ધ્રો અને લૈયારી વચ્ચે વારછાદાદાના મંદિરની ગોલાઈમાં સામેથી આવતી અચાનક વેગનઆર કાર આવી જતાં બન્ને કાર સામ-સામે ધડાકાભેર અથડાઇ પડી હતી. જેમાં એક્સયુવી કારમાં સવાર પોરબંબરના પરિવારના મહિલા અને બાળકી મળી ચાર વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. જ્યારે સામે વેગનઆરમાં સુરતના બે વ્યક્તિઓને ઈજા પહોંચી હતી.

### પિતાએ યુવાનની માતાની સોનાની બુટ્ટી શખ્સને આપી દીધી હતી

## વ્યાજે લીધેલા નાણાંની ઉઘરાણીથી કંટાળેલા યુવાને ઝેરી દવા ગટગટાવી આયખું ટુંકાવ્યું

(એજન્સી) ભાવનગર | તા.09



વરતેજનાં બુધેલ ખાતે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા યુવાને ફટાકડાનો સ્ટોલ બનાવવા માટે શખ્સ પાસેથી ઉચા વ્યાજ દરે રૂપિયા લીધા હતા.યુવાન દર માસે વ્યાજની ચુકવણી કરતો હતો દરમિયાનમાં વ્યાજ સાથેના રૂપિયાની શખ્સે પઠાણી ઉઘરાણી કરી ગાળો આપી મારી નાખવાની ધમકીથી કંટાળી યુવાને ઝેરી દવા પી લેતા મોત નીપજ્યું હતું.

આ બનાવની જાણવા મળતી માહિતી મુજબ વરતેજનાં બુધેલ ખાતે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા જયેશભાઈ ભુપતભાઈ મકવાણા (ઉ.વ ૨૯ ) એ એક વર્ષ પહેલાં દિવાળી ઉપર ફટાકડાનો સ્ટોલ કરવા માટે સાગર આલગોતર (રહે. માલધારી સોસાયટી, ભરતનગર) પાસેથી રૂ.૩૦,૦૦ દસ ઉચા વ્યાજે લીધા હતા.અને જયશભાઈએ દર મહિને તેનું વ્યાજ ભરતા હતા.બાદ ગઈ સાતમ આઠમમાં સાગર આલગોતર પોતાના વ્યાજ સહીતાના કુલ રૂપીયા ૫૨,૦૦૦ આપી દેવા માટે જયેશભાઈને ગાળો આપી જોય લેવાની તેમજ મારવાની ધમકી આપી અવાર-નવાર પઠાણી ઉઘરાણી કરી હતી. તેમજ અમારા ઘરે આવીને જયેશભાઈના પિતા પાસે પણ આ પૈસાની પઠાણી ઉઘરાણી કરતો હતી.આ પઠાણી ઉઘરણીની બાઈક જયેશભાઇ નાં પિતા ભુપ્તભાઈએ પત્નીની સોનાની કાપ (બુટી) આ સાગરને આપી હતી . તેણે સોનુ બેન્કમાં મુકી રૂપીયા ૪૨,૦૦૦ ની ગોલ્ડ લોન લઈ વ્યાજ અને મુદ્દલ રૂપીયા વસુલ કરી લીધા હતા. અને બાકી રહેલા વ્યાજ સહીતાના રૂપીયા ૧૦,૦૦૦ ની જયેશભાઈ પાસે ફોનમાં તેમજ રૂબરૂમા મળી ગાળો આપી પૈસા નહી આપે તો જોય લેવાની અને માર મારવાની ધમકી આપી હતી.

જયેશભાઈને શારીરીક અને માનસીક ત્રાસ કંટાળી મજબુર બની જયેશભાઈએ ઘરે પડેલ ઝેરી દવા પી લીધી હતી. દરમિયાનમાં જયેશભાઈને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં જયેશભાઈનું મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે મૃતકના પિતા ભુપતભાઈ વેલજીભાઈ મકવાણાએ સાગર વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમા નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

## ખંભાતના મેળાની રાઇડ્સમાં બેઠેલી યુવતીનું અચાનક મોત

(એજન્સી) આણંદ | તા.09

ખંભાતના ચગડોળ ગ્રાઉન્ડ ખાતે આયોજિત લોકમેળામાં બ્રેક ડાન્સની રાઈડ્સમાં બેઠેલી યુવતીને અચાનક લોહીની ઉલટી થયા બાદ મોત નીપજ્યું હતું. મેળો માણવા આવેલા અન્ય એક વ્યક્તિનું પણ હાર્ટએટેકના કારણે મોત નિપજ્યું હોવાના અહેવાલ સાંપળ્યા છે. ત્યારે મંજૂરી વગર ૧૦ દિવસથી ચાલી રહેલા મેળાને અંતે પોલીસે બંધ કરાવ્યો હતો.ખંભાતના ચગડોળ ગ્રાઉન્ડ ખાતે લોક મેળો યોજવા માટે પાલિકા દ્વારા હરાજી કરવામાં આવી હતી. જોકે અનેક વિવાદોને લઈ હરાજી રદ થઈ હતી અને અંતે શરતોને આધીન ઠરાવ કરી લોકમેળો યોજવામાં આવ્યો છે. દરમિયાન તાજેતરમાં લોકમેળામાં બ્રેક ડાન્સ રાઇડ્સમાં બેઠેલી ખંભાત તાલુકાના ખટનાલ ગામની ભારતીબેન પટેલને અચાનક લોહીની ઉલટી થયા બાદ મોત થયું હતું. આ અંગે ખંભાત પોલીસે અપ મૃત્યુની નોંધ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અન્ય એક વ્યક્તિનું પણ રાઇડ્સમાં બેસવા દરમિયાન હાર્ટએટેકથી મોત થયું.

### એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ વચ્ચે

## ઇ-કેવાયસીની સઘન કામગીરીનો આદેશ તો થયો પરંતુ, ઓટીપી મેળવવામાં અડચણ

(એજન્સી) ભાવનગર | તા.09

આધાર અને રેશન ઈ-કેવાયસીની કામગીરી કરવા સરકારી તંત્રને કામે લગાડાયું છે. વધુમાં શિક્ષકોને પણ વધારાની કામગીરી સોંપી રોજે રોજ રિપોર્ટ મંગાવવામાં આવી રહ્યો છે. જો કે, આ કામગીરી સંપૂર્ણ ઓનલાઈન હોય એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. કારણ કે અડધો અડધ વસ્તી હજુ ઓનલાઈન શિક્ષણથી વિમુખ છે તેવા સંજોગોમાં શિક્ષકો પણ રોજિંદા માંડ દસના આંકમાં કામગીરી કરી રહ્યા હોવાનું જણાયું છે. સરકાર દ્વારા આરોગ્ય, કોર્પોરેશન સહિત શિક્ષણના કર્મચારીઓને પણ ઈ-કેવાયસીની કામગીરી સોંપવામાં આવી છે તો શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને ભણાવવાની સાથો સાથ વધારાની આ કામગીરી સોંપાતા વ્યાપક કચવાટ ફેલાવા પામ્યો છે અને જે-તે સંઘો દ્વારા આ કામગીરીનો વિરોધ પણ નોંધાવ્યો છે છતાં ઓનલાઈન આ કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવાના આદેશો થવા પામ્યા છે અને હાલના દિવાળીના વેકેશનમાં પણ શિક્ષકોને કામે વળગાડયા છે. વધારાની કામગીરી ભલે સોંપી પરંતુ આ ઓનલાઈન કામગીરીમાં પણ એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થઈતિ સર્જાતા માથાનો દુઃખાવો બન્યું છે. ગ્રામ્ય પંથકોમાં મોટાભાગના લોકો શિક્ષિત ન હોવાના કારણે ઈ-કેવાયસી કરનાર કર્મચારીને અનેક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. આધાર સાથે લીંક કરેલ મોબાઈલ નંબર જ ઈ-કેવાયસી માટે માન્ય હોય છે પરંતુ ઘણા અરજદારોએ મોબાઈલ નંબર જ બદલી નાખેલા હોય છે તો ક્યારેક મોબાઈલ પર ઓટીપી જ આવતા નથી અને જો કદાચ આવે તો અરજદાર આપતા નથી તો ક્યારેક રેશનકાર્ડમાં નામ જ ન હોવું, ફેમીલી પ્રોબ્લેમને કારણે નામ મળતું ન હોય કે કમી કર્યું હોય ત્યારે ઈ-કેવાયસી કરવા અગાઉની પ્રક્રિયા પણ પળોજણ માંગી લે છે. આવી સ્થિતિમાં ફોટો પાડી અપલોડ કરવાની પણ પ્રોસેસ હોય જેથી અરજદારને રૂબરૂ હાજર રહેવું પડતું હોય છે જેથી અંતરિયાળ ગામોમાંથી વાહન ભાડા ખર્ચીને પણ આ ઈ-કેવાયસી માટે આવવું-જવું પણ મુશ્કેલ બનતા કેટલાક અરજદારો પણ અનિચ્છા દર્શાવી રહ્યા હોવાનું શિક્ષકોએ જણાવ્યું છે. આમ ઓનલાઈન કામગીરીથી ઝડપી કામ કરવાના બદલે અનેક સમસ્યાઓ સામે આવી રહી છે. કર્મચારી અને અરજદાર બન્ને માટે દુઃખદાયક બની છે. આવી સ્થિતિમાં ઓનલાઇનની સાથો સાથ ઓફલાઈન કામગીરી પણ રાખવામાં આવે તો શિક્ષિત અને અશિક્ષિત બન્ને વર્ગ સચવાય જાય. જ્યારે શિક્ષકોનું કામ ભણાવવાનું હોય છતાં આ વધની કામગીરી સોંપી ૧૦૦ ટકાનો આગ્રહ રખાયો છે.



## વડોદરાથી ભરૂચ આવતી ગાડીમાંથી એમડી ડ્રગ્સ સાથે 3 આરોપી ઝડપાયા

(એજન્સી) ભરૂચ | તા.09

દિલ્હી - મુંબઈ એક્સપ્રેસ વે પરથી વડોદરાથી ભરૂચ તરફ આવતી ઈનોવા ગાડીમાં ડ્રગ્સનો જથ્થો લવાતો હોવાની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી ટેક્સી પાસિંગની ગાડી ઝડપી પાડી તેની તપાસ કરતા નશાકારક ૧૮૦ ગ્રામ એમડી ડ્રગ્સ ઝડપી પાડયું હતું. જેની કિંમત ૧૮ લાખ થાય છે. આ ઉપરાંત અંગજડતીમાં રોકડ વગેરે મળી ૨૦.૨૨ લાખના મુદ્દામાલ સાથે ૩ લોકોને પકડી લીધા હતા. દિલ્હી - મુંબઈ એક્સપ્રેસ વે ઉપર વડોદરાથી ભરૂચ તરફ સફેદ ઈનોવા ગાડીમાં કેટલાક ઈસમો માદક કેફી પદાર્થ લઈ વેચાણ માટે હેરાફેરી કરતા હોવાની બાતમી ભરૂચ તાલુકા પોલીસ મથકના પીઆઈ પ્રકૃતિ ઝણકાટને મળી હતી. તેઓએ પોલીસ સ્ટાફ સાથે એક્સપ્રેસ વે ઉપર વોચ ગોઠવી હતી. જે દરમિયાન શંકાસ્પદ ગાડીને રોકી તપાશી લેતા તેમાંથી ૧૮૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું હતું.



## દબાણો હટાવવા સામે વિરોધ : લોકોની આત્મવિલોપનની ચિમકી

(એજન્સી) આણંદ | તા.09

આણંદ સિટી સર્વે દ્વારા બોરસદ ચોકડીએ આવેલા ૫૦ વર્ષ જૂના ૩૫૦થી વધુ કાચા- પાકા દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાની નોટિસોથી ઝુંપડપટ્ટી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. ભાજપના ગઢ ગણાતા વોર્ડ નં.૧૨માં દબાણો તોડી નાખવા સામે ઝૂપડપટ્ટીના રહીશોએ વિરોધ કર્યો છે. આ દબાણો હટાવવામાં આવશે તો આત્મવિલોપન કરવાની ચિમકી પણ સ્થાનિક લોકોએ આપતા તંત્ર દોડતું થયું છે. આણંદ શહેરની બોરસદ ચોકડીએ આવેલા દશામા મંદિર પાસે રેલ્વે પાટાની એક બાજુ ૫૦ વર્ષ અગાઉ ઝુંપડપટ્ટીની શરૂઆત થઈ હતી. જે વર્ષો બાદ હાલ ૩૫૦થી વધુ ઝુંપડપટ્ટી વિસ્તારમાં ફેરવાઈ ગઈ છે. અગાઉ તત્કાલિન જિલ્લા કલેક્ટર દ્વારા પુલના નિર્માણ સમયે ઝુંપડપટ્ટી બાકરોલ નજીક સરકારી જમીનમાં સ્થળાંતર કરવાની યોજના પણ કરવામાં આવી હતી. જેનો કોર્ટમાં કેસ ચાલતા ૨૦૧૯માં સરકાર તરફી ચુકાદો આવ્યો હતો.



## વલ્લવપુરા ગામે સીસી રોડ બનાવ્યા વગર 83,900 ચૂકવી દેવાનો આક્ષેપ

(એજન્સી) નડિયાદ | તા.09

ઠાસરના વલ્લવપુરા ગામે પંચાયત દ્વારા ૧૫માં નાણાપંચમાંથી સીસી રોડ મંજૂર કર્યા બાદ સ્થળ પર કામગીરી કરવામાં આવી ન હોવાની ફરિયાદો ઉઠી છે. સીસી રોડ બનાવ્યા વગર જ રૂ. ૮૩.૯૦૦ ચૂકવી દેવાયા હતા. આ મામલે ગ્રામજનોએ તપાસ કરવાની અને જવાબદારો સામે કાર્યવાહી કાયદેસર કાર્યવાહીની માગણી કરી છે. તાલુકાના વલ્લવપુરા ગામના પટેલવાળા ફળિયાથી આંગણવાડી સુધી સીસી રોડનું કામ ૮૩.૯૦૦ રૂપિયાના ખર્ચે મંજૂર કરાયું હતું. ૨૦૨૨૨-૨૩માં મંજૂર કરાયેલા રોડની કામગીરી પૂર્ણ થઇ ગઇ હોવાનું દર્શાવ્યું હતું. જુલાઇ ૨૦૨૩માં સીસી રોડના ૮૩,૩૪૪ રૂપિયાનું ચૂકવણું કરી દેવાયું હતું.કાગળ પર જ કામ દર્શાવવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરાયો હતો. આ મામલે ગ્રામજનોએ ગ્રામ પંચાયતના જવાબદારોને રજૂઆતો કરી હતી અને જવાબદારોએ ઉદ્ધત વર્તન કર્યું હોવાનો પણ લોકોએ આક્ષેપ કર્યો છે.



## આંત્રોલીથી તોરણા ગામ તરફના ગરનાળાની દીવાલ તોડયા બાદ ન બની

(એજન્સી) કપડવંજ | તા.09

કપડવંજ તાલુકાના આંત્રોલીથી તોરણા તરફના રસ્તે નર્મદા કેનાલની સફાઈ કરવા સાથે રૂા. ૧૫ કરોડના ખર્ચે રિનોવેશન શરૂ કરાયું હતું. જેમાં ગરનાળાની દીવાલ તોડયા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા નહીં બનાવાતા હાલ અકસ્માતનો ભય છે. આ અંગે સપ્ટેમ્બરમાં રજૂઆત કરવા છતાં હજૂ તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

કપડવંજ તાલુકાના આંત્રોલીથી તોરણા તરફ જતા રસ્તા ઉપર નર્મદા યોજના નહેર વિભાગ દ્વારા નર્મદા કેનાલની સફાઈ કરી બંને સાઈડમાં પ્લાસટર કરી રીનોવેશનનું કામ શરૂ કરાયું છે. ત્યારે આ નહેર ઉપર ગરનાળું બનાવેલું હતું જેની સુરક્ષા દીવાલ તોડી હતી પરંતુ આ કામનાં કોન્ટ્રાકટરે નહેરના કામ અર્થે ગરનાળાની સુરક્ષા દીવાલ તોડી સમતલ કરી નાખ્યું છે. ત્યારે ગરનાળાની બંને બાજૂ દિવાલ નહીં હોવાથી વાહન ચાલક સહિત લોકો કે પશુઓ પડવાનો ભય રહેલો છે.

### પોલીસે ચાર માંથી બે શખ્સોને ઝડપી પાડયા હતા. બાકી બે ફરાર

## સાયબર ફ્રોડનો દેશવ્યાપી કૌભાંડનો મુખ્ય સૂત્રધાર મુંબઈથી ઝડપાયો

(એજન્સી) ગાંધીધામ | તા.09

ગાંધીધામના યુવાને તેના મિત્રોના બેંક ખાતાનો ઉપયોગ કરી દેશ વ્યાપી છેતરપિંડીનો કારસો ચલાવ્યો હોવાનું એક ફરિયાદ પરથી બહાર આવ્યા બાદ સંપૂર્ણ કૌભાંડ ખુલ્યું છે. સાયબર ક્રાઈમમાં આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે બનાવમાં ટૂંક સમયમાં સાયબર ક્રાઈમ પોલીસે ચાર માંથી બે શખ્સોને ઝડપી પાડયા હતા. જેમાં હવે બાકી બે ફરાર આરોપીઓને પણ પોલીસે મુંબઈ ખાતેથી ઝડપી લીધા છે. ગાંધીધામ સાઈબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, આરોપી નરેન્દ્ર કિશનભાઈ રાજપૂત મિત્રતાના નાતે પોતાના બેંક ખાતાની લિમિટ પૂરી થઈ ગઈ હોવાથી તેમજ તેના રૂપિયા આવવાના હોવાથી ૨-૩ દિવસ પૂરતું તેના બેંક ખાતાનો ઉપયોગ કરવા દેવા વિનંતી કરી હતી અને બેન્ક આફ કર્ણાટકમાં નવું ખાતું ખોલાવવા વિનંતી કરી હતી. જેમાં નવું સીમ કાર્ડ કઢાવીને તેના આધાર તથા પાન કાર્ડ પર બેન્ક ઓફ કર્ણાટકમાં નવું સેવિંગ એકાઉન્ટ ખોલવ્યું હતું. જેના થોડા દિવસ બાદ મિત્રના રૂપિયા આવશે તો જ મારા રૂપિયા છૂટા થશે તેવું કહીને ફરી તેને અને તેના મિત્રને નવા ખાતાની જરૂર પડી હોવાથી તેના દસ્તાવેજ પર બેન્ક ઓફ મહારાષ્ટ્રમાં બીજું ખાતુ ખોલાવ્યુ હતું. જે બાદ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું અને ખાતાની તપાસ કરતા તેમાં ૯૦ લાખથી વધુના ટ્રાન્ઝેક્શનઓ થયા હોવાની જાણ મળતા સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરવામાં આવતા ફરિયાદીના એકાઉન્ટ પર અલગ અલગ રાજ્યોમાંથી સાત ફરિયાદ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

### મગફળીના ઉંચા ભાવ બોલાતા ખેડૂતો હરખાયા

## ભાવનગર યાર્ડમાં મગફળીની રેકોર્ડબ્રેક, મહુવા સહિતના યાર્ડોમાં મબલખ આવક

(એજન્સી) ભાવનગર | તા.09

ઉજાશના મહાપર્વ દિપોત્સવીના તહેવારના મીની વેકેશન બાદ લાભપાંચમના પર્વથી ગોહિલવાડના તમામ માર્કેટીંગ યાર્ડોમાં ફરી વખત ખેત જણસની આવક જાવકનો ધમધમાટ ક્રમશ જામી રહ્યો છે.નવી મગફળીની આવકમાં દિન પ્રતિદિન ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે. નૂતન વર્ષના પ્રથમ દિવસે જ ગુજરાત રાજયમાં મગફળી ક્ષેત્રે અગ્ર સ્થાન ધરાવતા ભાવનગરમાં ચિત્રાના માર્કેટીંગ યાર્ડમાં ૩૬૧૨ ગુણી નવી મગફળીની નોંધપાત્ર આવક થઈ હતી.એટલુ જ નહિ સ્થાનિક સુત્રોના જણાવ્યા મુજબ તે દિવસે સૌથી વધુ નવ નંબરની મગફળીની જોરદાર આવક થઈ હતી. અને મણના ભાવ રૂા ૯૨૫ થી ૧૭૫૬ રહ્યા હતા. લાભ પાંચમથી દરરોજ વિવિધ યાર્ડોમાં નવી મગફળીની મબલખ આવક વધતી રહી છે. જેમાં તા.૮ નવેમ્બરને શુક્રવારે ફરી એક વખત ભાવનગર માર્કેટીંગ યાર્ડમાં નવી મગફળીની ધૂમ આવક થઈ હતી. જેમાં રેકોર્ડબ્રેક ૫૭૮૨ ગુણીનું વેચાણ કરાયુ હતુ. સારા ભાવ મળતા ખેડૂતો ગેલમાં આવી ગયા હતા અને હવે અન્ય ખેડૂતો પણ ભાવ.માર્કેટીંગ યાર્ડમાં માલ લાવવા ઉતારવાની રાહમાં છે તેમ ખેડુતોએ જણાવ્યુ હતુ. શુક્રવારે અત્રે નવ નંબરની શીંગની આવક ફરી એક વખત સર્વોપરી યાને ૩૦૯૧ ગુણી નોંધાઈ હતી અને તેના સૌથી ઉંચા ભાવ રૂા ૧૭૫૧ બોલાયા હતા. જ્યારે શીંગ નં.૩૯ ની ૧૨૫૧ ગુણીની આવક થઈ હતી. અને તેના સૌથી ઉંચા ભાવ રૂા ૧૧૬૨ બોલાયા હતા.જ્યારે શીંગ નં.૫ ની ૨૬૨ ગુણી, શીંગ નં.૨૦ ની ૩૭૫ ગુણી,શીંગ નં.૩૨ ની ૫૯૦ ગુણીની આવક નોંધાઈ હતી.જ્યારે ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટીંગ યાર્ડમાં પણ લાભપાંચમના મંગલ મુર્હૂતથી મગફળીની આવકમાં વધારો નોંધાઈ રહ્યો છે.જેમાં તા.૮ નવેમ્બર ને શુક્રવારે શીંગ નં.૬૬,૩૨,૩૯ અને શીંગ જી ૨૦ ની મળી કુલ ૧૦,૯૨૨ ગુણીનું વેચાણ કરાયુ હતુ.

જેનાં સૌથી ઉંચા ભાવ રૂા ૧૫૮૬ બોલાયા હતા. ભાવનગર અને મહુવા માર્કેટીંગ યાર્ડમાં નવી મગફળીના ભાવ રૂા ૧૧૦૦ થી લઈને રૂા ૧૮૦૦ આસપાસના બોલાતા જગતના તાત ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લાના ભાલ પંથકને બાદ કરતા અન્ય તમામ તાલુકાઓમાં મગફળીનું વાવેતર કરવામાં આવે છે.

## લાખાપરમાં ખેડૂતોએ ઝડપેલી નીમકોટેડ યુરિયાની 80 ગુણી બાબતે નોંધાઈ ફરિયાદ

(એજન્સી) ગાંધીધામ | તા.09

અંજાર તાલુકાના લાખાપર ગામે ગત ૧૪ ઓક્ટોબરે સબસીડાઈઝ નીમકોટેડ યુરિયાની ૮૦ ગુણી ભરીને જતી બોલેરો જીપ અટકાવ્યાના બનાવમાં ખેતીવાડી વિભાગે હવે જીપના ચાલક અને જીપના માલિક વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવી છે. ખેતીવાડી અધિકારીએ જૂનાગઢની લેબમાં મોકલેલા સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ આરોપીઓ આધાર પુરાવા વગરનું સબસીડાઈઝ યુરિયા ખેતીના બદલે અન્ય હેતુથી લઈ જતા હોવાની ફરિયાદ નોંધાવી છે. અંજારના ખેતી અધિકારી ચંદુલાલ માળીએ ફરિયાદ નોંધાવી હતી કે, ભચાઉના ભવાનીપુરના જીપ માલિક ચંદ્રેશ પ્રભુલાલ ઠક્કરે ભચાઉના પ્રકાશ પટેલ નામના શખ્સે આપેલી વર્ધી મુજબ, યુરિયાનો જથ્થો ગુણાતીતપુરના જાડેજા ફાર્મથી ભરાવ્યો હતો. ભીમાસર જઈને ચાલકે જીપ માલિકને ફોન કરવાનો હતો. પરંતુ, ગાડીને અધવચ્ચે ખેડૂતોએ જ પકડી પાડી હતી. પોલીસે તે સમયે ભચાઉમાંથી ચંદ્રેશના ઘરેથી વધુ ૨૭ યુરિયાની ગુણી જપ્ત કરી હતી.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂ છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. કોઈ વિપરીત લિંગીની મદદથી તમને નોકરી અથવા વેપારમાં આર્થિક લાભ થવાની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ)**
તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે.

**કર્ક (ડ,હ)**
આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે.

**સિંહ (મ,ટ)**
પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**કન્યા (પ,ઠ,ણ)**
આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો.

**તુલા (ર,ત)**
મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓના ચહેરા પાર સ્મિત લાવી શકે.

**વૃશ્ચિક (ન,ય)**
ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો.

**ધન (ભ,ધ,ફ)**
શારીરિક સુસજ્જતા જાળવે એવી રમત ગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે.

**મકર (ખ,જ)**
ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે.

**કુંભ (ગ,શ,સ)**
તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજના દિવસે તમારે તેવા મિત્રોથી બચવાની જરૂર છે જે ઉધાર લે છે.

**મીન (દ,ચ,ઝ,થ)**
આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી.

## કાળા નાણાંના દૂષણને નાથવામાં સરકાર નિષ્ફળ : સર્વે રિપોર્ટ

# નોટબંધીને આઠ વર્ષ પછી અર્થતંત્રમાં રોકડનું પ્રમાણ બમણું વધી રૂપિયા 34 લાખ કરોડ

(એજન્સી) મુંબઈ | તા 09

નોટબંધીને આઠ વર્ષ પૂરા થવા છતાં દેશમાંથી કાળા નાણાંનું દૂષણ સંપૂર્ણ નાબુદ નહીં થયાનું એક સર્વે રિપોર્ટમાં જણાવાયું છે. દેશના ૯૦ ટકા લોકો હજુપણ માની રહ્યા છે કે, રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં બ્લેક મની મોટી માત્રામાં પ્રવર્તી રહ્યું છે અને જમીન/પ્રોપર્ટી માટે એક સેન્ટ્રલ ડેટા બેઝ તૈયાર કરવાના સરકારના પ્રયાસો હજુ પણ ટૂંકા જણાઈ રહ્યા છે. ૬૨ ટકા પ્રોપર્ટીધારકોએ હજુપણ પોતાની પ્રોપર્ટીને આધાર સાથે લિન્ક કરી નથી. ૮ નવેમ્બર, ૨૦૧૬ના સરકારે રૂપિયા ૧૦૦૦ તથા રૂપિયા ૫૦૦ની નોટ રાતોરાત પાછી ખેંચી લીધી હતી. દેશમાંથી બ્લેક મની અને ભ્રષ્ટાચારને નાબુદ કરવાની લડતના ભાગરૂપ આ પગલું આવી પડયું હતું. જો કે નોટબંધીના આઠ વર્ષ પછી પણ હેતુ સિદ્ધ થયાનું જણાતું નથી કારણે કેશ ઈન સર્ક્યુલેશન



જે ૨૦૧૬માં રૂપિયા ૧૭ લાખ કરોડ રહી હતી તે ૨૦૨૪માં બમણી થઈને રૂપિયા ૩૪ લાખ કરોડ પર પહોંચી ગઈ છે. સૌથી રોકડ વ્યવહાર રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં જોવા મળી રહ્યો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું છે. કારણ કે આજપણ પ્રોપર્ટીના અસંખ્ય વ્યવહારો બેનામી થતા હોવાનું જોવા મળી રહ્યું છે. પ્રોપર્ટીને આધાર સાથે જોડી દેવા પાછળનો હેતુ પ્રોપર્ટીની માલિકી પર સ્પષ્ટ રીતે નજર રાખવા માટેનો છે. ખાનગી પેઢી દ્વારા દેશના ૩૭૨ જિલ્લાઓમાં ૪૬૦૦૦ નાગરિકોના હાથ ધરાયેલા સર્વમાં જણાયું હતું કે, ૬૨ ટકા પ્રોપર્ટી માલિકોએ પોતાની પ્રોપર્ટીને આધાર સાથે લિન્ક કરાવી નથી. આમ પ્રોપર્ટીના રેકોર્ડસને સંપૂર્ણ રીતે ડિજિટાઈઝડ કરવાના સરકારના પ્રયાસો હજુપણ ધીમી ગતિએ આગળ વધી રહ્યાનું આના પરથી જણાય છે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. પ્રોપર્ટીના રેકોર્ડસને ડિજિટાઈઝડ કરવાની સરકારની પહેલ અંગેથી અસંખ્ય લોકો હજુપણ અજાણ હોવાનું સર્વમાં જણાયું છે. ઊંચા વેરા દરને ધ્યાનમાં રાખી પ્રોપર્ટી ખરીદનારાઓ કેશમાં પ્રોપર્ટી ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે નોટબંધીના કાળમાં સરકાર રૂપિયા ૨૦૦૦ની ચલણી નોટ બહાર પાડી હતી અને તે પણ હવે પાછી ખેંચાઈ ગઈ છે તેમ છતાં બ્લેક મનીની માત્રા ઊંચી જોવા મળી રહી છે.

# વિશ્વ બજાર પાછળ કિંમતી ધાતુમાં ઘટાડો અટકી સુધારા તરફી ચાલ જોવાઈ

(એજન્સી) મુંબઈ | તા 09



અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ૦.૨૫ ટકાનો અપેક્ષિત ઘટાડો આવ્યા બાદ વિશ્વ બજારમાં કિંમતી ધાતુમાં નીચા મથાળેથી સુધારો આવતા ઘરઆંગણે પણ ભાવ ઘટતા અટકી સુધારા તરફી રહ્યા હતા. વ્યાજ દરમાં કપાત અને ટ્રમ્પ ફરી પ્રમુખ બનતા અમેરિકામાં ફુગાવાજન્ય દબાણની શકયતાને ટ્રેડરો ચકાસી રહ્યા છે. અમેરિકામાં ફુગાવો વધવાની ધારણાંએ સોનામાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે. ઘરઆંગણે સોનામાં રૂપિયા ૬૦૦થી વધુનો જ્યારે ચાંદીમાં રૂપિયા ૭૫૦થી વધુનો સુધારો જોવા મળ્યો હતો. અમદાવાદ ચાંદી રૂપિયા ૨૦૦૦ ઉછળી હતી. ચીનની ક્રુડ ઓઈલની માગમાં ઘટાડા તથા અમેરિકામાં વાવાઝોડાને કારણે પૂરવઠો ખોરવાશે તેવી ચિંતા હળવી થવા સાથે ક્રુડ તેલમાં નરમાઈ જોવા મળી હતી. ઘરઆંગણે મુંબઈ ઝવેરી બજારમાં ગુરુવારની સરખામણીએ શુક્રવારે ૯૯.૯૦ દસ ગ્રામ સોનાના જીએસટી વગરના ભાવ રૂપિયા ૬૦૨ વધી રૂપિયા ૭૭૩૮૨ રહ્યા હતા. ૯૯.૫૦ના દસ ગ્રામના ભાવ રૂપિયા ૭૭૦૭૨ મુકાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના જીએસટી વગરના ભાવ રૂપિયા ૭૬૦ વધી રૂપિયા ૯૧૧૩૦ બોલાતા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં સોનું ૯૯.૯૦ દસ ગ્રામ દીઠ રૂપિયા ૮૦,૦૦૦ જ્યારે ૯૯.૫૦ના દસ ગ્રામના રૂપિયા ૭૯૮૦૦ રહ્યા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના રૂપિયા ૯૩૦૦૦ રહ્યા હતા. અમદાવાદ સોનામાં ગુરુવારની સરખામણીએ રૂપિયા ૫૦૦ જ્યારે ચાંદીમાં રૂપિયા ૨૦૦૦નો સુધારો જોવા મળ્યો હતો.

## NEWS BRIEF

### 1 શેરને 10 ભાગમાં વહેંચશે આ કંપની, રેકોર્ડ ડેટ 20મી નવેમ્બર પહેલા

મુંબઈ | આ કંપનીના શેરબજારમાં મલ્ટિબેગર રિટર્ન આપનારા શેરોની યાદીમાં છે. કંપનીના શેરમાં આજે એટલે કે શુક્રવારે અને 08 નવેમ્બરના રોજ ફરીથી અપર સર્કિટ લાગી છે. આજે અપર સર્કિટ લગાવવાનું કારણ સ્ટોક સ્પ્લિટની રેકોર્ડ ડેટની જાહેરાત છે.કંપનીએ સ્ટોક એક્સચેન્જોને આપેલી માહિતીમાં જણાવ્યું છે કે 10 રૂપિયાની ફેસ વેલ્યુવાળા એક શેરને 10 ભાગોમાં વહેંચવામાં આવશે. આ શેરના વિભાજન પછી કંપનીના શેરની ફેસ વેલ્યુ ઘટીને શેર દીઠ 1 રૂપિયા થઈ જશે. આ ફાર્મા ઈન્ડસ્ટ્રીઝે સોમવાર, 18 નવેમ્બરને સ્ટોક વિભાજનની રેકોર્ડ તારીખ તરીકે જાહેર કરી છે. કંપનીના શેર રેકોર્ડ ડેટના દિવસે વહેંચવામાં આવશે. આવી સ્થિતિમાં, જો તમે આ સ્ટોક સ્પ્લિટનો લાભ લેવા માંગતા હો, તો તમારે રેકોર્ડ ડેટના એક દિવસ પહેલા શેર ખરીદવા પડશે. કોઈપણ કંપની શેરનું વિતરણ કરે છે, જ્યારે તેને લાગે છે કે શેરની કિંમત વધી ગઈ છે. જેના કારણે રિટેલ રોકાણકારો આ સ્ટોકથી દૂર રહે છે. છેલ્લા 90 દિવસ દરમિયાન આ શેરના ભાવમાં 131 ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. જેના કારણે સ્થાયી રોકાણકારોના નાણા બમણાથી વધુ થઈ ગયા છે. તે જ સમયે, કંપનીના શેરની કિંમત 6 મહિનામાં 482.52 ટકા વધી છે. BSEમાં કંપનીનું 52 સપ્તાહનું ઊંચું સ્તર રૂ. 452.70 અને 52 સપ્તાહનું નીચું સ્તર રૂ. 58.20 છે. આ કંપનીનું માર્કેટ કેપ 981.89 કરોડ રૂપિયા છે.

### રોકાણકારો માટે 20 નવેમ્બરે શેરબજાર બંધ રહેશે, આ કારણ જવાબદાર

મુંબઈ | ભારતીય શેરબજારમાં આગામી 20 નવેમ્બરે બુધવારના દિવસે એક દિવસની રજા જાહેર કરવામાં આવી છે. જેથી બીએસઈ અને એનએસઈમાં કોઈ કામકાજ નહીં થાય. શેરબજારમાં રજાની જાહેરાત મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને લીધે કરાઈ છે. શેરબજારે આ અંગેની જાણકારી સત્તાવાર સર્ક્યુલરથી આપી છે. બંને શેરબજાર એક્સચેન્જ એટલે કે BSE અને NSE પર શેરબજારમાં રજા રહેશે અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને કારણે આ દિવસે એક્સચેન્જમાં કોઈ કામકાજ થશે નહીં. કરન્સી માર્કેટ અને કોમોડિટી એક્સચેન્જમાં ટ્રેડિંગ માટે પણ રજા રહેશે. ઝારખંડ વિધાનસભાની ચૂંટણી પણ એ જ દિવસે યોજાશે અને ઉત્તર પ્રદેશની 9 વિધાનસભા પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જો કે, શેરબજારમાં રજા આપવામાં આવી છે કારણ કે દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ચૂંટણીનો દિવસ છે જ્યાંથી સ્ટોક એક્સચેન્જ કાર્યરત છે. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં 20મી નવેમ્બરે રાજકીય ઉથલપાથલ થશે અને આ કારણોસર તમામ મુંબઈકર અને મહારાષ્ટ્રના રહેવાસીઓ તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે નાણાકીય કામકાજને થોડો વિરામ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નવેમ્બરમાં શેરબજાર કુલ 12 દિવસ બંધ રહેવાનું છે અને તેનું કારણ તહેવારો અને ખાસ રજાઓ છે.

### ટાટાની આ દિગ્ગજ કંપનીનો ઘટ્યો નફો, શેર વેચીને નિકળી રહ્યા છે રોકાણકારો !

મુંબઈ | ટાટા ગ્રુપની આ કંપનીએ ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ ક્વાર્ટરમાં કંપનીનો નફો 9.9 ટકા ઘટીને રૂ. 3,450 કરોડ થયો છે. ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીનો નફો રૂ. 3,832 કરોડ હતો. કંપનીએ જણાવ્યું હતું કે વેચાણમાં ઘટાડાને કારણે તેના નફામાં ઘટાડો થયો છે. ટાટા મોટર્સે શેરબજારને આપેલી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે ક્વાર્ટરમાં તેની ઓપરેટિંગ આવક ઘટીને રૂ. 1,00,534 કરોડ થઈ છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 1,04,444 કરોડ હતી. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીનો કુલ ખર્ચ રૂ. 97,330 કરોડ હતો, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 1,00,649 કરોડ હતો. ટાટા મોટર્સે જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં JLR (જગુઆર લેન્ડ રોવર)ની આવક 5.6 ટકા ઘટીને 6.5 અબજ પાઉન્ડ થઈ છે. એલ્યુમિનિયમના પુરવઠામાં કામચલાઉ વિક્ષેપ અને ગુણવત્તા નિયંત્રણની વધારાની તપાસ માટે 6,029 વાહનોની અટકાયતને કારણે કંપનીના નફાને ફટકો પડ્યો હતો.

# ભારતમાં સતત ઘટી રહી છે ATMની સંખ્યા, UPIનો વધતો ટ્રેન્ડ અને આરબીઆઇના નિયમો મુખ્ય કારણ

(એજન્સી) મુંબઈ | તા. 09

દેશમાં યુપીઆઈના વધતા ચલણના લીધે રોકડનો વપરાશ ઘટ્યો છે. મોટાભાગના લોકો રોકડના બદલે ઓનલાઈન પેમેન્ટને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેના લીધે ભારતીય બેન્કોના એટીએમ અને કેશ રિસાઈકલર્સની સંખ્યા ઘટી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, દેશમાં ડિજિટલ પેમેન્ટ્સ વધી રહ્યા છે અને તેમાં પણ યુપીઆઈ અત્યંત મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે. ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના કારણે એટીએમ અને રિસાઈકલર્સની સંખ્યા ઘટી છે. આરબીઆઈના આંકડાઓ અનુસાર, ભારતમાં



સપ્ટેમ્બર, 2023માં એટીએમની સંખ્યા 2,19,000 હતી, જે સપ્ટેમ્બર-24માં ઘટી 2,15,000 થી છે. ઓફ-સાઈટ એટીએમની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. સપ્ટેમ્બર-22માં ઓફ-સાઈટ એટીએમની સંખ્યા કુલ 97072 હતી, જે સપ્ટેમ્બર-24માં ઘટી 87,638 થઈ છે. રિઝર્વ બેન્કે એટીએમમાંથી ફ્રી કેશ વિડ્રોલની સંખ્યા ઘટાડી છે અને અમુક નિશ્ચિત મર્યાદા બાદ રોકડ ઉપાડ પર ઈન્ટરચેન્જ ફી વધારી છે. પરિણામે લોકો હવે એટીએમમાંથી રોકડ ઉપાડવાના બદલે ઓનલાઈન જ ટ્રાન્જેક્શન કરવા પ્રાધાન્ય આપે છે. હાલ, ભારતમાં રોજિંદા 2 લાખના વ્યવહાર રોકડમાં કરવા મંજૂરી છે. તે સિવાયના વધારાની રકમના ટ્રાન્જેક્શન પાછળ ચાર્જ લાગુ છે. દેશમાં 1 લાખ લોકો સામે માત્ર 15 એટીએમ છે. આકરા નિયમો અને ખર્ચાળ પદ્ધતિ હોવાથી હવે એટીએમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઘટાડો નોંધાયો છે. જેથી એટીએમની ઘટતી સંખ્યા ચિંતાનું કારણ બની છે.

# ભારતનો જીનિયસ ! 26 વર્ષની ઉંમરે બન્યો 400 કરોડનો માલિક

(એજન્સી) મુંબઈ | તા. 09

એવું કહેવાય છે કે જો તમે ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ જાણો છો, તો તે તમારા જીવનને સુધારવાની શક્તિ ધરાવે છે. આજે ઘણા યુવાનો ટેક્નોલોજી ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યા છે. ફેસબુક હોય, વોટ્સએપ હોય કે ઈન્સ્ટાગ્રામ, આજે આખી દુનિયા એ લોકોને ઓળખે છે જેમણે તેમને વિકસાવ્યા છે. આ બધાની એક ખાસ વાત એ છે કે તેમને શરૂઆતના તબક્કામાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો પરંતુ આજે તેનો ઉપયોગ દુનિયાના દરેક ખૂણામાં થઈ રહ્યો છે. આવી જ કહાની છે આસામના એક નાનકડા શહેર ડિબ્રુગઢથી આવેલા કિશન બગરિયાની, જેણે માત્ર 26 વર્ષની ઉંમરે પોતાની કુશળતા સાબિત કરી છે. તેણે એવી એપ બનાવી કે દુનિયાભરની મોટી કંપનીઓ તેની પ્રોડક્ટ્સ ખરીદવા માટે લાઈનો લગાવી. એટલું જ નહીં આ એપ વેચીને તે આજે 400 કરોડ રૂપિયાના માલિક બની ગયા છે. કિશનને નાની ઉંમરથી જ ટેક્નોલોજીનો શોખ હતો. તેણે શોખ તરીકે એક નાનકડી વિન્ડોઝ એપ વિકસાવી. આ કારણે નવી વસ્તુઓ બનાવવાનો તેમનો જુસ્સો પ્રબળ બન્યો. તેમણે ઓનલાઈન સંસાધનો અને પ્રયોગો દ્વારા તેમની કુશળતાને આગળ વધારવાનું ચાલુ રાખ્યું. ખરેખર, કિશને હાઈસ્કૂલથી આગળનું ઔપચારિક શિક્ષણ લીધું ન હતું.

# SBIના નફામાં બમ્પર ઉછાળો, એક્સપર્ટે SBIના શેર પર 'બાય' રેટિંગ આપ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા. 09

દેશની સૌથી મોટી બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ વર્તમાન નાણાકીય વર્ષ (2024-25) ના જુલાઈ-સપ્ટેમ્બરના પરિણામો જાહેર કર્યા છે. આ ક્વાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 23 ટકા વધીને 19,782 કરોડ રૂપિયા થયો છે. ગયા નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં બેંકે 16,099 કરોડ રૂપિયાનો નફો કર્યો હતો. ત્રિમાસિક પરિણામો વિશે માહિતી આપતા SBIએ કહ્યું કે કુલ આવક વધીને રૂ. 1.29 લાખ કરોડ થઈ છે, જે એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં રૂ. 1.12 લાખ કરોડ હતી. બીજા ક્વાર્ટરમાં બેન્કનો કુલ ખર્ચ વધીને રૂ. 99,847 કરોડ થયો છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 92,752 કરોડ હતો. બેડ લોન માટે બેંકની જોગવાઈ લગભગ 1,814 કરોડ રૂપિયાથી વધીને 3,631 કરોડ રૂપિયા થઈ ગઈ છે. બેંકનો ગ્રોસ એનપીએ રેશિયો 30 સપ્ટેમ્બરના રોજ 2.13 ટકા હતો, જ્યારે જૂનમાં તે 2.21 ટકા હતો. સરકારી બેંક SBIના શેરની વાત કરીએ તો તે શુક્રવારે 1.86% ઘટીને 843.25 રૂપિયા પર બંધ થયો હતો. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શેર રૂ. 834.30ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. તમને જણાવી દઈએ કે સીએસ શેટ્ટીને ઓગસ્ટમાં SBIના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. છેલ્લા એક વર્ષમાં, SBIના શેરના ભાવે સેન્સેક્સના 22% નફાની સરખામણીમાં 47% કરતા વધુ વળતર આપ્યું છે. બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસવાલે શેર માટે 1015 પ્રતિ શેરનો લક્ષ્યાંક રાખ્યો છે. આ સાથે SBIના શેર પર 'બાય' રેટિંગ આપવામાં આવ્યું છે.

# વૈશ્વિક સ્માર્ટફોન શિપમેન્ટમાં ભારતનો હિસ્સો 15.5 ટકા, જે ચીન પછી બીજા ક્રમે

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ભારતનું સ્માર્ટફોન બજાર વર્તમાન કેલેન્ડર વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં વોલ્યુમ યુનિટની દ્રષ્ટિએ વૈશ્વિક સ્તરે બીજા સૌથી મોટા અને મૂલ્યની દ્રષ્ટિએ ત્રીજા ક્રમે ઉભરી આવ્યું છે. આ માહિતી કાઉન્ટર પોઈન્ટ રિસર્ચના અંદાજો પરથી પ્રાપ્ત થઈ છે.

ત્રીજા ક્વાર્ટરમાં વૈશ્વિક સ્માર્ટફોન શિપમેન્ટમાં ભારતનો હિસ્સો ૧૫.૫ ટકા હતો, જે ચીનના ૨૨ ટકા હિસ્સા પછી બીજા ક્રમે હતો. ભારત પછી અમેરિકા ૧૨ ટકા હિસ્સા સાથે બીજા ક્રમે છે.

મૂલ્યની દ્રષ્ટિએ ભારત ત્રીજા ક્રમે છે અને કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં તેનો હિસ્સો ૧૨.૩ ટકા છે, જે એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં ૧૨.૧ ટકા હતો. કુલ વેચાણમાં ૩૧ ટકા હિસ્સા સાથે ચીને તેનું સ્થાન જાળવી રાખ્યું છે અને યુએસ ૧૯ ટકા હિસ્સા સાથે



બીજા સ્થાને છે.

સ્માર્ટફોન માર્કેટમાં ભારતની વધતી ભાગીદારી અંગે, રિસર્ચ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ૧.૪ અબજની વસ્તી ધરાવતા દેશના ૬૯ કરોડ લોકો પાસે સ્માર્ટફોન છે. ભારત હજુ પણ ઊંચા વેચાણવાળા બજારોમાંનું એક છે. પ્રીમિયમાઈઝેશનના વર્તમાન વલણ સાથે કિંમતમાં વધારો થવાનો ઘણો અવકાશ છે કારણ કે ઘણા વપરાશકર્તાઓ તેમના ત્રીજા અથવા ચોથા ફોનમાં અપગ્રેડ કરી રહ્યાં છે. વોલ્યુમની દ્રષ્ટિએ ભારત હવે ચીન પછી બીજું સૌથી મોટું બજાર બની ગયું છે અને મૂલ્યની દ્રષ્ટિએ તે ચીન અને અમેરિકા પછી ત્રીજા ક્રમે છે.

# 3 રૂપિયાનો ટબુકડો શેર હવે 330000 રૂપિયાને પાર પહોંચ્યો, 5 જ દિવસમાં 58000 રૂપિયા ચડ્યો ભાવ

(એજન્સી) ગુરૂગ્રામ | તા. 09

10 દિવસ પહેલા સુધી સાવ ટબુકડો શેર રહી ચૂકેલો એલ્સિડ ઈન્વેસ્ટમેન્ટ હવે એવો દોડી રહ્યો છે કે અટકવાનું નામ નથી લેતો. એલ્સિડ ઈન્વેસ્ટમેન્ટ્સના શેરમાં ગજબની તેજી જોવા મળી રહી છે. કંપનીના શેર શુક્રવારે બીએસઈમાં લગભગ 5 ટકાની તેજી સાથે 3,32,399.95 રૂપિયા પર પહોંચી ગયા છે. કંપનીના શેર 28 ઓક્ટોબર 2024 સુધી 3.53 રૂપિયાની પ્રાઈઝ રેન્જમાં હતા. એલ્સિડ ઈન્વેસ્ટમેન્ટ્સના શેર 29 ઓક્ટોબરના રોજ અચાનક 3.53 રૂપિયાથી વધીને 2,36,250 રૂપિયા પર પહોંચી ગયા. અચાનક આવેલી આ તેજી બાદથી કંપનીના શેર સતત ચર્ચામાં છે. એલ્સિડ ઈન્વેસ્ટમેન્ટ્સના શેર 5 દિવસમાં 21 ટકાથી વધુ ઉછળ્યા છે. કંપનીના શેર 4 નવેમ્બર 2024ના રોજ 2,73,488.85 રૂપિયા પર હતા. એલ્સિડ ઈન્વેસ્ટમેન્ટ્સના શેર 8 નવેમ્બરના રોજ 3,32,399.95 રૂપિયા પર પહોંચી ગયા છે. છેલ્લા 5 દિવસમાં કંપનીના શેરમાં 58,900 રૂપિયાથી વધુનો ઉછાળો આવ્યો છે. એલ્સિડ ઈન્વેસ્ટમેન્ટ્સના શેરોમાં આવેલી આ તેજીથી તેની માર્કેટ કેપ પણ 6,600 કરોડ રૂપિયા પાર પહોંચી ગઈ છે. કંપનીના શેરોનું 52 અઠવાડિયાનું લો લેવલ 3.37 રૂપિયા છે. એલ્સિડ ઈન્વેસ્ટમેન્ટ હવે દેશનો સૌથી મોંઘો સ્ટોક બની ગયો છે. 29 ઓક્ટોબર 2024ના રોજ એલ્સિડ એન્વેસ્ટમેન્ટ્સના શેરોમાં એક જ દિવસમાં 66,92,535%નો ઉછાળો આવ્યો અને કંપનીના શેર 3.53 રૂપિયાથી વધીને 2,36,250 રૂપિયા પર પહોંચી ગયા.

# ખાંડ ઉદ્યોગે સરકારને બે મિલિયન ટનની નિકાસની મંજૂરી આપવા કરેલી રજુઆત



મુંબઈ | તા. 09

ખાંડ ઉદ્યોગે સરકારને વિનંતી કરી છે કે ચાલુ સિઝનમાં (ઓક્ટોબર-સપ્ટેમ્બર) લગભગ ૨ મિલિયન ટન ખાંડની નિકાસને મંજૂરી આપે જેથી મિલોને વધુ સારા પાકની અપેક્ષાને કારણે વધારાનો વહન ખર્ચ ન ઉઠાવવો પડે.. સરકારે અગાઉ ચાલુ સિઝનમાં ખાંડની નિકાસ માટે કોઈ ક્વોટા પ્રદાન કરવાનો ઈનકાર કર્યો હતો ઈન્ડિયન સુગર મિલ્સ અને બાયો- એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ સિઝનમાં ખાંડના ઉત્પાદનમાં નાનો ઘટાડો થવાનો અંદાજ હોવા છતાં, શેરડીની ઉપજ અને વધુ સારી રિકવરી થવાની સંભાવના છે. પર્યાપ્ત ચોમાસાના વરસાદને કારણે નોંધપાત્ર સુધારો થયો છે. ઈસ્માએ ૨૦૨૪-૨૫ સિઝન માટે ખાંડના ઉત્પાદનના તેના પ્રથમ આગોતરા અંદાજમાં ઈથેનોલ માટે ડાયવર્ઝન સહિત સ્વીટનરનું કુલ ઉત્પાદન ૩૪.૧ મિલિયન ટનની અગાઉની સિઝનમાં ૩૩.૩ મિલિયન ટન રહેવાની સંભાવના છે. ૧ ઑક્ટોબરે ૮.૪૭ મિલિયન ટનના ઓપનિંગ સ્ટોક સાથે, વર્તમાન સિઝન માટે ખાંડની ચોખ્ખી ઉપલબ્ધતા ૨૯ મિલિયન ટનના અપેક્ષિત સ્થાનિક વપરાશ સામે ૪૧.૭ મિલિયન ટન અંદાજિત છે. અગાઉ, ભારતે ૨૦૨૨-૨૩ સીઝનમાં ૬ મિલિયન ટન ખાંડની નિકાસ કરી હતી અને ત્યારથી સરકારે ખાંડની નિકાસ માટે કોઈ ક્વોટા ફાળવ્યો નથી. ખાદ્ય મંત્રાલયે અગાઉ ચાલુ સિઝનમાં ખાંડની નિકાસ માટે કોઈ ક્વોટા પ્રદાન કરવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તેઓ પુરવઠાની સ્થિતિ પર નજીકથી નજર રાખે છે કારણ કે શેરડીનું પિલાણ શરૂ થયું છે.

# ઈલોન મસ્કની કંપની માટે લાલજાજમ, ટ્રમ્પ જીતતાં જ બદલાયા સૂર

(એજન્સી) મુંબઈ | તા 09

ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સેટેલાઈટ બ્રોડબેન્ડ મામલે Jio અને Airtelના દબાણને નજરઅંદાજ કર્યું છે. મંત્રીએ સ્પષ્ટ જવાબ આપતા કહ્યું કે સેટેલાઈટ સ્પેક્ટ્રમ ફાળવવામાં આવશે. સરકારે મુકેશ અંબાણી અને સુનિલ ભારતી મિત્તલની માંગને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે સેટેલાઈટ સ્પેક્ટ્રમ ફાળવણી માટે હરાજીનો માર્ગ પસંદ કરવામાં આવશે નહીં. આવી સ્થિતિમાં Jio અને Airtelનું દબાણ કામ કરી ગયું નથી. સેટેલાઈટ સ્પેક્ટ્રમ ફાળવણીના મામલામાં કિંમતો અંગે પણ વિવાદ ચાલુ છે. આ મામલે સરકારનું કહેવું છે કે કિંમતનો કોઈ મુદ્દો નથી, કારણ કે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે TRAI સેટેલાઈટ સ્પેક્ટ્રમની કિંમત નક્કી કરશે. સિંધિયાએ કહ્યું કે ભારત સેટેલાઈટ સ્પેક્ટ્રમ ફાળવણીના મામલે ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન એટલે કે ITUના નિયમોનું પાલન કરશે. સેટેલાઈટ સ્પેક્ટ્રમ સંબંધિત ITUની માર્ગદર્શિકા ખૂબ જ સ્પષ્ટ છે. આવી સ્થિતિમાં, ભારત ITUની માર્ગદર્શિકા અનુસાર સેટેલાઈટ સ્પેક્ટ્રમ ફાળવશે.

# ટ્રમ્પના બીજા કાર્યકાળમાં ભારત અને યુએસ ઊર્જા સંબંધોને મજબૂત બનાવે તેવી શક્યતા

મુંબઈ | તા. 09

ઉદ્યોગ નિષ્ણાતો માને છે કે ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં ભારત યુએસ તરફથી ઉર્જા ક્ષેત્રે સતત સહકારમાં વધારો કરે તેવી સંભાવના છે. વૈશ્વિક તેલ બજાર માટે, ટ્રમ્પ ૨.૦ નો અર્થ છે તેલ અને ગેસનો પુરવઠો ચાલુ રાખવો, કારણ કે ટ્રમ્પનું યુએસ ઓઈલ ઉત્પાદન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જેનાથી તેલના ભાવ નિયંત્રણમાં રહે, જેનાથી ભારતને ફાયદો થાય. S&P ગ્લોબલ કોમોડિટી ઈનસાઈટ્સ અનુસાર, ટ્રમ્પના બીજા કાર્યકાળમાં વહીવટીતંત્ર પર્યાવરણીય નિયમોને પાછું ખેંચીને અને ઓફશોર અને ફેડરલ જમીન ભાડાપટ્ટાની તકોને વિસ્તૃત કરીને યુએસ તેલ ઉત્પાદન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. એજન્સીએ નોંધ્યું છે કે વધતા યુએસ ક્રૂડ ઉત્પાદને તાજેતરના વર્ષોમાં ઓપેક દેશો માટે નોંધપાત્ર પડકાર ઊભો કર્યો છે, ભાવો પર દબાણ લાવી, બ્લોકના બજાર હિસ્સાને જોખમમાં મૂક્યું અને



મોટા પ્રમાણમાં આઉટપુટ કાપને પ્રોત્સાહન આપ્યું હતું. યુએસ ચૂંટણી પરિણામો એ હકીકતને બદલતા નથી કે ભારત અને યુએસ મુખ્ય વ્યૂહાત્મક ભાગીદારો તરીકે ચાલુ રહેશે. ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં હોવાથી, ભારત તેની વિકાસલક્ષી જરૂરિયાતોને સુનિશ્ચિત કરવા માટે સતત તેલ અને ગેસ પુરવઠા પર વિશ્વાસ કરી શકે છે કારણ કે યુએસ હવે ઈંધણનો ચોખ્ખો નિકાસકાર છે. ૨૦૧૭ અને ૨૦૨૪ ની વચ્ચે, યુ.એસ. ભારતને લિક્વિફાઈડ નેચરલ ગેસ અને ક્રૂડ ઓઈલનું પાંચમું સૌથી મોટું સપ્લાયર બન્યું છે. ટ્રમ્પના પ્રથમ પ્રમુખપદ હેઠળ, ભારતની પેટ્રોનેટ એલએનજી લિમિટેડે અમેરિકન નેચરલ ગેસ કંપની ટેલ્યુરિયન ઈન્ક સાથે ૭.૫ બિલિયન ડોલરના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં પેટ્રોનેટ અને તેની આનુષંગિક કંપનીઓ પ્રતિ વર્ષ ૫ મિલિયન ટન એલએનજીની ખરીદી માટે હતો.

# વિકાસ ક્યાં ખોવાયો....સાગબારા મામલતદાર કચેરીમાં છત પરથી પોપડા પડતા હાજર કર્મચારીઓનો આબાદ બચાવ થયો



ભૂતકાળ માં છત માંથી સિલિંગ ફેન અને પીઓપીનો ભાગ તૂટી પડયો હતો છતાં જીવ ના જોખમે કર્મચારીઓ કામ કરવા મજબુર છે

ભરત શાહ | રાજપીપળા

અર્ધ સતત પહેલા બનેલી સાગબારા મામલતદાર કચેરીમાં ચાલુ કચેરી સમયમાં છત પરથી મસમોટા પોપડા પડતા કર્મચારીઓ અને અરજદારો માં નાસભાગ મચી જવા પામી હતી, જોકે આ દુર્ઘટના માં કોઈને ઈજાઓ થવા પામી ન હતી અને આબાદ બચાવ થયો હતો. પરંતુ કચેરી નવી બનાવવા 6 વર્ષથી વારંવારની માંગ કરવા છતાં ઉપલા સ્તરેથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી એ આશ્ચર્ય ની વાત છે, શું કોઈનો ભોગ લેવાઈ તેવી રાહ જોવાઈ રહી છે.



હાલમાં નર્મદા જિલ્લામાં સાગબારા ખાતે આવેલી મામલતદાર કચેરીમાં જ્યારે કર્મચારીઓ કામ કરી રહ્યા હતા તે દરમ્યાન છત નો એક ભાગ તૂટી પડતા ભારે નાસભાગ થઈ હતી. જોકે આ અકસ્માતમાં કોઈ જાનહાની કે ગંભીર ઈજા કોઈને થવા પામી ન હતી અને કર્મચારીઓનો આબાદ બચાવ થયો હતો પરંતુ આ જીવલેણ ઘટના જરૂર કહી શકાય.

સાગબારા ની આ મામલતદાર કચેરી લગભગ 1970 ની સાલની બનેલી છે, જેને 50 વર્ષ ઉપરાંત સમય થઈ ગયો તેમ છતાં નવી કચેરી મંજૂરી કરવામાં આવતી નથી. વર્ષ 2018 થી આર.એન.બી. ને દરખાસ્ત મોકલી છે તેને આજે છ છ વર્ષ થઈ ગયા તેમ છતાં કચેરીને નવું મકાન મળતું નથી અને કર્મચારીઓ એ જીવ જોખમે નોકરી કરવી પડે છે. તો અહીં કામકાજ અર્થે આવતા લોકોને પણ જીવ નું જોખમ રહેલું છે.અગાઉ પણ છત માંથી પંખો પડવાનો બનાવ બન્યો હતો તેમજ ઈ-ધરા શાખામાં પીઓપી છત માંથી તૂટી પડ્યું હતું. ચાલુ કચેરી દરમિયાન કર્મચારીઓ હાજર હતા ત્યારે પીઓપી પડતા તે સમયે પણ ભારે નાસભાગ થઈ હતી હતું .સદભાગ્યે કોઈને વાગ્યું ન હતું, આટલા વર્ષ પછી આ વર્ષે નવી કચેરી મંજૂર કરવા નવેસરથી દરખાસ્ત મોકલી છે. ત્યારે જોવું રહ્યું કે સાગબારા ને ક્યારે નવી મામલતદાર કચેરી મળે છે. પરંતુ હાલ તો કર્મચારીઓ જીવ જોખમમાં મૂકીને કામ કરી રહ્યા છે.

### સમગ્ર ગુજરાતમાં દરેક તાલુકા મથકે તાલુકા સેવા સદન બનાવાઈ થયું છે તો સાગબારામાં કેમ નહીં ?

સમગ્ર ગુજરાતમાં દરેક તાલુકામાં તાલુકા મથકે સરકાર દ્વારા તાલુકા સેવા સદન બનાવાયા છે જેના કારણે સરકારી દરેક કચેરીઓ એકજ જગ્યાએ ઉપલબ્ધ થાય અને લોકોને પણ કામકાજમાં સરળતા રહે, ત્યારે સાગબારા તાલુકા મથકે તાલુકા સેવાસદન કેમ ન બનાવાયું ? અહીં માત્ર તાલુકા પંચાયત કચેરી જ નવી બનાવી છે, બાકી અન્ય કચેરીઓ જેમ છે તેમ હાલતમાં કેમ છોડી દેવામાં આવી? જો સાગબારા તાલુકા મથકે તાલુકા સેવાસદન બનાવાય તો તાલુકાવાસીઓને એકજ સ્થળે દરેક કચેરી ઉપલબ્ધ થાય અને કામકાજ પણ સરળતાથી કરી શકાય. શુ રાજ્ય સરકાર અહીં તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા સેવા સદન બનાવશે ખરી ? કે પછી વર્ષો જૂની મામલતદાર કચેરી જે સ્થળે હાલમાં છે ત્યાંજ મામલતદાર કચેરી બનાવશે ? સાગબારા તાલુકા મથકે તાલુકા સેવા સદન બનાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, કારતક સુદ-09

# પ્રદૂષણ પર સખ્તાઈ

વાયુ પ્રદૂષણમાં પરાળ બાળવાથી નીકળતા ધૂમાડાની ભૂમિકાને જોતાં કેન્દ્ર સરકારે તેને બાળવા પર બેગણો દંડ કરવાનો જે આદેશ કર્યો તે ત્યારે જ અસર કરશે, જ્યારે રાજ્ય સરકારો પરાળ બાળવાથી રોકવા માટે કમર કસશે. અત્યાર સુધી રાજ્ય સરકારો આ મોરચે બહુ સફળ નથી થઈ શકી અને એટલા માટે જ સુપ્રીમ કોર્ટે હાલના દિવસોમાં તેમની કેટલીય વાર ઝાટકણી કાઢી છે. પરાળ બાળવાથી લોકોને રોકવા જ જોઈએ, એટલા માટે કારણ કે હવે તે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, પશ્ચિમી ઉત્તર પ્રદેશની સાથે દેશના અન્ય હિસ્સામાં પણ બાળવામાં આવી રહ્યું છે, પરંતુ તેની સાથે એ પણ સમજવું જોઈએ કે વાયુ પ્રદૂષણનું એકમાત્ર કારણ પરાળ બાળવું એ જ નથી. વાયુ પ્રદૂષણમાં વાહનોના ઉત્સર્જનની પણ એક મોટી ભૂમિકા છે, પરંત તેના માટે કોઈપણ સરકાર દ્વારા કોઈ ઠોસ પ્રયત્ન નથી કરવામાં આવતા કે વાહનોના ઉત્સર્જન પર લગામ લાગે. વાહનોના ઉત્સર્જનનું એક મોટું કારણ છે ટ્રાફિકનું સુગમ ન હોવું. નાનાં-મોટાં શહેરોમાં ટ્રાફક જામને કારણે વાહન ધીમા ચાલે છે. જ્યારે એવું થાય છે ત્યારે વાહનોમાંથી ક્યાંય વધુ વિષાક્ત ઉત્સર્જન થાય છે. શહેરોમાં એવાં સ્થાન વધતાં જાય છે, જ્યાં સડકો પર દબાણ અને અવ્યવસ્થિત ટ્રાફિકને કારણે વાહન બહુ જ ધીમી ગતિથી ચાલવા મજબૂર હોય છે. હવે તો સ્થિતિ એ છે કે શહેરી વિસ્તારોમાંથી પસાર થનારા રાજમાર્ગો પર પણ ટ્રાફિક ખૂબ જ જામ રહેવા લાગ્યો છે. તેનાથી સરકારો અને તેમની એજન્સીઓ પણ અજાણ નથી, પરંતુ લાગે છે કે સુગમ ટ્રાફિક કોઈના એજન્ડામાં છે જ નહીં. એક આંકડા અનુસાર દિલ્હીમાં પ્રદૂષણ સ્થાનિક કારણોસર પણ વધે છે અને તેનું એક મોટું કારણ વાહનોનું ઉત્સર્જન છે. આખરે વાહનોના ઉત્સર્જનને નિયંત્રિત કરવા પર ક્યારે ધ્યાન આપવામાં આવશે? દેશમાં એવાં શહેરોની સંખ્યા વધતી જાય છે, જેની ગણતરી દુનિયાના પ્રદૂષિત શહેરોમાં થવા લાગી છે. જો સરકારો અને તેમની એજન્સીઓ પ્રદૂષણની ગંભીર થતી સ્થિતિથી વાસ્તવમાં ચિંતિત હોય તો પછી તેમણે એ તમામ કારણોનું નિવારણ એક સાથે કરવું જોઈએ, જેનાથી વાયુમંડળ ઝેરી થાય છે. તેમણે પરાળ બાળવાથી રોકવા અને વાહનોના ઉત્સર્જન પર લગામ લગાવવાના ઠોસ ઉપાય કરવાની સાથે જ એના પર પણ ધ્યાન આપવું પડશે કે સડકો અને નિર્માણ સ્થળોથી ધૂળ ન ઊડે. અત્યારે તો તેની કોઈ પરવા નથી કરવામાં આવતી. એ પણ બધા જાણે છે કે કચરો બાળવાથી રોકવાના ઉપાય પણ માત્ર કાગળિયે જ સીમિત રહે છે. લોકોને આ રીતે કોઈ પ્રકારની કાર્યવાહીનો કોઈ ભય નથી રહ્યો, તેથી તેઓ પણ પ્રદૂષણ પ્રતિરોધી ઉપાયોનું પાલન નથી કરતા. આ સ્થિતિ ત્યારે છે, જ્યારે દરેક જણ એનાથી પરિચિત છે કે વાયુ પ્રદૂષણ માનવ સ્વાસ્થ્ય માટે બેહદ ઘાતક સાબિત થઈ રહ્યું છે.

# લો બોલો...હવે સ્મશાનની આડમાં પણ ગેરકાયદેસર જુગારનો ધંધો ચાલે છે....

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં પોલીસ અવાર નવાર દારૂ, જુગાર ના ધંધા પર છાપા મારી બે નંબરીયા ઓ ને પકડે છે ત્યારે પોલીસ થી બચવા હવે આ બે નંબરીયા અવનવા હથકંડા અપનાવતા હોય હાલમાં જુગારીઓ એ સ્મશાન ની આડ માં જુગાર નો ધંધો ચાલુ તો કર્યો પણ ડેડીયાપાડા પોલીસ રેડ કરી ત્રણ ને મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર ડેડીયાપાડા પોલીસ ચેકીંગ માં હતી ત્યારે બાતમીના આધારે સોલીયા ગામની સીમમાં સ્મશાન ની બાજુ માં ખુલ્લી જગ્યામાં ચાલતા જુગાર પર થી (૧) રામસીંગભાઈ પારસીંગભાઈ વસાવા (૨)ભુપત ભાઈ ફૂલજીભાઈ વસાવા (૩) સંજયભાઈ વિરજીભાઈ વસાવા તમામ રહે. સોલીયા મંદિર ફળીયું તા.દેડીયાપાડા જી.નર્મદા નાઓ ને પત્તા-પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડતા રેઈડ દરમ્યાન ચાલુ દાવના રોકડા રૂપીયા ૧૨૦૦ /- તથા આ ત્રણેય ની અંગઝડતી માથી રોકડા રૂપીયા.૨૬૦૦ /-મળી કુલ રોકડા રૂ.૩૮૦૦/- તથા જુગારના સાધનો સાથે પકડી ગુનો દાખલ કર્યો છે.

# પાટણમાં સરકારી શાળાના પુસ્તકો બારોબાર વેચી દેવાનું કૌભાંડ સામે આવ્યું

(એજન્સી પાટણ | તા.09

પાટણમાં સરસ્વતી તાલુકાના અઘાર ગામે આવેલી સરકારી શાળાના પુસ્તકોનું બારોબાર વેચાણ કરવાનો કિસ્સો બહાર આવતા હડકમ મચી જવા પામી છે, શાળાના પટાવાળા દ્વારા શાળાના વિદ્યાર્થીઓના પુસ્તકો વેચાણ કર્યાના આક્ષેપ લાગતા મામલો વધુ પેચીદો બનતા છેવટે શાળાના પટાવાળાને નોકરીમાંથી છૂટો કરવામાં આવ્યો છે. પાટણમાં સરકારી પુસ્તકોનું બારોબારીયું કરાતું હોવાની ઘટના પ્રકાશમાં આવતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પાટણના સરસ્વતી તાલુકામાં સરકારી શાળામાં ધોરણ 1થી 12ના વિદ્યાર્થીઓને વિતરણ કરવાના પુસ્તકો પટ્ટાવાળાએ પસ્તીમાં વેચી દીધા હોવાનો આક્ષેપ ઉઠ્યો છે, અઘાર ગામ ખાતે સ્થિત સરકારી શાળામાં પડેલા 500થી વધુ પુસ્તકો પટાવાળાએ ભંગાર વાળાને વેચાણ કરી દેતા ગામના કેટલાક વ્યક્તિઓએ આ છકડાની અંદર નવીન પુસ્તકો જોતા શંકા જતા છકડા ચાલકને ઉભો રાખી તપાસ કરતા તેમાં નવીન પુસ્તકો જોવા મળ્યા અને આ પુસ્તકો અઘાર પ્રાથમિક શાળામાંથી પસ્તીમાં ખરીદી લીધા હોવાનું સામે આવ્યું હતું.

# આજે 10 નવેમ્બર... રાજપીપલા ખાતે જળ ઉત્સવ રન "દોડ"નું આયોજન



ભરત શાહ | રાજપીપળા

એસ્પિરેશનલ નર્મદા જિલ્લામાં જલ ઉત્સવ અભિયાન અંતર્ગત લોકોમાં જળ સંસાધનોના સંરક્ષણ પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવા તેમજ નાગરિકો સ્વયંભૂ રીતે સરકારના આવા કાર્યક્રમોમાં પોતાની સહભાગીદારી સુનિશ્ચિત કરે તેવા ઉમદા આશય સાથે તા.૧૦/૧૧/૨૦૨૪ ના રોજ સવારે ૭.૩૦ કલાકે જળ ઉત્સવ રનનું આયોજન કરાયું છે. આ જળ ઉત્સવ રન શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ રાજપીપલાથી જકાતનાકા સુધીનો રહેશે. જેમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ સહિત નગરજનો પણ ઉત્સાહભેર જોડાશે.

**શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલથી જકાતનાકા સુધીના રૂટમાં નગરજનો ઉત્સાહભેર જોડાશે**

ઉલ્લેખનીય છે કે, નીતિ આયોગ દ્વારા ભારત દેશના ૨૦ જિલ્લાઓની પસંદગી થઈ છે, જેમાંથી એસ્પિરેશન જિલ્લામાં પણ તા. ૨૦ મી નવેમ્બર, ૨૦૨૪ સુધી જળ ઉત્સવ અભિયાનની ઉજવણી કરાશે. તા. ૭ મી નવેમ્બરના રોજ તેજગઢથી પ્રારંભાયેલા આ ૧૫ દિવસીય શૃંખલામાં આવતી કાલે દોડ યોજાશે.

# આહવા નગરની ગંદકીને લઈને બસપાનાં આગેવાનોનું ધરણા કરી વિરોધ પ્રદર્શન

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા નગરમાં સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ પર હોય તેવું જણાઈ રહ્યું છે.ત્યારે આહવા નગરની ગંદકી સામે ડાંગ જિલ્લાનાં બસપાનાં આગેવાનો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો તેમજ ધરણા પ્રદર્શન કરી,કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.

ડાંગ જિલ્લાનાં મુખ્યમથક એવા આહવા નગર ખાતે ગંદકીનું પ્રમાણ વધવા પામેલ છે.ત્યારે આ ગંદકીને સામે વહીવટી તંત્ર દ્વારા ગંભીરતા દાખવવામાં આવે તેવી લોક માંગ પણ વધવા પામી છે.આહવા નગરની ગંદકીને લઈને ડાંગ જિલ્લાનાં બસપાનાં આગેવાન સંગીતાબેન આહિરે, રતિલાલ ઠાકરે, મહેશભાઈ આહિરે, ઈશ્વરભાઈ ભોંયે, તુલસી રામભાઈ પાડવી, રૂબીના ખાન સહિતનાએ ધરણા પ્રદર્શન કર્યું હતુ.તેમજ ગંદકી દર્શાવતા બેનર છપાવીને વિરોધ નોંધાવ્યો હતો.અને જિલ્લા કલેકટરને આ મામલે આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. વધુમાં વડાપ્રધાનને પણ ગંદકી દર્શાવતું બેનર રવાના કરવામાં આવ્યુ હતુ.અને પ્રધાનમંત્રી ને જણાવવામાં આવ્યુ હતું કે, સ્વચ્છતા અભિયાન બાબતે ધ્યાન આપવામાં આવે કારણ કે વડાપ્રધાનનું નામ ખરાબ થઈ રહ્યું છે.



રૂ.16,500,000 નો વેરો જાય છે ક્યાં?

જેથી આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.તેમજ આહવા નગરના કુલ મતદાતાની સંખ્યા 12 હજાર જેટલી છે.અને કૌટુંબિક વસ્તી 5500 જેટલી છે.ત્યારે કુટુંબ દીઠ 3000 કે 3500 રૂપિયાની રકમ વર્ષમાં વસૂલવામાં આવતી હોય છે.

ત્યારે અંદાજે કુલ મળીને રૂ.16,500,000/- જેટલો વેરો ઉઘરાવવામાં આવતો હોય છે. તેમ છતાં વહીવટી તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાન ની અમલવારી યોગ્ય રીતે કરવામાં આવતી નથી તેવા આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા.ત્યારે હવે આ મામલાને લઈને કલેક્ટર દ્વારા આગળ શું કાર્યવાહી કરવામાં આવશે તે તો આવનાર સમયમાં જોવુ જ રહ્યુ..

### સેલંબા : નરવાડી ગામનાં ચૂંટાયેલા સભ્ય સાથે પુરવઠાના. મામલતદાર એ...

# અસભ્ય વર્તન કરવાના આક્ષેપ સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકા ના સેલંબા ગ્રુપ ગ્રામ પંચાયત માં નરવાડી ગામનાં ચૂંટાયેલા સભ્ય પંકજકુમાર વિજયભાઈ વસાવા સાથે પુરવઠા નાયબ મામલતદારે અસભ્ય વર્તન કરી ઓફિસમાંથી કાઢી મૂકવાના આક્ષેપ સાથે તેમના ઉપર કાર્યવાહી કરવા માંગ કરી છે.

રજૂઆત માં જણાવ્યા મુજબ તારીખ 08/11/2024 શુક્રવારનાં રોજ હું અરજદાર ગામનો વોર્ડ નો ચૂંટાયેલ હેઠળથી મારા નરવાડી ગામનાં લોકો મારા ઘરે આવીને રેશનકાર્ડમાં નામ ઉમેરવા, કમી કરવા કે રેશનકાર્ડ વિભાજન કરવા માટે પંચાયત કે મામલતદાર કચેરીઓમાં થતી આવી કામગીરી થી અભણ હોવાથી હું મારા ગામનાં લોકોના પ્રશ્નોને અરજદારો ને સાથે રાખીને સાગબારા મામલતદારની કચેરીએ લઈ જઈ તેમનું કામ વિના મુલ્યે કરી આપું છું છતાં મને કહ્યું કે તમે અરજદારો ઉપર પાસેથી 400-500 રૂપિયા લઈને કામો કરી આપો છે આવુ કહિને મને કચેરીમાં થી કાઢી મુકવા આવ્યો અને મારી સાથે આવેલા અરજદારો ને પણ ધમકાવતા કહ્યું કે તમારે એકલા જ આવવાનું અને માનું છું કે મેં કોના પાસેથી રૂપિયા ઉઘરાવ્યા છે અને હું મારા ગામનો ચૂંટાયેલ વોર્ડ સભ્ય અને સેલાંબા ગ્રુપ ગ્રામપંચાયત નો હારેલો સભ્ય છું તથા સાગબારા તાલુકાની તમામ રજુઆતમાં કોઈપણ પ્રકારમાં પ્રશ્નો કે કામે હોઈ તો મારે કેમ મામલતદાર કચેરી એ નહિ જવાનું.? આવું વર્તન આ પુરવઠા અધિકારી એ મારી સાથે ત્રણ વાર કર્યું છે, માટે આપને વિનંતી છે કે મારી રૂબરમાં આ બાબતનો ખુલાસો થાય અને આપની કચેરીએ આવતા અરજદારો સાથે અધિકારીઓએ કઈ રીતે વર્તન કરવું જેથી અરજદારો કચેરીએ આવતા ડરે નહીં.માટે આપ આવા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરો તેવી જિલ્લા વિકાસ અધિકારી અને સાગબારા મામલતદાર ને અરજદાર વસાવા પંકજકુમાર એ રજૂઆત કરી છે.

# રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં દર્દી સાથે માથાકૂટ થતા ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ દોડી આવ્યા

### દર્દીના સગાની ફેટ પકડી ડોકટરે બહાર કાઢી મૂક્યા હોવાથી ધારાસભ્યને બોલાવતા મામલો થાળે પડ્યો

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાની મોટી રાજપીપળા સિવિલ હોસ્પિટલ વારંવાર બદનામી નો તાઝ પહેરવા ટેવાયેલી હોય એમ એક બાદ એક આ હોસ્પિટલ ની બેદરકારી કે માથાકૂટ સામે આવે છે ત્યારે આજે બપોરે એક દર્દી માં સગા સાથે ડોકટરે અસભ્ય વર્તન કરતા ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ ને જાણ થતાં તેઓ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

મળતી માહિતી મુજબ ઉંડવા ગામના એક યુવાન ને તકલીફ થયા તે તેના દાદા અને માતા સાથે રાજપીપળા સિવિલ માં આવ્યો અને અનેક



જગ્યા પર સારવાર કરાવ્યા બાદ ફરક નહિ પડતાં સિવિલ માં દાખલ કરવા મેડિકલ વિભાગ ના હાજર ડોકટર ને દર્દીના સગા એ કહેતા આ ડોકટર અકળાઈ ગયા બાદ સગા ની ફેંટ પકડી બહાર કાઢી મૂક્યા હોવાની વાત જાણતા ધારાસભ્ય ડોકટર દર્શનાબેન દેશમુખ અને સુરેશભાઈ વસાવા ત્યાં દોડી આવ્યા હતા અને દર્દી ના સગાઓ સાથે વાટાઘાટ બાદ ત્યાં મેડિકલ વિભાગ ના હેડ ડોકટર મેણાત ને બોલાવી આ માથાકૂટ બાબતે ધારાસભ્ય એ વાત કરતા આખરે આ દર્દીને દાખલ કરવામાં આવ્યો અને આ મુદ્દે હું સાચી હકીકત જાણવા સીસીટીવી કેમેરા ચેક કરાવી શું થયું એ જાણવા પ્રયત્ન કરીશ તેમ ડોકટર મેણાત એ ધારાસભ્ય ને જણાવ્યું હતું. દર્દીઓ સાથે અસભ્ય વર્તન કરતા કેટલાક ડોકટરો માટે ડીન સાથે ખાસ મિટિંગ કરવા ધારાસભ્ય એ વાત કરી હતી.

### જવાબદાર અધિકારીએ સ્થળ પર હાજર રહેવું જોઈએ : ધારાસભ્ય

અમે આ માથાકૂટ મામલે ધારાસભ્ય ડો. દેશમુખ સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે વારંવાર કેટલાક ડોકટરો દર્દીઓ સાથે ખરાબ વર્તન કરતા હોવાની ફરિયાદ મને મળે છે અને આજની ઘટના માં તો સિવિલ ના નિવૃત્ત કર્મચારી ના પૌત્ર ને દાખલ કરવા માટે આ માથાકૂટ થઈ એ ખોટી બાબત છે દર્દી ગમે તે હોય ડોકટરે તેને જરૂરી સારવાર આપી જરૂર લાગે તો દાખલ કરવા જોઈએ અને ગમે તેવું વર્તન તો ડોકટર ને ના શોભે. આવી ઘણી ઘટના સમયે હોસ્પિટલ ના સુપ્રિટેન્ડેન્ટ અને અર. એમ. ઓ હાજર નથી મળતા તેવા સવાલ ના જવાબ માં ધારાસભ્ય ડૉ. દેશમુખ એ કહ્યું કે આ ખોટી બાબત છે, ભલે સુપ્રિટેન્ડેન્ટ અહીંયા હાજર ન હોય પરંતુ તેમના હેડ ક્વાટર પર તેમણે હાજર રહેવું જોઈએ.

# મારપીટ અને છેડતીના ગુનામાં સંડોવાયેલ 4 આરોપીઓની આહવા પોલીસે કરી અટકાયત

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં દેવીનામાળ કેમ્પ સાઈટ જતા ગેટ પાસે 7 - 8 વ્યક્તિઓ દ્વારા એક યુવતી તથા પરિવારનાં સભ્યોને માર મારવામાં આવ્યો હતો.તેમજ યુવતીની છેડતી કરવામાં આવી હોય તેવા આક્ષેપો સાથે આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.ત્યારે ડાંગ જિલ્લા એલસીબી અને આહવા પોલીસે સંયુકત ટીમ બનાવી આ ગુનામાં સંડોવાયેલ 4 આરોપીઓની અટકાયત કરી છે.વલસાડ ખાતે રહેતી 28 વર્ષીય યુવતી તેમના કુટુંબી ભાઈ તથા અન્ય સંબધી સાથે આહવાથી સ્કુટી તથા કારમાં સવાર થઈ દેવીનામાળ કેમ્પ સાઈટ ફરવા માટે જઈ રહ્યા હતા.ત્યારે દેવીનામાળ કેમ્પ સાઈટ ગેટ પાસે પહોચતા સામેથી અર્ટિગા ફોર વ્હીલ ગાડીમા તથા મોટરસાયકલ પર 7 ઈસમો આવ્યા હતા.અને યુવતીના સંબંધીઓનાં વાહન સામે અર્ટીગા કાર ઉભી રાખી ગેરકાયદેસર અવરોધ કરી અપશબ્દો બોલવા લાગ્યા હતા. ત્યારે યુવતી તથા અન્ય પરિવારના સભ્યો બચાવવા વચ્ચે પડતા તેઓને પણ ઢીકા-મુક્કી કરી માર માર્યો હતો.અને યુવતીની લાજ લેવાના ઈરાદે ઓઢણી ખેંચી હાથ ખેંચી છેડતી કરવામાં આવી હતી. એવા આક્ષેપો સાથે આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવેલ હતી. ત્યારે આહવા પોલીસે ગુન્હો નોંધી આગળની તજવીજ હાથ ધરી હતી.અને ડાંગ જિલ્લા એલસીબી તથા આહવા પોલીસની એક સંયુક્ત ટીમ બનાવવામાં આવી હતી.

# પ્રાથમિક શાળા, ઉકરડીના શિક્ષક વીરસીંગ હઠીલા દાહોદ જિલ્લાનું ગૌરવ બન્યા

દિપક રાવલ | દાહોદ

આપણે જોઈએ અને જાણીએ છીએ કે, પોતાની સર્વિસ પૂર્ણ થતાં નિવૃત્ત સમયે ઘણાયે અધિકારીઓ-કર્મચારીઓ પાર્ટી અથવા ડી જે, વરઘોડા સાથે વાજતે - ગાજતે નિવૃત્તિનું આયોજન કરી તેમાં ગજા ઉપરાંતનો ખર્ચ કરી દેતા હોય છે. જેમાં સગા-સંબંધી, સ્નેહીજનો, ગ્રામજનો, મિત્રો વગેરે નાચ - ગાન કરીને શુભેચ્છાઓ પાઠવી જમીને છૂટા પડી જતા હોય છે. પરંતુ અહીં દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના ઉકરડી ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વીરસિંગભાઈ હઠીલાની વાત જ કંઈ નિરાળી છે. નિવૃત્તિ સમયે તેમણે ઝાકમ-ઝોળવાળી ઉજવણી ન કરતાં પોતાના વતન એવા પહાડ ગામને જરૂરી એવી એક એમ્બયુલન્સ ભેટ આપીને સમાજને મદદરૂપ બની અન્ય નિવૃત થતા કર્મચારીઓ - અધિકારીઓ માટે પ્રેરણારૂપ બન્યા છે. આજના સમાજને એક નવી રાહ ચીંધે તેવી પ્રેરણાદાયી ભેટ પોતાના વતનને આપીને તેમની નિવૃત્તિને સ્મરણીય બનાવી છે. કહેવાય છે ને કે, શિક્ષકનું જીવન જ આવનાર ભવિષ્યને કંડારવાનું હોય છે. ભવિષ્યના પાયાનું નિર્માણ શિક્ષકના હાથમા હોય છે, બસ આવી જ ભાવના સાથે તા.૩૧મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થતા વીરસિંગભાઈએ પોતે પોતાની માતૃભૂમિ - માદરે વતન એવા પહાડ ગામને પોતાની નિવૃત્તિ સમયે એમ્બ્યુલન્સ ભેટમાં આપીને માતૃભૂમિનું ઋણ અદા કરવા એક શિક્ષકને શોભે એવું પ્રેરક કામ કર્યું છે. દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના પહાડ ગામના વતની એવા ખૂબજ કર્મનિષ્ઠ અને પ્રામાણિક શિક્ષક વીરસિંગભાઈએ પોતાની નિવૃત્તિ સમયે કહ્યું હતું કે ''મારે મારી નિવૃત્તિની કોઈ ઉજવણી કરવી નથી પરંતુ મારા ગામના લોકોની પીડામાં રાહત થાય એવું કંઈક કરવું છે. વર્ષો સુધી બીજા ગામમાં નોકરી કરી છે, મને મારા ગામની સેવા કરવાનો કે, મારા ગામ માટે કશું કરી શક્યો નથી, મારા ગામની મૂશ્કેલીઓ તરફ ધ્યાન અપાયું નો 'તું.



### વઘઇ પોલીસ મથકમાં નોંધાયેલ પોક્સો કેસમાં સંવેદનશીલ અભિગમ

# ડાંગ પોલીસ વિભાગ ભોગ બનનાર સગીરા સહીત બાળકનાં મદદે આવ્યુ...

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા એક પોક્સો કેસમાં ડાંગ જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલનાં માર્ગદર્શન હેઠળ પી.આઈ. વી.કે.ગઢવીની ટીમે સંવેદનશીલ અભિગમ દાખવીને ભોગ બનનાર સગીર બાળકીની મદદ કરી છે.આ સગીરાને ગર્ભ રહી જતા હાલમાં તે 1 મહિનાનાં બાળકની માતા છે.ત્યારે ડાંગ પોલીસે નાના બાળકને કામમાં આવતી ચીજ વસ્તુઓ અને કપડાઓની કીટ આપી ભોગ બનનારની મદદ કરી છે.ડાંગ જિલ્લાના આહવા તાલુકાના એક ગામની એક સગીરા (ઉ. વ.13)નાં લગ્ન 2021માં સોનાઈબેન ઉલેશભાઈ પવાર અને રાધુબેન ઈશાનભાઈ બરડેનાઓએ વિજય ઈશાનભાઈ બરડે સાથે કરાવ્યા હતા. અને સગીરા ગત તા.15/08/2024નાં રોજ માતા બનતા સગીરાની મોટી બહેને મહારાષ્ટ્રના પુનાના યવત પોલીસ મથકે સોનાઈબેન પવાર, રાધુ બેન બરડે ને વિજય બરડે વિરુદ્ધ ઝીરો નંબરથી ગુનો નોંધાવ્યો હતો.આ ગુનો ટ્રાન્સફર થઈને વઘઈ પોલીસ મથકે નોંધાયો હતો. વઘઈ પોલીસ મથકના પીએસઆઈ એમ.એસ.રાજપૂતે સત્યતા તપાસી ત્રણેય વિરુદ્ધ પોસ્કો અને બળાત્કાર હેઠળનો ગુનો દાખલ કર્યો હતો. ત્યારે આ ભોગ બનનાર સગીરાનું હાલ એક મહિનાનું બાળક છે. જેથી ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણિયાની સૂચના અને માર્ગદર્શન મુજબ ડાંગ પોલીસ વિભાગની ટીમે અભિગમ દાખવી નાના બાળક ને કામમાં આવતી ચીજવસ્તુઓ અને કપડાઓની કીટ આપી ઉમદા કામગીરી કરવામાં આવી હતી.અહી પી.આઇ. વી.કે.ગઢવી,એ.એસ.આઈ લાલજીભાઈ,પી.સી. જયેશભાઈ, પીએસઆઈ એસ.બી.ટંડેલ, વુપોકો વનિતાબેન, વુ.પો.કો.સુપ્રિયા કુમારીની ટીમ ભોગ બનનાર દીકરીને મળી સંવેદના વ્યક્ત કરી તેમજ પ્રોજેક્ટ સંવેદના હેઠળ ભોગ બનનારને સરકાર તરફથી મળતી તમામ યોજનાઓનો લાભ મળે તેના માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.ડાંગ પોલીસ દ્વારા સુરક્ષાની સાથે સાથે માનવતા અને ઉદારતાનો અભિગમ અપનાવતા સૌ કોઈએ તેઓની કામગીરીને બિરદાવી હતી.

# ગુજરાત પાસે છે હિલ સ્ટેશનોનો ખજાનો...



**દિવાળીનો તહેવાર પતી ગયો. છોકરાઓને પડેલું વેકેશન પણ હવે પૂરું થવાની તૈયારીમાં છે. ગુજરાતીઓ આમ પણ ફરવાના ખુબ શોખીન હોય છે અને પહાડોના શોખીન હોય તો માઉન્ટ આબુ, ઉત્તર ભારતમાં નૈનીતાલ, મસૂરી, સીમલા જ્યારે દક્ષિણમાં ઊટી, કોડાઈકેનાલ, કુર્ગ સહિત અનેક એવા હિલ સ્ટેશનો પર લોકો પહોંચી જાય છે. ત્યારે શું તમને ખબર છે કે આપણા ગુજરાત પાસે પણ એવા એવા એકથી એક ચડિયાતા હિલ સ્ટેશનો છે કે વાત ન પૂછો. એ વાત અલગ છે કે અનેક જગ્યાઓ હજુ જોઈએ એવી એક્સપ્લોર થઈ નથી જેના કારણે લોકોના ધ્યાનમાં ચડતા વાર લાગે છે. પરંતુ એકવાર આ જગ્યાઓ વિશે ખાસ જાણો....**

## વિલસન હિલ્સ

વિલસન હિલ્સ પણ એક એવું હિલ સ્ટેશન છે જે ઓછું એક્સપ્લોર થયેલું છે. ગુજરાતનું આ એકમાત્ર એવુ હિલ સ્ટેશન છે, જ્યાંથી સમુદ્રનો નજારો પણ જોઈ શકાય છે. એકવાર તમે આ જગ્યા પર આવશો તો તમને બીજે ક્યાય જવાનું મન નહિ થાય. વિલ્સન હિલ્સ ગુજરાતનું પ્રખ્યાત હિલ સ્ટેશન (hill station) છે, પરંતુ તે વધુ એક્સપ્લોર થયુ નથી. તેમાં પણ આ જગ્યા ચોમાસામાં તેની સુંદરતા સોળે કળાએ ખીલી ઉઠે છે. વિલ્સન હિલ્સ વલસાડના ધરમપુરમાં આવેલુ છે. વિલ્સન હિલ્સ જંગલોથી ઘેરાયેલુ હિલ સ્ટેશન છે. તે પયંગબરી વન્યજીવ અભ્યારણ્ય પાસે આવેલુ છે. તે ગુજરાતનુ એકમાત્ર એવુ હિલ સ્ટેશન છે, જ્યાં સમુદ્રને પણ જોઈ શકાય છે. પરંતુ જો તમે વિલ્સન હિલ જવાનો વિચાર કરી રહ્યા છો તો તમારે તેના વિશે માહિતી મેળવવી જરૂરી છે. એકવાર આ હિલ સ્ટેશનનો લ્હાવો પણ જરૂરી લેવા જેવો છે.




## ડોન હિલ સ્ટેશન




જો તમે ફરવાના શોખીન હોવ તો ગુજરાતના આ ઓછો એક્સપ્લોર થયેલા ડોન હિલ સ્ટેશન વિશે પણ ખાસ જાણજો. ઉત્તર ગુજરાતમાંથી લોકો માઉન્ટ આબુ ફરવા માટે જાય છે જ્યારે દક્ષિણ ગુજરાતમાંથી લોકો સાપુતારા જાય છે. જો સાપુતારા ન જવું હોય તો આ એક બેસ્ટ ઓપ્શન છે. ડાંગ આમ જોઈએ તો મુખ્યત્વે આદિવાસીઓનો વિસ્તાર છે. અહીં આદિવાસી સમુદાયની વસ્તી વધુ છે એટલે તમે તેમની રહેણી કરણી અને તેમના ઘર, ભોજન વગેરે વિશે નવી નવી માહિતી પણ મેળવી શકો છો. સુરત શહેરથી ડોન હિલ સ્ટેશન લગભગ 150 કિમી દૂર છે. ડોન અને સાપુતારા વચ્ચેનું અંતર લગભગ 50 કિમી છે. સાપુતારાની જેમ આ હિલ સ્ટેશન પણ 1070 મીટરની ઊંચાઈએ છે. એટલે તમે ડોન થઈને મહારાષ્ટ્ર તરફ પણ ફરવા જઈ શકો છો. એકવાર ચોક્કસપણે આ હિલ સ્ટેશન તમારે જોવા જેવું છે.

## ગિરનાર

ગિરનાર પહાડની શ્રૃંખલા જૈનો અને હિન્દુઓ માટે સૌથી મહત્વપૂર્ણ તીર્થ સ્થળોમાંથી એક છે અને ગુજરાત પાસે જે સારા પહાડી સ્થળો છે તેમાં ગણાય છે. તે ગુજરાતના જૂનાગઢ શહેરથી પાંચ કિલોમીટર ઉત્તરે આવેલ પર્વતોનો સમૂહ છે. જ્યાં સિદ્ધ ચોરાસીના બેસણાં છે. પાંચ શીખરો છે જેમાં ગોરખ શિખર, અંબાજી શિખર, ગૌમુખી શિખર, જૈન મંદિર શિખર, માળી પરબ છે. ગિરનાર ગુજરાતનો ઊંચામાં ઊંચો પર્વત છે. ગિરનારના પાંચ પર્વતો પર કુલ 866 મંદિરો છે. હિન્દુ ધર્મ ઉપરાંત, જૈન ધર્મને પાળતા લોકો માટે પણ મહત્વનું યાત્રાધામ છે. અહીં આવેલું મીરા દાતાર મુસ્લિમોનું પવિત્ર સ્થળ છે.



## પાવાગઢ



**પાવાગઢ એ સુરથી માત્ર 200 કિમીના અંતરે અને પંચમહાલ જિલ્લામાં આવેલું એક સુંદર પહાડી સ્થળ છે. પાવાગઢની પહાડીઓથી પડતા ઝરણાની શ્રૃંખલા તેને સૌથી મનોરમ્ય અને અદભૂત સ્થળ બનાવે છે. પાવાગઢ હિલ્સ સાહસ પ્રેમીઓ અને પ્રકૃતિ પ્રેમીઓ માટે બેસ્ટ જગ્યા છે. અહીં કાલિકા માતા મંદિર, પાવાગઢ કિલ્લો, જૈન મંદિર, જામા મસ્જિદ જેવા પ્રમુખ આકર્ષણો છે.**

# ગૃહે શું લક્ષ્મી, કાર્યેષુ મંત્રી, ભોજને શું માતા, શયને શું રંભા...




**આધિપત્ય કોનું?**
**- રુપાલી દવે**

શાસ્ત્ર અનુસાર પુરુષ ના ચાર કર્મ અર્થ, કામ, મોક્ષ, ધર્મ સ્ત્રી છે એટલે પુરુષ ની આદિશકિત સ્ત્રી છે.આ કારણોસર દેશ કે ઘરનું અર્થતંત્ર મજબૂતી સ્ત્રી પુરુષ ના આપસી વિચાર વિમર્શ થતાં હોય છે. દેશ દુનિયા પર સત્તા જમાવવા માટે આર્થિક રીતે મજબૂત થવું એ દેશની મજબૂરી કે તાકાત છે..યુગો સુધી અંગ્રજો એ દુનિયાના દરેક દેશો પર અત્યાચાર અને દમન સાથે રાજ કર્યું એનું મુખ્ય કારણ એ સમયે વિશ્વ મા ઈંગ્લેન્ડ ની ઈકોનોમિક સૌથી પાવર ફૂલ હતી.આ દુનિયા પૈસા ફેક તમસા દેખ ની છે,માણસ કરતાં કરન્સી મહત્વ ની છે. યુ.એસ ની ચુંટણી બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ઓપોઝિટ પાર્ટી ની મહિલા ઉમેદવાર સામે બમપર વોટ થી જીત્યાં આ વાત વિશ્વ ના પ્રિન્ટ મીડિયા થી લઈને ડિજિટલ મીડિયા ને હજમ ના થઈ. ટ્રમ્પ ની જીત ને સેલિબ્રેટ કરવાના બદલે યુ.એસ માં "મેલ ડોમીનેટેડ" સમાજ વસે છે ને ત્યાં આટ આટલા વર્ષો બાદ પણ મહિલા રાષ્ટ્રપતિ નથી. કમલા હેરિસ એક પાવર ફૂલ રાજનેતા છે એજ રાષ્ટ્રપતિ બનવી જોઈતી હતું વગેરે વગેરે વગેરે.કમલા હેરિસ ને હીરો અને યુ.એસ સમાજ ને વિલન સાબિત કરતા લોટસ ઓફ આર્ટિકલ પ્રકાશિત થયા અને મીડિયામાં આ વિશે ચર્ચાઓ દરમિયાન બધાએ પોતપોતાની હિપોક્સી વ્યક્ત કરી. આ હિપોક્સી વ્યક્ત કરી હતી.પરંતુ બાયદન ના નેતૃત્વ માં ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરિસ એ શું અને કેવા અને કેવા પ્રકારના કાર્ય કર્યા એ વિશે વિશ્લેષણ કદાચ નથી થયું. ઉમેદવાર ની મજબૂતી એના કાર્ય અને ઉતમ નિર્ણયો થી સાબિત થાય છે. છેલ્લા ચાર વર્ષમાં બાયડન અને કમલા હેરિસ ના સયુંકત ઉપક્રમે યુ એસ વેપાર મુદ્દે,આર્થિક સ્ટેજે, ઈમિગ્રન્ટ્સ ની વધતી જતી સંખ્યાના મુદ્દે વગેરે મુખ્ય મુદ્દાઓને સાઈડ કરીને અન્ય દેશો મા દાખલ ગિરિ કરીને યુદ્ધો કરાવવા માં સક્રિય ભાગ ભજવ્યો હતો. સામન્ય રીતે સમજો કે જો પરિવાર ના મુખ હેડ ગણાતા પિતા એ પરિવાર ના ત્રણ સભ્યો ની લાઈફ ને સાચવવા ના બદલે બાજુ વાળા ના ઝગડા માં તન્મય બની જશે તો એનું પરિણામ શું આવશે? Obvious છે કે પુરુષ નું ધ્યાન પરિવાર માંથી હટતા જ વિખરાઈ જશે. એનુ મુખ્ય કારણ એ પરિવાર ને એક તાંતણે બંધવા નું કાર્ય પરિવાર ના હેડ નું હોય છે.જો પરિવાર નો મુખ્ય હેડ નબળો તો પરિવાર ના સભ્યો પોતાનો પાવર વાપરી ને મનફાવે એમ કરશે.

"મેલ ડોમીનેટેડ" સમાજ લખનાર બોલનાર વિદ્વાનો પોતપોતાની હિપોક્સી પ્રગટ કરવામાં એટલા વ્યસ્ત બની ગયા છે ને કે મુખ્ય વાત "આ સૃષ્ટિમાં મનુષ્યથી લઈને પ્રાણીઓ,પક્ષીઓ, જીવજંતુઓ વગેરે માં પુરુષો નું જ આધિપત્ય છે. માન્યું કે સ્ત્રી બાળક ને જન્મ આપી ને સૃષ્ટી ના સર્જન માં મદદ રૂપ થાય છે. પરંતુ લખનાર ભૂલે છે કે પુરુષ ના સાથ વગર સ્ત્રી માટે મેલ કે ફિમેલ નું સર્જન કરવું અશક્ય છે." એકવાર પ્રકૃતિ એ ઈશ્વર ને પૂછ્યું કે સૃષ્ટી ના સર્જન નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?ત્યારે ઈશ્વર એ પ્રકૃતિ ને કહ્યું કે "સ્ત્રી પુરુષ ના અતુટ સબંધ નું નિર્માણ" નો ઉદ્દેશ્ય છે. પુરુષ નું આધિપત્ય ખુદ પ્રકૃતિ એ સ્વીકાર્યું છે,કેમ? સ્ત્રી લાગણીશીલ સ્વભાવ ની વધારે હોય છે એટલે એ હદય થી વિચારે છે ને પુરુષ એ લાગણીશીલ તો હોય છે પરંતુ એ પ્રત્યેક નિર્ણયો બુધ્ધિ થી વધારે કરતા હોય છે એટલે જ સુખી સંપન્ન પરિવારો માં ક્યારેય સમસ્યા નથી થતી. એવું નથી કે સ્ત્રી ના નિર્ણયો કે વિચારો નું અસ્તિત્વ નથી છે જ,સ્ત્રીઓ એના બાળકો પર પુરુષ કરતા વધારે લાગણીઓ ન્યોછાવર કરતી હોવાના લીધે યુવાન થતાં બાળકો માં ના પ્રેમ નો લાભ લઈને બગડી શકે છે. આ વાત ના લીધે પુરુષો બાળકો ના ઉછેર વખતે સખ્ત વધારે રહેતા હોય છે એવું નથી કે એ પોતાના બાળકો ને પ્રેમ નથી કરતા.પુરુષ ના આધિપત્ય ધરવતા સમાજ નું નિર્માણ મનુષ્ય નું ધરતી પર સર્જન થયું ત્યારથી છે.


દુર્ગા સપ્તશતી અનુસાર માં જગદંબા એ મા મહા સરસ્વતી, માં મહા લક્ષ્મી અને માં મહાકાળી સ્વરૂપે પ્રગટ થઈને વિદ્યા,ધન અને તાકાત નો પરચો આપ્યો હતો. જ્યારે માતાજી એ રક્તબીજ દૈત્ય ના વધ કર્યો ત્યારે માતાજી એ અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું આ સ્વરૂપ ને સહન કરવાની તાકાત દેવો કે દેવીઓ માં નહતી માતાજી ને સૌમ્ય સ્વરૂપમા લાવવા માટે ભગવાન ભોળાનાથ રસ્તા પર સૂઈ ગયા હતા.માતાજી એ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ ત્યારે દૈત્યો ના વધ સિવાયનું બધું ભૂલી ગયા હતા પરંતુ રસ્તા પર સૂતેલા ભગવાન ભોળાનાથની છાતી પર પગ મૂકતાં જ એની આંખો માંથી સરતા આંસુઓ જમીન પર સૂતેલા ભગવાન ભોળાનાથ પર પડ્યા. પુરુષ વગર સ્ત્રી અને સ્ત્રી વગર પુરુષ નું અસ્તિત્વ અશક્ય છે.



વર્તમાન સમયમાં પ્રત્યેક પરિવાર માં સન્માન અને સૌથી વધારે પ્રેમ કે હૂંફ મેળવતી પાત્ર સ્ત્રી છે.સમાનતા ના માપદંડ માં સ્ત્રી પુરુષો ને સરખા અકવામાં આવે છે ત્યારે શું કામ વિચિત્ર "પુરુષો ના આધિપત્ય" જેવી વાત કરીને સમાજ માં સ્ત્રીઓને બિચારી દેખાડવા પ્રયત્ન કરવાના.મોટાભાગના પરિવાર ના સભ્યો સ્ત્રીઓના સંઘર્ષ ને સહર્ષ સ્વીકારી ને દિનરાત વખાણ કરતા હોય છે. થોડા દિવસ પહેલા મારે અમદાવાદ માં વરસો થી કાપડ સબંધીત વેપાર કરતી સાહસિક મહિલા ને મળવાનું થયું. દેખાવે એકદમ સિમ્પલ મતલબ સ્માર્ટ શબ્દ સાથે એને દૂર દૂર સુધી સબંધ નહિ પરંતુ એની વેપારી બુધ્ધિ ભલભલા વેપારીઓને ચોક્કસ પાછળ પાડી શકે. ખાસ ભણેલા નથી પરંતુ એના હાથ માં સિલાઈ નું હુન્નર અને કાપડને સુગંધ માત્રથી ઓળખવાની પરખ ભારોભાર છે. વર્ષો પહેલા લગ્ન કરીને નાનકડા ગામ માંથી અમદાવાદ આવ્યા ત્યારે એનું જીવન તદન સામાન્ય મધ્યમ વર્ગીય હતું.પતિ ચિત્રકાર એટલે ઘરમાં ખાસ આવક નહતી એટલે શરૂઆત માં આજુબાજુ રહેતા લોકોના કપડા સીવવા નું કામ શરૂ કર્યું. સિલાઈ કામ થી આવક વધતા ખુદનો નાનકડો વન બેડરૂમ હોલ નો ફ્લેટ લીધો એના લીધે એના નીરસ જીવનમાં રોનક આવી.પતિ એ પોતાની કલા ને સાઈડ ઈનકમ માની ને પત્નીને સાથ સહકાર આપ્યો. પતિ પત્ની ના એકબીજા ના સાથ સહકાર ના લીધે જે નાના પાયે વરસો પહેલાં લખનૌવી કાપડનો બિઝનેસ ઘરેથી શરૂ કર્યો હતો એ બિઝનેસ માં સફળતા મળતાં વર્તમાન માં આ બહેન અનેક દુકાનો ફ્લેટ વગેરે ની માલિક છે.ધાર્યું હોત તો એના પતિ એ એના હુન્નર ને મહેનત કરીને આગળ વધાર્યું હોત ને કદાચ સફળ ચિત્રકાર બન્યા હોત.ભાઈ ની ચિત્રકારી એટલી બધી હદે સુંદર છે કે એના ચિત્રો નિહાળીને "wow" શબ્દ આપોઆપ નીકળી જાય છે.આ વેપાર સાહસિક સ્ત્રીના પ્રત્યેક શબ્દ માં સફળતા પાછળ એના પતિ ની અથાક મહેનત ના ગુણગાન કરતા હોય છે.એ સતત પ્રેમ થી પતિ ની એની પાછળ કરેલ મહેનત સ્વીકારી ને બોલતી હતી કે મારા નારાયણ મને "પુરુષ પ્રધાન" સમાજ માંજ કાયમ જન્મ આપજે. કદાચ મારા આર્ટિકલ બાદ ઘણા ને પ્રશ્ન થશે કે સ્ત્રી હોવા છતાંય પુરુષ આધિપત્ય સમાજ ની તરફેણ કરે છે. હા!!હું પુરુષ આધિપત્ય સમાજ માં સુરક્ષિત અને ખુદ ને ખૂબ ખુશ સમજુ છું. એ પણ સહર્ષ સ્વીકારું છું કે મારા પપ્પા ના સંસ્કાર અને પતિ ના શંકા રહિત સાથ સહકાર ના લીધે જ મારું કાર્ય સફળતા થી કરી શકું છું. મારા દીકરાની એક વાત મને કાયમ પસંદ છે કે "આધુનિકતા નો મતલબ એ નહિ કે ગમે ત્યારે મોં ખૂલે ત્યારે જમાં ઉધાર પાસુ વિચર્યા વગર બફાટ કરવો." પુરુષ સ્ત્રી સમાજ ના ચક્કર માં પડ્યા વગર અમેરિકા નું બેઝિક સમજશો તો સમજાશે કે દુનિયા માં નંબર વન દેશ બનાવવા પાછળ પુરુષ રાષ્ટ્રપતિ ના સતત સંઘર્ષ અને મહેનત છે. આમજ નંબર વન નથી બનાતું એના માટે મજબૂત નિર્ણય શકિત અને તાકાત જોઈએ. કમલા હેરિસ ના ચાર વર્ષ દરમિયાન ના સેક્યુલર નોન સેક્યુલર ના કર્યો ચકાસો ને પછી ખુદને પ્રશ્ન પૂછો કે યુ.એસ ની પબ્લિક એ જંગી બહુમતી થી ટ્રંપ ચૂંટ્યા એની પાછળ એવા ઘણા કારણો જવાબદાર હશે એટલે કમલા હેરિસ ની નિષ્ફળતા ને "પુરુષ આધિપત્ય સમાજ" ના નામે નિંદારસ મૂલવવા ના બદલે એટલું વિચારો કે આ જંગી સફળતા પાછળ લાખો મહિલાઓનો પણ ડોનાલ્ડ ટ્રમ્પ ને વિજયી બનાવવા માં સહયોગ છે. તો પછી એક ના કામયાબ મહિલા ખાતર લાખો મહિલાઓ નું અપમાન શું કામ?...

# અથિયા શેટ્ટી મમ્મી બનશે...

## કે.એલ. રાહુલ સાથે પોસ્ટ કરીને આપ્યા ગુડ ન્યૂઝ, 2025માં બાળકના સ્વાગત માટે તૈયાર...




(એજન્સી) મુંબઈ | તા.09

ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહેલા ભારતીય ક્રિકેટર કેએલ રાહુલ માટે વર્ષ 2025 ખૂબ જ ખાસ રહેવાનું છે. ખરેખર, કેએલ રાહુલની પત્ની અને સુનીલ શેટ્ટીની પુત્રી આથિયા શેટ્ટી પ્રેગ્નન્ટ છે. કેએલ રાહુલ અને આથિયા શેટ્ટીએ 2023માં લગ્ન કર્યા હતા, લગ્નના ત્રણ વર્ષ બાદ અથિયા માતા બનવા જઈ રહી છે. આ સારા સમાચાર બીજા કોઈએ નહીં પણ કેએલ રાહુલ અને અથિયાએ પોતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટમાં શેર કર્યા છે. તેમણે કહ્યું કે આવતા વર્ષે તેના ઘરે એક નાનો મહેમાન આવવાનો છે. કેએલ રાહુલ અને આથિયા શેટ્ટીએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું, 'અમારું સુંદર વરદાન 2025માં જલદી આવી રહ્યું છે'.

નોંધનીય છે કે, લાંબા સમય સુધી રિલેશનશિપમાં રહ્યા બાદ કેએલ રાહુલ અને આથિયા શેટ્ટીએ 23 જાન્યુઆરી 2023ના રોજ લગ્ન કર્યા હતા. ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણી પહેલા જ બંનેએ લગ્ન કરી લીધા હતા. હવે બંનેએ કાંગારૂ ટીમ સામે 5 મેચની ટેસ્ટ સિરીઝ પહેલા જ સારા સમાચાર આપ્યા છે. પોસ્ટ શેર કરીને લખ્યું... કેએલ રાહુલ અને આથિયાએ પોસ્ટ શેર કરી અને લખ્યું, 'અમારું સુંદર આશીર્વાદ ખૂબ જ જલ્દી આવી રહ્યું છે.' આ પછી બંનેએ પોતાની વાત વધુ સ્પષ્ટ કરી અને 2025 લખીને બાળકના પગના નિશાન બનાવ્યા. સેલેબ્સ અભિનંદન આપી રહ્યા છે જ્યારથી આથિયા અને કેએલ રાહુલે પોસ્ટ શેર કરી છે, ત્યારથી તેમને અભિનંદન આપવા લોકોની કતાર લાગી ગઈ છે. રકુલ પ્રીત સિંહે લખ્યું, 'ઓએમજી! અભિનંદન! હું તમારા માટે ખૂબ જ ખુશ છું.' જ્યારે અથિયાનો ભાઈ અહાન શેટ્ટી ભાવુક થઈ ગયો હતો.

આથિયા શેટ્ટીના ભાઈ અહાન શેટ્ટીની પ્રતિક્રિયા આ પોસ્ટ પર અલગ-અલગ લોકોની પ્રતિક્રિયા આવી રહી છે. અથિયાના ભાઈ અહાન શેટ્ટીએ આ અંગે ઈમોશનલ ઈમોજીસ શેર કર્યા છે.

આથિયા શેટ્ટીનો જન્મદિવસ આથિયા અને કેએલ રાહુલે ગયા વર્ષે જાન્યુઆરીમાં લગ્ન કર્યા હતા. આ પહેલા તેઓ લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. આથિયાએ થોડા દિવસો પહેલા તેનો જન્મદિવસ ઉજવ્યો હતો અને તેના ક્રિકેટર-પતિ કેએલ રાહુલ તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ મળી હતી.

# 'અમે હજી એક પરિવાર છીએ':નતાશા સ્ટેનકોવિકે 5 વર્ષ બાદ તોડ્યું મૌન, કહ્યું-દીકરાને મમ્મી-પપ્પા બંનેની જરૂર...




બોલિવૂડ એક્ટ્રેસ અને મોડલ નતાશા સ્ટેનકોવિક છેલ્લા કેટલાક સમયથી પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. એક્ટ્રેસે સ્ટાર ક્રિકેટર હાર્દિક પંડ્યા સાથે લગ્ન કર્યા હતા, પરંતુ પછી કેટલાક અંગત કારણોસર, બંનેએ અલગ થવાનો નિર્ણય કર્યો. નતાશાને દીકરાની કસ્ટડી મળી અને ત્યારથી તે મોટાભાગનો સમય ભારતની બહાર રહે છે. ફેન્સને નતાશાના પર્સનલ લાઈફની ઝલક મળતી રહી પરંતુ હાર્દિકથી છૂટાછેડાના પ્રશ્ન પર તે ચૂપ રહી. છેલ્લા પાંચ વર્ષથી ફિલ્મો અને કોઈપણ પ્રકારના કામથી દૂર રહેલી નતાશાએ આખરે મૌન તોડ્યું છે.

**નતાશા સ્ટેનકોવિક કમબેક માટે તૈયાર**

નતાશા સ્ટેનકોવિકે ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, હવે તે કમબેક માટે તૈયાર છે. એક્ટ્રેસે કહ્યું કે વસ્તુઓ ધીમે ધીમે નોર્મલ થઈ રહી છે અને તે કામ શોધી રહી છે. નતાશાએ જણાવ્યું કે ઘણા લોકોને લાગે છે કે હવે હું કામ નહીં કરૂ અને તે એવું વિચારે છે તેના પુત્ર અગસ્ત્ય સાથે સર્બિયા પાછી શિફ્ટ થઈ જશે, પરંતુ એવું નથી. એક્ટ્રેસે કહ્યું કે આવી અટકળો છતાં તે ભારતમાં જ રહેવાનું વિચારી રહી છે.

**'અમે હજી એક પરિવાર છીએ'**

નતાશા સ્ટેનકોવિકે કહ્યું, હું કેવી રીતે પાછી જઈ શકું? મારે એકને એક દીકરો છે. તે અહીં સ્કૂલે જાય છે. મારી પાસે કોઈ વિકલ્પ નથી. બાળકને અહીં જ રહેવાની જરૂર છે. તેનો જન્મ અહીં થયો હતો. તેનો પરિવાર પણ અહીં જ છે, અમે (હાર્દિક અને હું) હજુ પણ એક પરિવાર છીએ. મેં તે નિર્ણય નથી લીધો કારણ કે અગસ્ત્યને મમ્મી-પપ્પા બંનેની જરૂર છે. નતાશાએ કહ્યું કે, મને અગસ્ત્ય સાથે રહેવું ગમે છે. તે હંમેશા દરેક પરિસ્થિતિમાં તેની સાથે રહેશે. તે મારા માટે સર્વસ્વ છે. હું માનું છું કે દુનિયામાં કોઈ ખરાબ લોકો નથી. કેટલાક પ્રસંગોએ હું મૌન રહું છું, મેં વધુ કહ્યું નથી, હું એવી રીતે જીવું છું જાણે મને કોઈ ફર્ક નથી પડતો.

# અનંતે સંભળાવ્યો વિનોદની 'ઈન્સાફ'નો કિસ્સો

## કહ્યું, ટિકિટ માટે 1 કિલોમીટર લાંબી લાઈન હતી; આ ફિલ્મ 1987માં થઈ હતી રિલીઝ

(એજન્સી) મુંબઈ | તા.09

એક્ટર અને ડાયરેક્ટર અનંત મહાદેવને તાજેતરમાં વિનોદ ખન્ના વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, વિનોદ ખન્ના અમેરિકાના ઓશો આશ્રમમાં ગયા હોવા છતાં તેમની લોકપ્રિયતા એટલી બધી હતી કે જ્યારે ફિલ્મ 'ઈન્સાફ' રિલીઝ થઈ ત્યારે ટિકિટ માટે થિયેટરોની બહાર લોકોની લાંબી લાઈનો હતી.

સિદ્ધાર્થ કન્નન સાથેની મુલાકાતમાં, અનંત મહાદેવને વિનોદ ખન્ના સાથે કામ કરવાના અનુભવ વિશે વાત કરી. અનંત મહાદેવને કહ્યું, હું હંમેશા વિનોદ ખન્ના જેવા મોટા કલાકાર સાથે કામ કરવા માંગતો હતો. જ્યારે તમે તમારા દિલથી કંઈક ઈચ્છો છો, ત્યારે તે સાચું પણ થાય છે. જ્યારે મેં 'રેડ એલર્ટ' ફિલ્મ બનાવી હતી, જે નક્સલવાદીઓ પર હતી, તેમાં આશિષ વિદ્યાર્થી, સમીર રેડ્ડી અને સુનીલ શેટ્ટી જેવા સ્ટાર્સ હતા. જો કે એ ફિલ્મમાં વિનોદ ખન્નાએ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી હતી અને મને પણ તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો.

અનંત મહાદેવને કહ્યું, એક સમય એવો હતો જ્યારે વિનોદ ખન્નાનું સ્ટારડમ અમિતાભ બચ્ચન માટે પડકાર બની ગયું હતું. પરંતુ જ્યારે તે પોતાની ફિલ્મી કરિયર છોડીને અમેરિકાના ઓશો આશ્રમમાં ગયા ત્યારે બધું બદલાઈ ગયું. જો કે, જ્યારે તે પાંચ વર્ષ પછી પાછા આવ્યા અને 'ઈન્સાફ' ફિલ્મથી તેની કારકિર્દી ફરી શરૂ કરી, ત્યારે તેની લોકપ્રિયતા એટલી જબરદસ્ત હતી કે લોકો અપ્સરા થિયેટરથી એક કિલોમીટર દૂર આવેલા મરાઠા મંદિર સુધી ટિકિટ ખરીદવા લોકો લાઈનમાં ઉભા હતા.

અનંતે કહ્યું, 'ઈન્સાફ' ફિલ્મની શરૂઆત ખૂબ જ સારી રહી હતી. પરંતુ ફિલ્મ બહુ સફળ રહી ન હતી. જો કે, વિનોદ ખન્ના એવા વ્યક્તિ હતા જેમણે દરેક સમયે અને દરેક પરિસ્થિતિમાં પોતાને સાબિત કર્યા, પછી તે ફિલ્મો હોય કે રાજકારણ.

અનંતે આગળ કહ્યું, વિનોદ ખન્ના ખૂબ જ ખુશખુશાલ અને સારા વ્યક્તિ હતા. જ્યારે પણ હું રોલ માટે તેની પાસે જતો ત્યારે તે કહેતા.

# અમિતાભ બચ્ચનની ભૂતનાથના ત્રીજા પાર્ટની તૈયારી શરૂ




મુંબઇ | અમિતાભબચ્ચનની જાણીતી, લોકપ્રિય અને સફળ ફિલ્મ 'ભૂતનાથ'નો ત્રીજો ભાગ બનવાની તૈયારી શરૂ થઇ ગઇ હોવાના સમાચાર છે. આ ફિલમમાં બિગ બીએ એક પ્રેમાળ ભૂતની ભૂમિકા ભજવીને દર્શકોના દિલ જીતી લીધા હતા. જોકે હાલ આ ફિલ્મ પ્રારંભિક સ્ટેજમાં છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫માં શરૂ કરવામાં આવશે અને ૨૦૨૬માં ફિલ્મને રિલીઝ કરવાની યોજના છે. ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ શરૂ થઇ ગયું છે. રસપ્રદ વાત તો એ છે કે, શાહરૂખ ખાને ભૂતનાથના બન્ને ભાગમાં કેમિયો કર્યો હતો. પરંતુ હવે નિર્માતા ઇચ્છે છે કે, આ વખતે ત્રીજા હિસ્સામાં અભિનેતાનો રોલ વધુ લંબાવવામાં આવે. જોકે આ અંગેનો આખરી નિર્ણય સ્ક્રિપ્ટ પૂરી થાય પછી લેવામાં આવશે.

'ભૂતનાથ ૩' હજી પ્રારંભિક સ્ટેજમાં હોવાથી ફિલ્મની અન્ય કાસ્ટ વિશે કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી. સ્ક્રિપ્ટ પૂરી થાય પછી જ ફિલ્મને લગતા વિવિધ નિર્ણયો લેવામાં આવશે.

# આલિયાના બોડીગાર્ડની ઉદ્ધતાઈ

## સેલ્ફી લેનાર ફેન્સનો શર્ટ ખેંચી ખસેડ્યો, એક્ટ્રેસ સિક્યુરિટી પર્સન પર ગુસ્સાથી લાલઘૂમ



(એજન્સી) મુંબઈ | તા.09

બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટને આજે કોઈ ઓળખની જરૂર નથી. આલિયાએ ખૂબ જ ઓછા સમયમાં ઈન્ડસ્ટ્રીમાં પોતાની ખાસ જગ્યા બનાવી લીધી છે. પોતાના કરિયરમાં ઘણી સુપરહિટ ફિલ્મો આપનાર આલિયાની ફેન ફોલોઈંગ ખૂબ જ મોટી છે. ચાહકો હંમેશા તેની એક ઝલક મેળવવા આતુર હોય છે. આવી સ્થિતિમાં આલિયાનો એક વીડિયો ઈન્ટરનેટ પર ચર્ચામાં છે. આ વીડિયોમાં આલિયાના બોડીગાર્ડે ફેન સાથે જે કર્યું તે જોઈને યુઝર્સ ખૂબ ગુસ્સે છે, પરંતુ એક્ટ્રેસે જે કર્યું તેના વખાણ થઈ રહ્યા છે.

આલિયાના ફેનને બોડી ગાર્ડે ધક્કો માર્યો આલિયા ભટ્ટ હાલમાં જ એરપોર્ટ પર જોવા મળી હતી. આ દરમિયાન એક્ટ્રેસ સાથે તેનો બોડીગાર્ડ પણ હાજર હતો. હંમેશની જેમ, આલિયાને જોયા પછી તેના ચાહકોની ખુશીની કોઈ સીમા ન રહી. આલિયાને જોતાંની સાથે જ ચાહકો તેની સાથે સેલ્ફી લેવા માટે પડાપડી કરવા લાગ્યા. આવી સ્થિતિમાં, આલિયાની નજીક આવેલા એક ચાહકને તેના બોડીગાર્ડે તેના શર્ટથી ખેંચી લીધો હતો. આ જોઈને આલિયા ગુસ્સે થઈ ગઈ. તેણે તેના બોડીગાર્ડને આવું કરવાથી સ્પષ્ટપણે મનાઈ કરી હતી. તેણે કહ્યું કે આ કોઈની સાથે ન કરો, કોઈને સ્પર્શ કરશો નહીં, આલિયાને તેના બોડીગાર્ડની આ હરકત બિલકુલ પસંદ ન પડી. આ પછી આલિયાએ પોતે તે ફેનને બોલાવ્યો કર્યો અને તેની સાથે ફોટો ક્લિક કરાવ્યો. આલિયાના આ વર્તનને જોઈને ચાહકો તેના વખાણ કરી રહ્યા છે.

રાહાનો જન્મ દિવસ મનાવ્યો નોંધનીય છે કે હાલમાં જ આલિયા અને રણબીર કપૂરે તેમની પુત્રી રાહાનો જન્મદિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે, તેઓએ એક ભવ્ય પાર્ટી આપી, જેમાં રાહાના નાના-નાની દાદી સોની રાઝદાન અને મહેશ ભટ્ટ, તેની દાદી નીતુ કપૂર સહિત ઘણા ફિલ્મ સ્ટાર્સે હાજરી આપી હતી. રાહાના બીજા જન્મદિવસની થીમ કાર્ટૂન પર આધારિત હતી. કેકથી લઈને ડેકોરેશન સુધીની દરેક વસ્તુ કાર્ટૂન પર આધારિત હતી

# ઋચા એ દીકરીને અરેબિક નામ જુનૈરા ઈદા ફઝલ આપ્યું

મુંબઇ | ઋચા ચઢ્ઢા અને અલી ફઝલે પોતાની પુત્રીનું નામ જુનૈરા ઈદા ફઝલ રાખ્યું છે. આ એક અરબી નામ છે અને તેનો મતલબ દિશાસૂચક પ્રકાશ એવો થાય છે.

ઋચાએ ૧૬ જુલાઈના રોજ પુત્રીને જન્મ આપ્યો હતો. થોડા સમય પહેલાં દીપિકાએ પોતાની દીકરીનું નામ દુઆ રાખવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

દીપિકાએ કહ્યું હતું કે આ દીકરી અમારી પ્રાર્થનાઓનું ફળ છે એટલે તેનું નામ દુઆ રાખ્યું છે.

તે વખતે જ સંખ્યાબંધ ચાહકોએ કહ્યું હતું કે પ્રાર્થના માટે સંખ્યાબંધ હિંદી શબ્દો મળી શકે તેમ હતા જ્યારે દુઆ શુદ્ધ હિંદી શબ્દ નથી. હવે ઋચાએ પણ દીકરી માટે શુદ્ધ હિંદીને બદલે અરબી નામ પસંદ કર્યું છે.

ઋચા અને અલી ફઝલફિલ્મ ફુકરેમાં કામ કરતી વખતે એકબીજાની નજીક આવી હયા હતા. તેમણે ૨૦૨૨માં લગ્ન કર્યા હતા.

# 'અમિતાભ બચ્ચન ઈન્ડસ્ટ્રીનું એન્જિન'...!

## ધર્મેન્દ્રએ કહ્યું- અમે હંમેશા તેની પાછળ રહીએ છીએ; 'શોલે'ની સ્ટાર કાસ્ટનું રિયુનિયન

(એજન્સી) મુંબઈ | તા.09

ભારતીય સિનેમાના દિગ્ગજ કલાકારો ધર્મેન્દ્ર અને અમિતાભ વર્ષોથી સારા મિત્રો છે. 'શોલે' ફિલ્મથી તેમની મિત્રતા ગાઢ બની હતી. ધર્મેન્દ્રના કારણે જ અમિતાભને 'શોલે' ફિલ્મ મળી હતી. આ ફિલ્મમાં જયા બચ્ચન સાથે હેમા માલિની પણ લીડ રોલમાં હતી. અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્રએ થોડા વર્ષો પહેલા 'શોલે' રિયુનિયનમાં તેમના જીવન અને કારકિર્દીની કેટલીક રસપ્રદ વાતો શેર કરી હતી. આ દરમિયાન તેની કો-સ્ટાર હેમા માલિની અને જયા બચ્ચન પણ હાજર હતા. આ પ્રસંગે અમિતાભ બચ્ચને હેમા માલિનીના ખૂબ વખાણ કર્યા હતા.

અમિતાભ અને ધર્મેન્દ્રની મિત્રતા વર્ષો જૂની અમિતાભ અને ધર્મેન્દ્રની મિત્રતા ઘણી જૂની છે. જ્યારે પણ આ બંને કોઈ પણ સ્ટેજ પર સાથે મળે છે ત્યારે બંને એકબીજાના વખાણ કરવામાં જરાય શરમાતા નથી. બંને બોલિવૂડના પ્રખ્યાત સ્ટાર્સ છે. જુહુ વિસ્તારમાં તે એકબીજાના પડોશી પણ છે. આ રિયુનિયન બંને માટે ખૂબ જ ખાસ હતું, કારણ કે નજીકમાં રહેવા છતાં બંને એકબીજાને મળી શક્યા ન હતા.

અમિતાભે જયાનું નામ લઈને કર્યા હેમાના વખાણ આ દરમિયાન બચ્ચને હેમા માલિનીના વખાણ કરતા કહ્યું, 'જયાજી મને કહેતા રહે છે કે હેમાજી કેટલું કામ કરે છે. આપણે તેમના જેટલું કામ કરતા નથી. તે રાજકારણમાં છે. સંસદમાં જાય છે. તે મથુરા (તેના મતવિસ્તાર)ની પણ સંભાળ રાખે છે. આટલું જ નહીં તે ડાન્સ પણ કરે છે. તે ગાય પણ છે. અમિતાભે કહ્યું, 'હું હેમાજીને ગેરંટી આપું છું કે અમે પણ હવે આવું જ કંઈક કરવાનો પ્રયાસ કરીશું.

ઈન્ડસ્ટ્રીના એન્જિન છે અમિતાભ-ધર્મેન્દ્ર ધર્મેન્દ્રએ મજાકમાં કહ્યું, 'અમિત અહીં બહુ ખોટું બોલ્યો છે. તે આખી ઈન્ડસ્ટ્રીનું એન્જિન બની ગયા છે. આપણે બધા તેની પાછળ છૂક-છૂક કરતાં ચાલી છી. હું તેના જેવો બનવાનો પ્રયત્ન કરું છું. પરંતુ હું તેના જેટલું કામ કરી શકતો નથી. આ દરમિયાન, જૂના દિવસોને યાદ કરતા ધર્મેન્દ્રએ જયા બચ્ચન વિશેની એક સુંદર યાદ પણ શેર કરી. અમિતાભ-ધર્મેન્દ્રએ ઘણી ફિલ્મોમાં કામ કર્યું અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્રએ 'શોલે' (1975), 'ચુપકે-ચુપકે' (1975) અને 'રામ-બલરામ' (1980) જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. જ્યારે વર્ષ 1971માં ધર્મેન્દ્ર અને જયા બચ્ચને ફિલ્મ 'મેરી પ્યારી ગુડ્ડી'માં સાથે કામ કર્યું હતું.



# ઋષભ શેટ્ટીની જય હનુમાન ફિલ્મમાં રાણા દગ્ગુબાતીની એન્ટ્રી

મુંબઇ | 'કાંતારા'નો નાયક ઋષભ શેટ્ટી પ્રશાંત વર્માની 'જય હનુમાન'માં મુખ્ય ભૂમિક ભજવી રહ્યો છે. હવે પ્રશાંત વર્માએ જાહેર કર્યા અનુસાર રામા દગ્ગુબાતી પણ આ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે.



જોકે 'જય હનુમાન'માં રાણા દગ્ગુબાતી કઇ ભૂમિકા ભજવશે તેના વિશે કોઇ માહિતી આપવામાં આવી નથી. પરંતુ નેટઝિન્સનું માનવું છે કે બાહુબલીનો આ અભિનેતા આ ફિલ્મમાં ભગવાન રામ અથવા રાવણની ભૂમિકામાં જોવા મળશે. અલબત્ત, મોટાભાગના ચાહકોના મતે તેની પર્સનાલિટી જોતાં તે રાવણની ભૂમિકામાં વધારે યોગ્ય સાબિત થઈ શકે છે.

કેટલાક ચાહકોએ લખ્યું હતું કે ઋષભ શેટ્ટી રામ અને રાણા રાવણની ભૂમિકા ભજવે તો આ ફિલ્મનું કાસ્ટિંગ વધારે પરફેક્ટ બનશે. આ ફિલ્મના પહેલા ભાગમાં હનુમાનની મુખ્ય ભૂમિકા તેજા સજ્જાએ ભજવી હતી. તે પણ બીજા ભાગમા રિપીટ થશે એમ મનાય છે.

# ભારતે આફ્રિકાને 61 રનથી હરાવ્યું સંજુ સેમસનની સતત બીજી સેન્ચુરી

(એજન્સી) ડરબન | તા 09

ભારતે પ્રથમ T20માં સાઉથ આફ્રિકાને 61 રને હરાવ્યું હતું. ડરબનના કિંગ્સમીડ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. પહેલી બેટિંગ કરતા સંજુ સેમસનની સદીના આધારે ભારતે 202 રન બનાવ્યા હતા. 203 રનના ટાર્ગેટના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ 17.5 ઓવરમાં 141 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી સ્પિનરો વરુણ ચક્રવર્તી અને રવિ બિશ્નોઈએ 3-3 વિકેટ લીધી હતી. સાઉથ આફ્રિકા તરફથી હેનરિક ક્લાસને સૌથી વધુ 25 રન બનાવ્યા હતા. પ્રથમ T20 જીતીને ભારતે સિરીઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે. બીજી મેચ 10 નવેમ્બરે કેબેરામાં રમાશે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે 4 મેચની T20 શ્રેણીની પ્રથમ મેચ ડરબનના કિંગ્સમીડ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા આવ્યા બાદ ઓપનર સંજુ સેમસને ટીમ ઈન્ડિયાને શાનદાર શરૂઆત અપાવી હતી. સંજુ સેમસનને તાજેતરમાં ઓપનિંગની જવાબદારી સોંપવામાં આવી છે અને તે મેનેજમેન્ટના વિશ્વાસ પર ખરો ઉતર્યો છે. સાઉથ આફ્રિકા સામેની આ મેચમાં તેણે શાનદાર બેટિંગ કરી અને ખાસ યાદીમાં એમએસ ધોનીને પાછળ છોડી દીધો. સંજુ સેમસને તેની T20 કારકિર્દી દરમિયાન કુલ 3 વખત વિકેટકીપર તરીકે 50+ રન બનાવ્યા છે. આ સાથે તેણે વિકેટકીપર્સની યાદીમાં એમએસ ધોનીને પાછળ છોડી દીધો છે. વાસ્તવમાં, વિકેટકીપર તરીકે એમએસ ધોનીએ T20માં બે વખત 50+ રન બનાવ્યા હતા. સંજુ સેમસને હવે વિકેટકીપર તરીકે T20માં ત્રણ 50+ સ્કોર બનાવ્યા છે. સંજુ સેમસન હવે ભારત માટે વિકેટકીપર તરીકે T20માં સૌથી વધુ 50+ સ્કોર બનાવવાના મામલે ઈશાન કિશન સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. ઈશાન કિશને પણ વિકેટકીપર તરીકે ભારત માટે T20માં ત્રણ વખત 50થી વધુ રન બનાવ્યા છે. જ્યારે કેએલ રાહુલ, રિષભ પંત અને ધોનીએ 2-2 વખત આ સિદ્ધિ મેળવી છે. આવી સ્થિતિમાં સંજુ દરમિયાન આ ખાસ યાદીમાં તમામ ભારતીય વિકેટકીપરોને પાછળ છોડવાની તક મળશે.



# બીજી અનઑફિશિયલ ટેસ્ટ-AUS-A પહેલી ઈનિંગમાં 223 રનમાં ઓલઆઉટ

## માર્કસ હેરિસની ફિફ્ટી; પ્રસિદ્ધ ક્રિષ્નાને 4 વિકેટ મળી; IND-A બીજી ઈનિંગમાં 73/5

(એજન્સી) મેલબોર્ન | તા 09

ઓસ્ટ્રેલિયા-A ઈન્ડિયા-A સામે મેલબોર્નમાં રમાઈ રહેલી બીજી અનઑફિશિયલ ટેસ્ટની પહેલી ઈનિંગમાં 223 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ પછી ટીમે 62 રનની લીડ મેળવી લીધી હતી. શુક્રવારે બીજા દિવસની રમતના અંત સુધીમાં ઈન્ડિયા-A એ બીજી ઈનિંગમાં 73 રન બનાવીને 5 વિકેટ ગુમાવી દીધી હતી.

ઈન્ડિયા-A માટે અભિમન્યુ ઈશ્વરન 17 રન, ઋતુરાજ ગાયકવાડ 11, કેએલ રાહુલ 10, સાઈ સુદર્શન 3 અને દેવદત્ત પડિકલ 1 રન બનાવીને આઉટ થયા હતા. ધ્રુવ જુરેલ 19 રન બનાવીને અણનમ અને નીતિશ રેડ્ડી 9 રન બનાવીને અણનમ પરત ફર્યા હતા. ઓસ્ટ્રેલિયા-A તરફથી બેઉ વેબસ્ટર અને નાથન મેકએન્ડ્રુએ 2-2 વિકેટ લીધી હતી. માર્કસ હેરિસે સૌથી વધુ 74 રન બનાવ્યા ઓસ્ટ્રેલિયા-Aની પ્રથમ ઈનિંગમાં ઓપનર માર્કસ હેરિસે સૌથી વધુ 74 રન બનાવ્યા હતા. વિકેટકીપર જિમી પીટરસને 30 રન અને કોરી રોકિઓલીએ 35 રનનું યોગદાન આપ્યું હતું. નાથન મેક્સ એન્ડ્રુ 26 રન બનાવીને અણનમ રહ્યો હતો. ગુરુવારે ઈન્ડિયા-A પહેલી ઈનિંગમાં 161 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય ટીમ તરફથી ધ્રુવ જુરેલે સૌથી વધુ 80 રન બનાવ્યા હતા. દેવદત્ત પડિકલે 26 રનનું યોગદાન આપ્યું હતું. નીતિશ રેડ્ડીએ પણ 16 રન ઉમેર્યા હતા. પ્રથમ દાવમાં ફિગર સુધી પણ પહોંચી શક્યા ન હતા. ઓસ્ટ્રેલિયા-A એ આ મેચ 7 વિકેટે જીતી લીધી હતી. કેપ્ટન નાથન મેકસ્વીનીએ 88 રનની અણનમ ઈનિંગ રમી અને 225 રનનો ટાર્ગેટ 3 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો. આ પહેલા ઈન્ડિયા-A એ બીજી ઈનિંગમાં 312 રન બનાવ્યા હતા. સાઈ સુદર્શને 103 રનની સદીની ઈનિંગ રમી હતી, જ્યારે દેવદત્ત પડિકલે 88 રન બનાવ્યા હતા.



### કેએલ રાહુલ ઓસ્ટ્રેલિયામાં પણ નિષ્ફળ રહ્યો

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ મેચમાં ફ્લોપ રહ્યા બાદ કેએલ રાહુલને ઈન્ડિયા-A તરફથી રમવા ઓસ્ટ્રેલિયા મોકલવામાં આવ્યો હતો. ભારતીય બેટર કેએલ રાહુલ ઓપનિંગ પોઝીશન પર નિષ્ફળ રહ્યો હતો. તે 4 રને સ્કોટ બોલેન્ડની બોલિંગમાં આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી માઈકલ નેસરે 4 અને બ્યૂ વેબસ્ટરે 3 વિકેટ ઝડપી હતી. માઈકલ નાસિરે 4 ભારતીય બેટર્સને પેવેલિયન મોકલ્યા હતા.

બાંગ્લાદેશ અઢી દિવસમાં બે વખત ઓલઆઉટ; ભારતે મેચ જીતી લીધી હતી

# કાનપુરના આઉટફિલ્ડને ખરાબ રેટિંગ, ડીમેરિટ પોઈન્ટ પણ મળ્યા

(એજન્સી) કાનપુર | તા 09

કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમના આઉટફિલ્ડને ICCએ નબળું રેટિંગ આપ્યું છે. એટલું જ નહીં સ્ટેડિયમના ખાતામાં એક ડીમેરિટ પોઈન્ટ પણ જોડાઈ ગયો છે. જોકે, કાઉન્સિલે ગ્રીન પાર્ક પિચને સંતોષકારક રેટિંગ આપ્યું છે. અહીં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ટેસ્ટ સિરીઝની બીજી અને છેલ્લી મેચ રમાઈ હતી, જે ભારતીય ટીમે માત્ર અઢી દિવસની રમતમાં 7 વિકેટે જીતી લીધી હતી. મેચના પહેલા દિવસે માત્ર 35 ઓવર જ રમાઈ શકી હતી જ્યારે બીજા અને ત્રીજા દિવસે એક પણ ઓવર નાખી શકાઈ ન હતી. તે પણ જ્યારે ત્રીજા દિવસની રમત દરમિયાન વરસાદ પડ્યો ન હતો.



મેચના પહેલા દિવસે 27 સપ્ટેમ્બરે કાનપુરમાં વરસાદ પડ્યો હતો. આ દિવસે માત્ર 35 ઓવર જ નાખી શકાઈ હતી. વરસાદના કારણે લગભગ અઢી દિવસની રમત ધોવાઈ જવા છતાં, ભારતે બાંગ્લાદેશની તમામ 20 વિકેટ 121.2 ઓવરમાં મેળવી લીધી અને 7.36ના રન રેટથી 52 ઓવરમાં 383 રન બનાવીને જીત મેળવી. કાનપુર ઉપરાંત ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમને 'ખૂબ સારું' રેટિંગ મળ્યું છે. જ્યારે ન્યૂઝીલેન્ડ સામે ત્રણ ટેસ્ટ મેચની સિરીઝની યજમાની કરી રહેલા મુંબઈ, બેંગલુરુ અને પુણેના મેદાનની પિચને 'સંતોષકારક' ગણાવવામાં આવી છે.

**ICC પિચને 4 કેટેગરીમાં રેટ કરે છે :** કોઈપણ મેચ અથવા ટુર્નામેન્ટ પછી, ICC મેચ રેફરીની સમીક્ષાના આધારે સંબંધિત સ્થળને રેટ કરે છે. આ રેટિંગ 4 સ્કેલ પર કરવામાં આવે છે. ખૂબ સારું, સંતોષકારક, અસંતોષકારક અને અયોગ્ય. અસંતોષકારક રેટિંગના પરિણામે સ્થળના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવે છે, જ્યારે અયોગ્ય રેટિંગના પરિણામે ત્રણ ડિમેરિટ પોઈન્ટ થાય છે.

# કેપ્ટન સાથે દલીલ કરવા બદલ અલ્ઝારી પર 2 મેચનો પ્રતિબંધ

## મેદાન છોડ્યું હતું, વેસ્ટ ઈન્ડિઝની ટીમે 10 ફિલ્ડરો સાથે રમવાનું ચાલુ રાખ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ફાસ્ટ બોલર અલ્ઝારી જોસેફ પર 2 મેચનો પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝ (CWI)એ કેપ્ટન શાઈ હોપ પર ફિલ્ડ પ્લેસમેન્ટ પર તેની સાથે દલીલ કરવા બદલ પ્રતિબંધ મૂક્યો છે. 27 વર્ષના ફાસ્ટ બોલર જોસેફે તો મેચની વચ્ચે જ મેદાન છોડી દીધું હતું. ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝે ગુરુવારે એક નિવેદનમાં કહ્યું- જોસેફનું વર્તન CWIના પ્રોફેશનલિઝમના ધોરણો અનુસાર ન હતું. CWIના ક્રિકેટ ડિરેક્ટર માઈલ્સ બાસકોમ્બે કહ્યું, 'અલ્ઝારીનું વર્તન ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝના મૂળ મૂલ્યોને અનુરૂપ ન હતું. આ પ્રકારના વર્તનને અવગણી શકાય નહીં.' વિન્ડીઝ ક્રિકેટે X પોસ્ટથી અલ્ઝારી જોસેફને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી. CWIના નિવેદનમાં જોસેફની માફીનો પણ સમાવેશ થાય છે, જેમાં જોસેફને



ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, 'હું કબૂલ કરું છું કે મેં થોડો વધુ પડતો જુસ્સો દેખાડી દીધો છે. મેં કેપ્ટન શાઈ હોપ અને મારા સાથી ખેલાડીઓ અને મેનેજમેન્ટની અંગત રીતે માફી માગી છે. હું વેસ્ટ ઈન્ડિઝના પ્રશંસકો માટે મારી નિષ્ઠાપૂર્વક માફી માગું છું, કૃપા કરીને સમજો કે ચુકાદામાં સહેજ પણ ક્ષતિ પણ દૂરગામી અસરો કરી શકે છે અને કોઈપણ નિરાશા માટે હું ખૂબ જ દિલગીર છું.'ફાસ્ટ બોલર અલઝારી જોસેફ વેસ્ટ ઈન્ડિઝ-ઈંગ્લેન્ડની ત્રીજી ODI દરમિયાન કેપ્ટન શેન હોપ સાથે દલીલ કરતા જોવા મળ્યો હતો. તે કેપ્ટન શૈન હોપે સેટ કરેલી ફિલ્ડિંગ સાથે સહમત ન હતો, જ્યારે તેણે કેપ્ટનને તેને બદલવા માટે કહ્યું તો હોપે ના પાડી. જેના કારણે તે ગુસ્સે થઈને મેદાનની બહાર નીકળી ગયો હતો. આ પછી વેસ્ટ ઈન્ડિઝની ટીમે એક ઓવર સુધી 10 ફિલ્ડરો સાથે રમવાનું ચાલુ રાખ્યું. જોકે, બાદમાં તે મેદાનમાં પરત ફર્યો હતો. જોસેફે મેચમાં 2 વિકેટ લીધી હતી આ મેચમાં અલ્ઝારી જોસેફે 10 ઓવર ફેંકી હતી. તેણે એક મેડનની મદદથી 45 રનમાં 2 વિકેટ લીધી હતી.

# પુશઅપ કરીને રોહતાસ ચૌધરીએ નવો રેકોર્ડ બનાવ્યો

(એજન્સી) મુંબઈ | તા 09

ભારતે ફરી એક વખત પાકિસ્તાનને હરાવ્યું છે. આ વખતે ક્રિકેટ મેચ કે યુદ્ધમાં નહીં પણ પુશઅપ કરવાની સ્પર્ધામાં એક ભારતીય સમગ્ર પાકિસ્તાન સામે ભારે પડ્યો છે અને પાકિસ્તાનને પરાસ્ત કરી દીધું છે. પુશઅપમાં ભારતે પાકિસ્તાનનો રેકોર્ડ તોડ્યો છે.

રોહતાસ ચૌધરીએ પાકિસ્તાનનો પુશઅપનો રેકોર્ડ તોડ્યો છે અને માત્ર 45 મિનિટમાં 704 પુશઅપ કરીને રોહતાસ ચૌધરીએ નવો રેકોર્ડ બનાવ્યો અને આ ભારતીયએ માત્ર 45 મિનિટમાં પાકિસ્તાનના રેકોર્ડને ધ્વસ્ત કરી દીધો છે. તમને જણાવી દઈએ કે રોહતાસ ચૌધરીએ અગાઉ જાન્યુઆરી 2024માં 37 કિલો વજન સાથે પુશઅપ કરીને સ્પેનનો પણ રેકોર્ડ તોડ્યો હતો. તમને જણાવી દઈએ કે રોહતાસે એક પગે પુશઅપ કરીને રેકોર્ડ બનાવ્યો છે.

પાકિસ્તાનના નામે 27 કિલો વજન સાથે 534 પુશઅપનો રેકોર્ડ હતો, જે ભારતના ખેલાડી રોહતાસ ચૌધરીએ તોડ્યો છે અને આ સાથે જ



પુશઅપમાં ભારતે પાકિસ્તાનનો રેકોર્ડ તોડ્યો

ખેલાડીએ પોતાના નામની સાથે સાથે દેશનું નામ પણ સમગ્ર વિશ્વમાં ગુંજતું કર્યું છે. અગાઉ આ જ ખેલાડીએ 37 કિલો વજન સાથે સ્પેનનો પણ રેકોર્ડ તોડ્યો હતો અને દેશનું નામ રોશન કર્યું હતું. તમને જણાવી દઈએ કે રોહતાસ ચૌધરીએ અગાઉ જ્યારે એવોર્ડ જીત્યો હતો તો તે એવોર્ડ કોવિડમાં મૃત્યુ પામેલા પોલીસ જવાનોને અર્પણ કર્યો હતો. ત્યારે પાકિસ્તાન સામે રેકોર્ડ તોડીને રોહતાસ ચૌધરીએ જીતેલો એવોર્ડ આ ખેલાડી પીએમ મોદીને અર્પણ કરશે.

# IPLમાં હીરો, ઈન્ટરનેશનલમાં ઝીરો..!



(એજન્સી) ડરબન | તા 09

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ડરબનમાં પ્રથમ T20 મેચ રમાઈ રહી છે. દક્ષિણ આફ્રિકાના સુકાની એડન માર્કરામે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા આવેલી ભારતીય ટીમની શરૂઆત સારી રહી ન હતી. ટીમ ઈન્ડિયાનો ઓપનર અભિષેક શર્મા 8 બોલમાં 7 રન બનાવીને આઉટ થયો હતો. અભિષેક શર્માને ગેરાલ્ડ કોએત્ઝીએ આઉટ કર્યો હતો. આ રીતે અભિષેક શર્માની આંતરરાષ્ટ્રીય મેચોમાં ફ્લોપની સિરીઝ અવિરત ચાલુ છે. અભિષેક શર્માએ તેની છેલ્લી 4 ઈનિંગ્સમાં અનુક્રમે 16 રન, 15 રન, 4 રન અને 7 રન બનાવ્યા છે. આ રીતે અભિષેક શર્મા છેલ્લી 4 ઈનિંગ્સમાં માત્ર 42 રન જ બનાવી શક્યો છે. હવે અભિષેક શર્મા સોશિયલ મીડિયા પર સતત ટ્રેન્ડ કરી રહ્યો છે. સોશિયલ મીડિયા પર ચાહકોનું કહેવું છે કે અભિષેક શર્મા IPL મેચોમાં સારો દેખાવ કરે છે, પરંતુ આંતરરાષ્ટ્રીય મેચોમાં પ્રદર્શન કરવામાં અસમર્થ છે. આ સિવાય જો વિકેટ બોલરોને મદદ કરે છે તો તે સંપૂર્ણ ફ્લોપ સાબિત થાય છે. જોકે અભિષેક શર્માએ ઝિમ્બાબ્વે વિરૂદ્ધ સદી ચોક્કસ ફટકારી હતી, પરંતુ તે પોતાનું ફોર્મ જાળવી શક્યો નહોતો. આવી રહી છે અભિષેક શર્માની કારકિર્દી અભિષેક શર્માના કરિયર પર નજર કરીએ તો આ ખેલાડીએ 9 ટી20 મેચમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું છે.

# ફૂટબોલ મેચ બાદ નેધરલેન્ડ્સમાં ઈઝરાયેલના સમર્થકો ઉપર હુમલો

(એજન્સી) નેધરલેન્ડ્સ | તા 09

નેધરલેન્ડ્સમાં ઈઝરાયેલના સમર્થકો ઉપર હુમલો મેકાબી તેલ અવીવ અને એજેક્સ વચ્ચેની ગુરુવારે રાત્રે રમાયેલી ફૂટબોલ મેચ બાદ નેધરલેન્ડ્સમાં ઈઝરાયેલના ફૂટબોલ સમર્થકો ઉપર હિંસક હુમલો થયો હતો. સ્પેનના એક અખબારે સોમવારે જ ફિલિસ્તિન સમર્થકોનું એક ગ્રૂપ ઈઝરાયેલના સમર્થકો ઉપર હુમલો કરવાની યોજના ઘડી રહ્યું છે તેવા અહેવાલ રજૂ કર્યા હતા. ગુરુવારે થયેલા હુમલા બાદ ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી છે. જોકે આમ્સ્ટર્ડમ પોલિસે તેઓ ફૂટબોલ ક્લબના સમર્થકો હતા કે ફિલિસ્તિની ફેન્સ હતા તે અંગે કોઈ ખુલાસો કર્યો નહોતો. ઈઝરાયેલ અને આમ્સ્ટર્ડમ બંને નેધરલેન્ડ્સમાં ઈઝરાયેલના દૂતાવાસ પોતાના દેશના લોકોને સુરક્ષિત બહાર કાઢવાના પ્રયાસ કરી રહ્યા છે. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ઈઝરાયેલી નાગરિકો ઉપરની હિંસક ઘટના બાદ બે રેસ્ક્યૂ વિમાન મોકલવાનો આદેશ આપ્યો છે. તેમણે નેધરલેન્ડ્સમાં રહેલા પોતાના દેશના સમર્થકોને હોટેલમાં સુરક્ષિત રહેવાની અપીલ પણ કરી છે. સુરક્ષામંત્રી ઈતામાર બિન-ગવિરે સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું કે મેચ નિહાળવા માટે આપેલા સમર્થકોનો સામનો યહૂદી વિરોધી હિંસાના ઈઝરાયેલી હોવાના કારણે નિર્દયતાથી મારવામાં આવ્યા છે.

# ગાંગુલીના દુશ્મને રોહિત-કોહલીને આપી સલાહ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

વિરાટ કોહલી અને રોહિત શર્મા આ દિવસોમાં ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. દરમિયાન, ભારતના પૂર્વ મુખ્ય કોચ ગ્રેગ ચેપલે બંને દિગ્ગજોને સલાહ આપી છે. તેણે કહ્યું છે કે જો કોહલી અને રોહિતને તેમની ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવી હોય તો તેઓએ તેમના યુવા દિવસોના ઉત્સાહ અને જુસ્સાને ફરીથી જગાડવો પડશે. ન્યુઝીલેન્ડ સામે કારમી હાર રમ્યા બાદ ભારતે હવે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાનું છે, જ્યાં પર્થમાં 22 નવેમ્બરથી 5 મેચોની સિરીઝ શરૂ થશે. કોહલી અને રોહિત આ મહત્વપૂર્ણ સિરીઝ પહેલા રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ચેપલે 2005માં સચિન તેંડુલકર સાથે થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો અને વધતી ઉંમર સાથે ખેલાડીઓને આવતા પડકારો વિશે વાત કરી હતી. ચેપલના મંતવ્યો જાણવા માટે સચિને તેને પૂછ્યું હતું કે, 'ગ્રેગ, ઉંમર સાથે બેટિંગ કરવી કેમ મુશ્કેલ બની જાય છે, જ્યારે તે સરળ બનવું જોઈએ. ચેપલે તેમને કહ્યું કે વધતી ઉંમર સાથે બેટિંગ કરવાની માનસિક જરૂરિયાતો પહેલાની જેમ વધે છે. બેટિંગ કરવી મુશ્કેલ બની જાય છે કારણ કે તમે સમજો છો કે આ સ્તરે રન બનાવવા કેટલા મુશ્કેલ છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન રમવા જવાની ભારતની ચોખ્ખી ના

## ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી, ટીમ પોતાની મેચ દુબઈમાં રમવા માગે છે

(એજન્સી) મુંબઈ | તા 09

ભારતીય ટીમ આવતા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન નહીં જાય. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તાજેતરમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ને એક પત્ર મોકલ્યો હતો, જેમાં તેના નિર્ણય પાછળ સુરક્ષાની ચિંતાઓ દર્શાવી હતી. બોર્ડે તેની તમામ મેચ દુબઈમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ્સ પ્રમાણે, આ મામલાને લગતા એક સૂત્રએ કહ્યું હતું કે આ અમારો નિર્ણય છે. અમે PCBને પત્ર લખીને અમારી મેચ દુબઈમાં યોજવા જણાવ્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફી ડ્રાફ્ટ શિડ્યૂલ મુજબ આવતા વર્ષે 19 ફેબ્રુઆરીથી 9 માર્ચ સુધી રમાશે. આ ઈવેન્ટની મેચ કરાચી, લાહોર અને રાવલપિંડીમાં યોજાઈ શકે છે. મુંબઈમાં આતંકવાદી હુમલાને કારણે ભારતે 16 વર્ષથી પાકિસ્તાનની મુલાકાત લીધી નથી ભારતીય ટીમે 2007-08થી પાકિસ્તાનનો પ્રવાસ કર્યો નથી. 2008માં મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવાની ના પાડી દીધી હતી.



**પાકિસ્તાનને ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની યજમાની મળી :** ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની યજમાની પાકિસ્તાનને આપવામાં આવી છે. PCBએ ટુર્નામેન્ટના સ્થળ અને કાર્યક્રમનો ડ્રાફ્ટ ICCને સુપરત કર્યો છે. આ ટુર્નામેન્ટ આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં રમાવાની છે. ડ્રાફ્ટ અનુસાર ભારતને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડની સાથે ગ્રૂપ-Aમાં રાખવામાં આવ્યું છે. ગ્રૂપ-Bમાં ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. શિડ્યૂલ અનુસાર, ભારતની ત્રણ મેચ 20 ફેબ્રુઆરી (બાંગ્લાદેશ સાથે), 23 ફેબ્રુઆરી (પાકિસ્તાન સાથે) અને 2 માર્ચ (ન્યૂઝીલેન્ડ સાથે) યોજાવાની છે. ભારતની બધી જ મેચ લાહોરમાં રમાઈ શકે છે.

**એશિયા કપની યજમાની પાકિસ્તાનને મળી, ભારતની મેચ શ્રીલંકામાં યોજાઈ :** ગત વર્ષે પાકિસ્તાનને એશિયા કપની યજમાનીનો અધિકાર મળ્યો હતો. ત્યારે પણ ભારતે પાકિસ્તાનમાં રમવાની ના પાડી દીધી હતી. આ પછી ટુર્નામેન્ટ 'હાઈબ્રિડ મોડલ' પર યોજાઈ હતી. ભારત સામેની મેચ શ્રીલંકામાં યોજાઈ હતી. કોલંબોમાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતીય ટીમે શ્રીલંકાને 10 વિકેટે હરાવીને ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. ત્યારથી બંને ટીમ માત્ર ICC અને ACC ટુર્નામેન્ટમાં જ રમે છે. 2013થી બંને ટીમ તટસ્થ સ્થળો પર 13 ODI અને 8 T20 મેચ રમી છે.

**ગયા વર્ષે પાકિસ્તાન ODI વર્લ્ડ કપ રમવા ભારત આવ્યું હતું :** પાકિસ્તાનની ટીમ ગયા વર્ષે ODI વર્લ્ડ કપ રમવા ભારત આવી હતી. ત્યાર બાદ 14 ઓક્ટોબરે અમદાવાદમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ હતી. ભારતીય ટીમે આ મેચ 7 વિકેટે જીતી લીધી હતી. કેપ્ટન રોહિત શર્મા અને શ્રેયસ અય્યરે અડધી સદી ફટકારી હતી. જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો. તેણે 19 રનમાં 2 વિકેટ લીધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### આ મુસ્લિમ દેશે હમાસના નેતાઓને આપ્યુ દેશ છોડવાનું અલ્ટીમેટમ

સીએનએનના અહેવાલ મુજબ, વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીએ કહ્યું, 'હમાસ એક આતંકવાદી જૂથ છે, જેણે અમેરિકન નાગરિકોની હત્યા કરી છે અને તેમને બંધક બનાવ્યા છે હમાસના નેતાઓને મોટો ઝટકો લાગ્યો છે. મુસ્લિમ દેશ કતારે હાલમાં જ અમેરિકાની વિનંતીને પગલે હમાસના નેતાઓને દેશ છોડવા માટે અલ્ટીમેટમ આપી દીધુ છે. હમાસના ઘણા મોટા નેતાઓ કતારની રાજધાની દોહામાં રહે છે. હમાસ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ યુએસ પ્રમુખ જો બાઈડેન માટે ટોચની પ્રાથમિકતા છે. આ સંદર્ભમાં અમેરિકન અધિકારીઓએ લગભગ બે અઠવાડિયા પહેલા તેમના કતારી સમકક્ષોને જાણ કરી હતી કે તેઓએ હમાસને તેમની રાજધાનીમાં આશ્રય આપવાનું બંધ કરવું પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર કતાર હવે આ માટે સહમત થઈ ગયું છે. તેણે લગભગ એક અઠવાડિયા પહેલા હમાસને દેશ છોડવા કહ્યું હતું. સીએનએનના અહેવાલ મુજબ, વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીએ કહ્યું, 'હમાસ એક આતંકવાદી જૂથ છે, જેણે અમેરિકન નાગરિકોની હત્યા કરી છે અને તેમને બંધક બનાવ્યા છે. આ સિવાય તેણે ફગાવી દીધો છે. આવામાં આના નેતાઓને હવે કોઈપણ અમેરિકન ભાગીદારીમાં રાજધાનીઓમાં સ્વાગત ના કરવા જોઈએ.

### એક એવો દેશ જ્યાં ક્યારેય અંધકાર નથી! આ દેશ હંમેશા સૂર્યપ્રકાશમાં તરબોળ રહે છે

શું તમે ક્યારેય એવા દેશ વિશે સાંભળ્યું છે જ્યાં રાત નથી હોતી? દિવસના 24 કલાક સૂર્ય ક્યાં ચમકે છે? હા, તે સાચું છે! વિશ્વમાં કેટલાક એવા દેશો છે જ્યાં દર વર્ષે ધ્રુવીય દિવસની ઘટના જોવા મળે છે. દુનિયામાં કેટલાક એવા દેશ છે જે તમને આશ્ચર્યચકિત કરી શકે છે. હકીકતમાં, આ દેશોમાં સૂર્ય ઘણા દિવસો સુધી ચમકતો રહે છે અને રાત્રે અંધારું થતું નથી. આ ઘટનાને ધ્રુવીય દિવસ કહેવામાં આવે છે.ધ્રુવીય દિવસ એ એક કુદરતી ઘટના છે જેમાં પૃથ્વીના ધ્રુવીય પ્રદેશોમાં સૂર્ય સતત ચમકતો રહે છે. આ ઘટના પૃથ્વીના ઝુકાવને કારણે થાય છે. જ્યારે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, ત્યારે તેની ધરી થોડી નમેલી હોય છે. આ ઝોકને કારણે સૂર્યના કિરણો સીધા ધ્રુવીય પ્રદેશોમાં પડે છે અને ઘણા દિવસો સુધી અંધકાર નથી રહેતો. અહીં મેથી જુલાઈ મહિના દરમિયાન સૂર્ય સતત ચમકતો રહે છે. તે જ સમયે, ધ્રુવીય દિવસની ઘટના સ્વીડનના ઉત્તર ભાગમાં પણ જોવા મળે છે. ધ્રુવીય દિવસ આઈસલેન્ડમાં પણ જોવા મળે છે. ધ્રુવીય દિવસ જોવો એ ખૂબ જ ખાસ અનુભવ છે. સૂર્ય ચમકતો રહે છે અને ચારે બાજુ અદ્ભુત પ્રકાશ છે.તમે રાત્રે 12 વાગ્યે પણ સરળતાથી બહાર જઈ શકો છો અને અભ્યાસ કરી શકો છો અથવા કોઈપણ કામ કરી શકો છો, કારણ કે આ સમયે પણ અહીં સૂર્યપ્રકાશ હોય છે.

### છેવટે પુતિને ડોનાલ્ડ ટ્રમ્પને જીત બદલ અભિનંદન આપ્યા

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકી પ્રમુખપદની ચૂંટણી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે. પુતિને ટ્રમ્પને બહાદુર વ્યક્તિ ગણાવતા કહ્યું કે તેઓ યૂક્રેન સંકટના યોગ્ય ઉકેલ માટે ટ્રમ્પ સાથે વાટાઘાટો કરવા તૈયાર છે. પુતિને જણાવ્યું કે તેઓ એ વાતથી પ્રભાવિત છે કે ટ્રમ્પે કેવી રીતે તેમની હત્યાના પ્રયાસ દરમિયાન પોતાને સંભાળ્યા અને ઉપરાષ્ટ્રપ્રમુખ કમલા હેરિસને હરાવ્યા. રશિયાના સોચીમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધતા પુતિને એમ પણ કહ્યું કે યુદ્ધ સમાપ્ત કરવા માટે રશિયા પર કોઈ પણ પ્રકારનું દબાણ કામ નહીં કરે. વાટાઘાટો બંને પક્ષના હિતમાં હોવી જોઈએ. નોંધનીય છે કે યૂક્રેન-રશિયા વચ્ચે ફેબ્રુઆરી, 2022થી ચાલતા યુદ્ધને કારણે રશિયા-અમેરિકા વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ છે. ટ્રમ્પ વલણ અપનાવ્યું હતું. ત્યારે ક્રેમલિન દ્વારા જારી નિવેદનમાં જણાવાયું હતું કે અમેરિકામાં ટ્રમ્પની જીત બાદ રશિયાનું યૂક્રેન સાથે અઢી વર્ષથી પણ વધુ સમયથી ચાલતું યુદ્ધ પૂરું થાય છે કે નહીં એ જોવું રસપ્રદ રહેશે. ક્રેમલિન પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે ટ્રમ્પે ચૂંટણીપ્રચાર દરમિયાન યૂક્રેન યુદ્ધ સમાપ્ત કરવા અંગે મહત્ત્વપૂર્ણ નિવેદનો કર્યા હતા પરંતુ આ નિવેદનો પર નક્કર કામગીરી કેટલી થાય છે એ તો સમય જ કહેશે.

### ખાલિસ્તાન સાથે જોડાયેલા ગેંગસ્ટરનો 490 મિલિયન ડોલરની ડ્રગ્સ સુપરલેબનો પર્દાફાશ

કથિત માસ્ટરમાઈન્ડ, ગગનપ્રીત સિંહ રંધાવા, જે હાલમાં કેનેડિયન પોલીસ કસ્ટડીમાં છે, તેના પર કન્ટ્રોલ્ડ ડ્રગ્સ એન્ડ સબસ્ટન્સ એક્ટ અને કેનેડાના ક્રિમિનલ કોડ હેઠળ સાત ડ્રગ્સ અને ફાયર આર્મ્સ સંબંધિત ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો છે. દરમિયાન, ભારત સરકારના સૂત્રોએ રંધાવાના કેનેડામાં ખાલિસ્તાન સહાનુભૂતિ ધરાવતા લોકો સાથેના સંબંધોનો સંકેત આપ્યો હતો. તેઓએ ધ્યાન દોર્યું કે આ સમાચારે કેનેડાની સરકારના નાક નીચે કામ કરી રહેલા અને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રિય ગુનાહિત પ્રવૃત્તિ સાથે જોડાયેલા અન્ય ઘણા ખાલિસ્તાની તરફી સહાનુભૂતિઓની નવી દિલ્હીની અગાઉની 'પ્રત્યાર્પણ' વિનંતીઓને સમર્થન આપ્યું હોય તેવું લાગે છે.એક લેખિત નિવેદનમાં, પેસિફિક ઓફિસર કોર્પોરલ અરશ સૈયદ કહે છે કે આ RCMP તપાસે સૌથી મોટા અને 'સૌથી વધુ તોડી પાડીને મોટા 'આંતરરાષ્ટ્રીય સંગઠિત અપરાધ' જૂથને નિર્ણાયક ફટકો આપ્યો છે. કેનેડામાં ફેન્ટાનાઈલ અને મેથામ્ફેટામાઈન 'ડ્રગ સુપરલેબ'.

## ખતરનાક કિલરને આપી હતી સોપારી, 7 દિવસમાં ટ્રમ્પને ઢાળી દેવાનો પ્લાન હતો

# ઈરાન ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનું કાવતરું ઘડી રહ્યું હતું!

(એજન્સી) મેનહટન | તા 09

અમેરિકાએ ઈરાન પર ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનું કાવતરું ઘડવાનો ગંભીર આરોપ લગાવ્યા છે. અમેરિકન ગુપ્તચર એજન્સી એફબીઆઈએ ષડયંત્રનો પર્દાફાશ કરતા મેનહટન કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. આ કેસ યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટની મદદથી નોંધવામાં આવ્યો છે. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટે રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના કાવતરા પાછળ ઈરાનનો હાથ હોવાના આરોપ લગાવ્યા છે. શુક્રવારે મેનહટનની ફેડરલ કોર્ટમાં કરવામાં આવેલા કેસમાં આરોપ છે કે ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડે સપ્ટેમ્બરમાં, એક યુએસ અધિકારીએ ભાડાના શૂટરને ટ્રમ્પ પર નજર રાખવા અને ટ્રમ્પને મારવા પ્લાન બનાવવાના નિર્દેશ આપ્યા હતા. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ફરહાદ શકેરી નામના વ્યક્તિને ટ્રમ્પની હત્યાની જવાબદારી સોંપવામાં આવી હતી, જે ઈરાનનો સરકારી કર્મચારી હતો. શકરીએ જણાવ્યું કે તેણે આના પર ઘણા રૂપિયા ખર્ચ્યા છે. ઈરાનના અધિકારીએ તેમને કહ્યું કે પૈસાની કોઈ સમસ્યા નથી. પરંતુ જો તે સાત દિવસની અંદર કોઈ પ્લાન ન ઘડી શકે, તો ચૂંટણી પછી કાવતરું રોકી દેવામાં આવશે કારણ કે અધિકારીએ માની લીધું હતું કે ટ્રમ્પ હારી જશે અને પછી તેને મારવાનું સરળ બનશે. ફરિયાદ મુજબ, જો કે અધિકારીઓને જાણવા મળ્યું હતું કે તેમના દ્વારા આપવામાં આવેલી કેટલીક માહિતી ખોટી હતી, પરંતુ ટ્રમ્પની હત્યાના કાવતરા અને ઈરાન દ્વારા મોટી રકમ ચૂકવવાની તૈયારી અંગેના તેમના નિવેદનો સાચા ઈરાનમાં FBI એજન્ટો સાથે રેકોર્ડ કરેલી ફોન વાતચીતમાં કથિત કાવતરાની કેટલીક વિગતોનો ખુલાસો કર્યો હતો.




### મારવાની સોપારી અફઘાની નાગરિકને આપવામાં આવ્યો હતો

શકેરી એક અફઘાન નાગરિક છે જે બાળપણમાં અમેરિકામાં આવીને વસ્યો હતો પરંતુ લૂંટના આરોપમાં 14 વર્ષ જેલમાં વિતાવ્યા પછી તેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો. તે હવે ભાડેથી હત્યાના કાવતરાને અંજામ આપવા માટે તેહરાન દ્વારા ભરતી કરાયેલા ગુનેગારોનું નેટવર્ક ચલાવે છે. મેનહટનની ફેડરલ કોર્ટમાં એક ફોજદારી ફરિયાદ મુજબ, શકેરીએ ફોન પર તપાસકર્તાઓને કહ્યું કે ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડના સંપર્કે ગયા સપ્ટેમ્બરમાં તેમને તેમના અન્ય કામને બાજુ પર રાખવા અને સાત દિવસ સુધી ટ્રમ્પ પર નજર રાખવા અને તેમને મારી નાખવાનો પ્લાન ઘડ્યો હતો. આ માટે તેને મોટી રકમની ઓફર કરવામાં આવી હતી.

### મારવાની સોપારી અફઘાની નાગરિકને આપવામાં આવ્યો હતો

શકેરી એક અફઘાન નાગરિક છે જે બાળપણમાં અમેરિકામાં આવીને વસ્યો હતો પરંતુ લૂંટના આરોપમાં 14 વર્ષ જેલમાં વિતાવ્યા પછી તેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો. તે હવે ભાડેથી હત્યાના કાવતરાને અંજામ આપવા માટે તેહરાન દ્વારા ભરતી કરાયેલા ગુનેગારોનું નેટવર્ક ચલાવે છે.

### ઈરાની-અમેરિકન પત્રકારની પણ હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું

શકેરી ફરાર છે અને ઈરાનમાં છે. આ આરોપમાં અન્ય બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમણે આરોપ લગાવ્યો હતો કે શકેરીએ અગ્રણી ઈરાની-અમેરિકન પત્રકાર મસીહ અલીનેજાદનો પીછો કરવા અને હત્યા કરવા માટે તેમની ભરતી કરી હતી. જો કે ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું. બર્લિનથી ફોન દ્વારા એસોસિએટેડ પ્રેસ સાથે વાત કરતા એલિનેજાદે કહ્યું 'હું ખૂબ જ આશ્ચર્યચકિત છું, મારી વિરુદ્ધ આ ત્રીજો પ્રયાસ છે અને તે ચોંકાવનારો છે,' સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં તેણે કહ્યું, 'હું અભિવ્યક્તિની આઝાદીના મારા પ્રથમ સંશોધનના અધિકારોનો અભ્યાસ કરવા અમેરિકા આવી છું- મારે મરવું નથી. હું અત્યાચાર સામે લડવા માંગુ છું, અને હું સુરક્ષિત રહેવાની હકદાર છું. મારા રક્ષણ માટે કાયદાનો અમલ કરવારનો આભાર, પરંતુ હું યુએસ સરકારને વિનંતી કરું છું કે તે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ કરે.'

### ચૂંટણી બાદ ફરી હત્યાના કાવતરાને અંજામ આપવાનો પ્લાન હતો

શકરીએ જણાવ્યું કે તેણે આના પર ઘણા રૂપિયા ખર્ચ્યા છે. ઈરાનના અધિકારીએ તેમને કહ્યું કે પૈસાની કોઈ સમસ્યા નથી. પરંતુ જો તે સાત દિવસની અંદર કોઈ પ્લાન ન ઘડી શકે, તો ચૂંટણી પછી કાવતરું રોકી દેવામાં આવશે કારણ કે અધિકારીએ માની લીધું હતું કે ટ્રમ્પ હારી જશે અને પછી તેને મારવાનું સરળ બનશે. ફરિયાદ મુજબ, જો કે અધિકારીઓને જાણવા મળ્યું હતું કે તેમના દ્વારા આપવામાં આવેલી કેટલીક માહિતી ખોટી હતી, પરંતુ ટ્રમ્પની હત્યાના કાવતરા અને ઈરાન દ્વારા મોટી રકમ ચૂકવવાની તૈયારી અંગેના તેમના નિવેદનો સાચા હોવાનું જણાયું હતું.

# નેપાળી PM તેમના પ્રથમ વિદેશ પ્રવાસ પર ચીન જશે:64 વર્ષ જૂની પરંપરા તૂટશે

(એજન્સી) કાઠમંડુ | તા 09

નેપાળના નવા વડાપ્રધાન કેપી શર્મા ઓલી તેમની પ્રથમ સત્તાવાર વિદેશ યાત્રા પર ચીન જઈ રહ્યા છે. કાઠમંડુ પોસ્ટના અહેવાલ મુજબ ચીનના વડાપ્રધાન લી કિઆંગે ઓલીને 2 થી 6 ડિસેમ્બર સુધી સત્તાવાર મુલાકાત માટે આમંત્રણ આપ્યું છે. રિપોર્ટ અનુસાર, 5 નવેમ્બરે ચીનના રાજદૂતે નેપાળના વિદેશ સચિવ લમસલને આ આમંત્રણ આપ્યું હતું. નેપાળમાં એવી પરંપરા રહી છે કે જે નવા વડાપ્રધાન બને છે તે સૌથી પહેલા ભારતની મુલાકાત લે છે. ઓલીના નજીકના સલાહકારોએ ધ કાઠમંડુ પોસ્ટને જણાવ્યું હતું કે, તેમને આશા હતી કે ભારત આ પરંપરા ચાલુ રાખશે, પરંતુ ચાર્જ સંભાળ્યાના ચાર મહિના પછી પણ ભારત તરફથી કોઈ ઔપચારિક આમંત્રણ મળ્યું નથી. સામાન્ય રીતે નેપાળના વડા પ્રધાન પદ સંભાળ્યા પછી તરત જ નવી દિલ્હીથી આમંત્રણ મેળવે છે. કેપી શર્મા ઓલી ફેબ્રુઆરી 2016માં પહેલીવાર વડાપ્રધાન તરીકે ભારત આવ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ તેમનું સ્વાગત કર્યું હતું. કેપી શર્મા ઓલી ફેબ્રુઆરી 2016માં પહેલીવાર વડાપ્રધાન તરીકે ભારત આવ્યા હતા. આ દરમિયાન



પીએમ મોદીએ તેમનું સ્વાગત કર્યું હતું. ઓલી પ્રથમ વખત PM બન્યા બાદ ભારત આવ્યા હતા કેપી ઓલી ઓગસ્ટ 2015માં પ્રથમ વખત નેપાળના PM બન્યા હતા. આ પછી તે ફેબ્રુઆરી 2016માં ભારતની મુલાકાતે આવ્યા હતા. એક મહિના પછી માર્ચમાં તે ચીન ગયા. ઓલી અત્યાર સુધીમાં ચાર વખત નેપાળના પીએમ બની ચૂક્યા છે.તે જ સમયે ચીનના સત્તાવાર આમંત્રણ પછી વિદેશ પ્રધાન આરઝૂ રાણાએ તેમની અઝરબૈજાનની મુલાકાત રદ કરી છે. તેઓ 11 થી 22 નવેમ્બર દરમિયાન યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ સમિટમાં ભાગ લેવાના હતા, પરંતુ હવે તેમના સ્થાને રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલ આ મુલાકાત લેશે.જો કે, ઓલીએ તેમના પાછલા કાર્યકાળમાં ઘણા ભારત વિરોધી પગલાં લીધા હતા. તેમના સમયમાં જ નેપાળ સરકારે વિવાદિત નકશો જાહેર કર્યો હતો. આ સિવાય તેમણે ઘણા ભારત વિરોધી નિવેદનો પણ આપ્યા હતા. આ વખતે એવું માનવામાં આવે છે કે કેપી શર્મા ઓલીને આમંત્રણ ન મોકલવા પાછળનું કારણ એ છે કે નેપાળને લઈને ભારતની નીતિઓમાં બદલાવ આવ્યો છે. કાઠમંડુ પોસ્ટે અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે પીએમ ઓલી આ મુલાકાત દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને લી કિઆંગને મળશે. આ દરમિયાન ઓલી ચીન સરકારને નેપાળને આપવામાં આવેલી લોન માફ કરાવવાનો પ્રયાસ કરશે. પોખરા ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે ચીને લગભગ 17 હજાર કરોડ રૂપિયાની લોન આપી છે. રિપોર્ટ અનુસાર, આ પહેલા 23 ઓગસ્ટના રોજ નેપાળના નાણા મંત્રી બિષ્ણુ પૌડેલે પણ ચીનને લોન માફ કરવાની અપીલ કરી હતી.

# પાકિસ્તાનના ક્વેટામાં બોમ્બ વિસ્ફોટમાં 21નાં મોત, 30થી વધુ ઈજાગ્રસ્ત



(એજન્સી) ક્વેટા | તા 09

ફરી એકવાર પાકિસ્તાનમાં બોમ્બ ધડાકા થયા છે. પાકિસ્તાનના ક્વેટા રેલવે સ્ટેશન નજીક બોમ્બ વિસ્ફોટ થતા 21 લોકો ઘટનાસ્થળે જ મોતને ભેટ્યા હતા. જ્યારે અન્ય 30થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાનું સામે આવ્યું છે. આ ઘટના બલૂચિસ્તાનમાં અશાંતિમાં વધારો કર્યો છે. આ બોમ્બ બ્લાસ્ટથી રેલવે સ્ટેશનના બુકિંગ ઑફિસમાં ટ્રેન પ્લેટફોર્મ પર પહોંચે તેની પહેલા વિસ્ફોટ થયો હતો. મળતી માહિતી અનુસાર, રેલવે ટ્રેન પ્લેટફોર્મ પર પહોંચે તે પહેલા જ રેલવે સ્ટેશનની બુકિંગ ઓફિસમાં બ્લાસ્ટ થયો હતો. દરરોજની જેમ, સ્ટેશન પર લોકોની ભીડને કારણે મોટી સંખ્યામાં જાનહાનિ થવાની આશંકા સેવાઈ રહી છે. ઘટનાની જાણ થતા જ પોલીસ અને બચાવકર્મીઓ વિસ્ફોટના સ્થળે પહોંચી જઈને સઘન તપાસ શરૂ કરી છે. ક્વેટા સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી લાદવામાં આવી છે અને વધારાના તબીબો અને સહાયક સ્ટાફને બોલાવવામાં આવ્યો છે.

પાડોશી દેશ પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમમાં આતંકવાદી હુમલામાં સતત વધારો અને દક્ષિણમાં વધી રહેલા ભાગલાવાદી બળવાથી ઝઝૂમી રહ્યું છે. મળતી માહિતી અનુસાર, "રેલ્વે સ્ટેશનની અંદર વિસ્ફોટ ત્યારે થયો જ્યારે પેશાવર જતી એક્સપ્રેસ ટ્રેન તેના ગંતવ્ય માટે રવાના થવાની હતી."

ગુરુવારે પણ વઝીરિસ્તાનમાં વિસ્ફોટ થયો હતો ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં સુરક્ષાદળોને લઈ જઈ રહેલા વાહનની નજીક રોડ પર બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં ચાર અધિકારીઓના મોત થયા હતા અને પાંચ અન્ય ઈજાગ્રસ્ત થયા હતા, અધિકારીઓએ જણાવ્યું હતું. ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના દક્ષિણ વજીરિસ્તાન જિલ્લામાં રોડસાઈડ બોમ્બ વિસ્ફોટ થયો હતો.

# કિરપાણ પર પ્રતિબંધ લાગતા આતંકવાદી પન્નુ ભડક્યો અમૃતસર-ચંદીગઢ એરપોર્ટ બંધ કરવાની હાકલ

(એજન્સી) ટોરેન્ટો | તા 09

અલગતાવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)ના આતંકવાદી અને ખાલિસ્તાની સમર્થક ગુરપતવંત સિંહ પન્નુએ 17 નવેમ્બરે અમૃતસર અને ચંદીગઢ એરપોર્ટને બંધ કરવાની ધમકી આપી છે. પન્નુનો આરોપ છે કે ભારત સરકારે એરપોર્ટની અંદર શીખ ધર્મના પ્રતીક કિરપાણ પહેરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણયને શીખ સમુદાય પર હુમલો ગણાવતા પન્નુએ ભવિષ્યમાં શીખોના ધાર્મિક પ્રતીકો પર વધુ નિયંત્રણો લાદવાની આશંકા વ્યક્ત કરી છે. આતંકવાદી પન્નુએ પોતાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે, જેમાં તે ભારત સરકારને ધમકી આપતો જોવા મળી રહ્યો છે.તેણે આરોપ લગાવ્યો છે કે ભારત સરકાર આગામી દિવસોમાં દસ્તર (પાઘડી) પર પણ પ્રતિબંધ લગાવી શકે છે. આ પછી, ભારત સરકાર શીખોને ઘરે પણ તેમના ધાર્મિક પ્રતીકો પહેરવાથી રોકી શકે છે. પન્નુએ પંજાબના યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો છે અને 17 નવેમ્બરે અમૃતસર અને ચંદીગઢ એરપોર્ટ બંધ



કરવાની વાત કરી છે. તમને જણાવી દઈએ કે 30 ઓક્ટોબરના રોજ બ્યુરો ઓફ સિવિલ એવિએશન (BCAS)એ ભારતના એરપોર્ટ પર કિરપાણ ન પહેરવાનો આદેશ આપ્યો હતો. BCASએ પોતાના આદેશમાં કહ્યું છે કે એરપોર્ટ પર કામ કરતા શીખ કર્મચારીઓ સુરક્ષાને ધ્યાનમાં રાખીને કિરપાણ પહેરી શકશે નહીં. BCAS તરફથી કહેવામાં આવ્યું હતું કે સુરક્ષા પ્રોટોકોલને કારણે આ આદેશો જારી કરવામાં આવ્યા છે. જે બાદ જ વિવાદ શરૂ થયો હતો. પન્નુએ પોતાના વીડિયોમાં ચેતવણી આપી છે કે ભારત સરકારે કિરપાણ પર પ્રતિબંધ મૂક્યો છે. આવતીકાલે દસ્તર પર પણ નિયંત્રણો લાદવામાં આવી શકે છે. આ ભારત સરકાર તમામ શીખોને પવિત્ર દોરો પહેરવાની ફરજ પાડશે. પોતાનો જીવ બચાવવા માટે શીખોએ તેમના ઘરની બહાર શ્રી ગણેશની સ્થાપના કરવી પડશે. પન્નુએ કહ્યું કે ભારતીય બંધારણ શીખ ધર્મને હિંદુ ધર્મનો એક ભાગ માને છે. આ ભારતીય બંધારણ હેઠળ, સુવર્ણ મંદિરની અંદર હુમલો થયો, શીખોનો નરસંહાર થયો અને પંજાબમાં દર મહિને 15-20 ખેડૂતો આત્મહત્યા કરે છે. સ્વતંત્રતા ક્યારેય હાથ જોડીને પ્રાપ્ત થતી નથી અને કાયદા ક્યારેય પાછા ખેંચાતા નથી. યાદ રાખો, શારીરિક શક્તિ માટે શસ્ત્રોનો અભ્યાસ કરો.

### કેનેડાએ SDSને ખતમ કરી દીધી

એક મોટી નીતિ પરિવર્તનમાં, કેનેડાએ 8 નવેમ્બર, 2024ના રોજ તાત્કાલિક અસરથી સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ (SDS)ને સમાપ્ત કરી દીધી છે. હવે આનાથી હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને અસર કરશે. 2018માં શરૂ કરાયેલ, SDSને ભારત, ચીન, પાકિસ્તાન અને ફિલિપાઈન્સ સહિત 14 દેશોના અરજદારો માટે અભ્યાસ પરમિટ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી હતી, જેઓ ચોક્કસ માપદંડોને પૂર્ણ કરે છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (IRCC)એ નાઈજીરીયા સ્ટુડન્ટ એક્સપ્રેસ અરજદારોને પ્રમાણભૂત અભ્યાસ પરમિટ એપ્લિકેશન રૂટનો ઉપયોગ કરવાની જરૂર છે. SDS પ્રોગ્રામ, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં લોકપ્રિય, પ્રમાણભૂત પ્રક્રિયાની તુલનામાં ઘણી વખત અઠવાડિયામાં ઝડપી પરમિટ મંજૂરીઓ પ્રદાન કરે છે.

## ન્યૂયોર્ક હવે ગેરકાયદે ઘુસી જતા પ્રવાસીઓને વાઉચર નહીં આપે

# ટ્રમ્પ રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવાની સાથે ઘૂસણખોરો સામે એક્શન શરૂ

(એજન્સી) ન્યૂયોર્ક | તા 09

અમેરિકાની રાષ્ટ્રપતિ ચૂંટણી જીત્યા પછી ગેરકાયદે રીતે અમેરિકામાં ઘુસી જતા પ્રવાસીઓ સામે દેશનિકાલની કાર્યવાહી મોટાપાયે શરૂ થઈ ગઈ છે. આ ઉપરાંત ન્યૂયોર્ક હવે ગેરકાયદે ઘુસી જતા પ્રવાસીઓને વાઉચર નહીં આપે. ડેમોક્રેટસ મેયર એરિક એડમે પ્રવાસી પરિવારને પ્રીપમેડ ડેબિડ કાર્ડ આપનારા કાર્યક્રમની સમાપ્તની જાહેરાત કરતા આ કાર્યક્રમને સફળ જણાવ્યો હતો. આનાથી ખાદ્ય પદાર્થોની બરબાદી ઓછી થઈ અને. સ્થાનિક અર્થવ્યવસ્થામાં લાખો ડોલરનું રોકાણ થયું. ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની કથિત ફોન વાતચીત બાદ મેયર એડમ્સે આ નિર્ણય લીધો હતો. એડમ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "જેમ જેમ અમે શરણાર્થી કાર્યક્રમો માટે વધુ સ્પર્ધાત્મક કરાર તરફ આગળ વધીએ



છીએ, અમે એક વર્ષના સમયગાળો સમાપ્ત થયા પછી આ પાયલોટ પ્રોગ્રામ માટે કટોકટીનો કરાર ન કરવાનો નિર્ણય લીધો છે." અમેરિકના ન્યૂયોર્કે માર્ચ-2024માં આશરે 900 સ્થળાંતરિત પરિવારોને વાઉચર તરીકે 3,000 ડેબિટ કાર્ડ્સ આપવાનું શરૂ કર્યું. આ હેઠળ, દર અઠવાડિયે 350 ડોલર સુધીની કિંમતના કાર્ડ્સ માત્ર ખોરાક અને બાળકના પુરવઠા જેવી આવશ્યક ચીજવસ્તુઓ માટે જ ઉપયોગમાં લેવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા હતા.

જેમ જેમ પાયલોટ પ્રોગ્રામ વિસ્તરતો ગયો તેમ, ખર્ચ વધીને 53 મિલિયન ડોલરથવાનો અંદાજ હતો. ન્યૂયોર્ક સિટીએ વર્ષ-2022 સુધીમાં 20 હજારથી વધુ ઈમિગ્રન્ટ્સનું સ્વાગત કર્યું છે અને તેમાંથી ઘણાને આશરો અને સંસાધનો પૂરા પાડી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીએ વખોડયું હતું

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન સ્થળાંતરિત પરિવારો માટેની આ યોજનાની ખૂબ ચર્ચા થઈ હતી અને ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ તેને મુદ્દો બનાવ્યો હતો. ટીકાકારોએ દલીલ કરી હતી કે શહેર-ફંડવાળા કાર્ડ્સ ઓછી આવક ધરાવતા લોકો માટે સમાન નથી અને સમાન લાભો પૂરા પાડતા નથી. કેટલાક રિપબ્લિકન્સે ચિંતા વ્યક્ત કરી હતી કે ડેબિટ કાર્ડ વધુ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સને શહેરમાં આકર્ષિત કરશે. ટ્રમ્પે દેશનિકાલ કાર્યક્રમ પર ચૂંટણી વચન આપ્યું હતું ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનો મુદ્દો ઉગ્રતાથી ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે તેઓ ગેરકાયદેસર રીતે આવતા ઈમિગ્રન્ટ્સને રોકશે. ડોનાલ્ડ ટ્રમ્પના ચૂંટણી પ્રચાર પ્રવક્તાએ કહ્યું છે કે જો ટ્રમ્પ ફરીથી ચૂંટાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### રશદીના વિવાદાસ્પદ પુસ્તક પર કોઈ પ્રતિબંધ નહીં : કોર્ટ

નવી દિલ્હી: રાજીવ ગાંધી સરકારે સલમાન રશદીના વિવાદાસ્પદ પુસ્તક ધ સેતાનિક વર્સીસ પર૧૯૮૮માં પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો, હવે સત્તાવાળાઓ આવો કોઈપણ પ્રકારનો આદેશ રજૂ કરવામાં નિષ્ફળ જવાના પગલે આ વિવાદાસ્પદ પુસ્તક પર કોઈ પ્રતિબંધ જ નથી તેવો નિર્ણય દિલ્હી હાઈકોર્ટે લીધો છે. પાંચમી નવેમ્બરના રોજ ન્યાયાધીશ રેખા પાટિલે આપેલા ચુકાદામાં ૨૦૧૯થી પડતર અરજીનું નિરીક્ષણ કરતાં જણાવાયું હતું કે આ પ્રતિબંધનો કોઈપણ ચુકાદો હાલમાં સત્તાવાળાઓ પૂરા પાડી શક્યા ન હોવાથી અરજદાર આ પુસ્તક કાયદાકીય નિયમો મુજબ આ પુસ્તક મંગાવી શકે છે.સમગ્ર વિશ્વના મુસ્લિમો માટે ધ સેતાનિક વર્સીસ પુસ્તક ઈશ નિંદા સમાન હોવાથી કેન્દ્ર સરકારે બૂકર પ્રાઈઝ વિજેતા પુસ્તક ધ સેતાનિક વર્સીસની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. અરજદાર સંદીપન ખાને કોર્ટમાં દલીલ કરી હતી કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સના પાંચ ઓક્ટોબર ૧૯૮૮ના જાહેરનામાના લીધે તે આ પુસ્તકની આયાત કરી શકતા નથી. તેની સાથે તે કોઈ સત્તાવાર વેબસાઈટ પર પણ ઉપલબ્ધ નથી.ન્યાયાધીશ સૌરભ બેનરજી સાથેની બેચનું નિરીક્ષણ હતું કે અહીં કોઈપણ પ્રતિસાદી પાંચ ઓક્ટોબર ૧૯૮૮નું જાહેરનામુ રજૂ કરી શક્યો નથી. આ પ્રકારનું જાહેરનામુ જારી કરનારાએ પણ આ જાહેરનામુ પૂરુ પાડવા અંગે અસમર્થતા દર્શાવી છે. તેનું કહેવું છે કે તે આટલું જૂનું જાહેરનામું રજૂ કરવા અસમર્થ છે. કોર્ટનું કહેવું છે કે ઉપરના સંજોગોને જોઈને અમારે તે માનવાને કોઈ કારણ રહેતું નથી કે આ પ્રકારનું જાહેરનામું જારી કરાયું હતું. તેના લીધે અમે આ કેસનો નિકાલ કરીએ છીએ.

### નોટબંધીથી નાના ઉદ્યોગો ખતમ થયા આઠ વર્ષે પણ રોકડ વ્યવહાર ઘટયો નથી

નવી દિલ્હી: દેશમાં ૮ નવેમ્બરનો દિવસ ઈતિહાસમાં નોંધાઈ ગયો છે. આ દિવસે સાંજે ૮.૦૦ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અચાનક રૂ. ૫૦૦ અને રૂ. ૧,૦૦૦ની નોટોની લેવડદેવડ પર પ્રતિબંધ લાદી દીધો હતો અને ડિજિટલ ઈન્ડિયા હેઠળ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને પ્રોત્સાહન આપ્યું હતું. જોકે, નોટબંધીના આઠ વર્ષે પણ રોકડ વ્યવહાર ઘટયો નથી. ઉલટાનું નોટબંધીના કારણે દેશમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ખતમ થઈ ગયા તેમ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો.કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ વધુ એક વખત મોદી સરકારે લાદેલી નોટબંધી સામે સવાલો ઉઠાવતા કહ્યું કે, નોટબંધી પછી પણ આજે ભારતમાં રોકડ ઉપયોગ પહેલા કરતાં વધુ થઈ રહ્યો છે. નોટબંધીનો આશય રોકડ પરની નિર્ભરતા ઘટાડવી અને ડિજિટલ લેવડ-દેવડને પ્રોત્સાહન આપવાનો હતો, પરંતુ તેની અપેક્ષિત અસર જોવા મળતી નથી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે, નિષ્ણાતોનું માનવું છે કે નોટબંધીથી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) અને અસંગઠિત ક્ષેત્ર પર ઘેરી અસર થઈ.

### ઉત્તરપ્રદેશમાં મહિલાઓને 'બેડ ટચ'થી બચાવવા માટે પંચની વિચિત્ર ભલામણો

લખનઉ: ઉત્તર પ્રદેશ રાજ્ય મહિલા પંચે મહિલાઓને 'બેડ ટચ'થી બચાવવા અને પુરુષોના ખરાબ ઈરાદા રોકવા માટે એક દરખાસ્ત રજૂ કરી છે. આ દરખાસ્ત ખૂબ જ ચર્ચાસ્પદ બની છે. ઉત્તર પ્રદેશ રાજ્ય મહિલા પંચના અધ્યક્ષ બબીતા ચૌહાણે રજૂ કરેલી દરખાસ્ત મુજબ પુરુષ દરજી મહિલાઓના કપડાંનું માપ નહીં લઈ શકે અને જીમમાં પુરુષ ટ્રેનર મહિલાઓને તાલિમ આપી શકશે નહીં. વધુમાં પુરુષો મહિલાઓના વાળ પણ કાપી શકશે નહીં. બબિતા ચૌહાણની દરખાસ્તને પંચના અન્ય સભ્યોએ પણ સમર્થન આપ્યું છે.

ઉત્તર પ્રદેશ રાજ્ય મહિલા પંચની બેઠક ૨૮ ઑક્ટોબરે યોજાઈ હતી, જેમાં અનેક સૂચનો કરવામાં આવ્યા હતા. યુપી રાજ્ય મહિલા પંચના અધ્યક્ષ બબિતા ચૌહાણે પુરુષોને મહિલાઓના કપડાંનું માપ લેવાની, વાળ કાપવાની તેમજ જીમમાં પુરુષ ટ્રેનરને મહિલાઓને તાલિમની મંજૂરી નહીં આપવી જેવા સૂચનો કર્યા હતા. બેઠકમાં અન્ય લોકોએ આ દરખાસ્તને સમર્થન આપ્યું હતું. હાલ આ માત્ર રાજ્ય મહિલા પંચની દરખાસ્ત છે અને મહિલા પંચ પાછળથી રાજ્ય સરકારને આ સંદર્ભમાં કાયદો બનાવવા વિનંતી કરશે. મહિલા પંચના નિયમોનું પાલન કરાવવાની જવાબદારી જિલ્લા તંત્રની રહેશે.

### કેજરીવાલ વીવીઆઈપી કલ્ચરના સૌથી મોટા પ્રતિક :ભાજપ

નવી દિલ્હી : ભાજપે આજે દાવો કર્યો હતો કે દિલ્હીના પૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ વીવીઆઈપી કલ્ચરના સૌથી મોટા પ્રતિક બની ગયા છે. ભાજપે કેજરીવાલની ટીકા કરતા જણાવ્યું હતું કે ટોઈલેટ સીટ સહિત તેમના ઘરના ઉપકરણો અને વસ્તુઓની કીંમત ૧૨ કરોડ રૂપિયાથી વધુ હતી.પત્રકાર પરિષદમાં ભાજપ પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કેજરીવાલની વર્ષ ૨૦૧૩ની સોશિયલ મીડિયા પોસ્ટ બતાવી હતી જેમાં તેમણે બાથરૂમ સહિત ઘરમાં ૧૦ એસી રાખવા બદલ તત્કાલીન મુખ્યપ્રધાન શિલા દિક્ષિતની ટીકા કરી હતી. ભાટિયાએ જણાવ્યું હતું કે કેજરીવાલે શીલા પર ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો હતો. તેમણે પ્રશ્ન કર્યો હતો કે દિલ્હીની ૪૦ ટકાથી વધુ વસ્તી ઝૂંપડપટ્ટીઓમાં રહે છે તો એક સીએમ આટલા આરામથી કઈ રીતે રહી શકે. જો કે કેજરીવાલ પછી આ પોસ્ટ દૂર કરી દીધી હતી. ભાટિયાએ અરવિંદ કેજરીવાલના સીએમ પદથી રાજીનામું આપવા અને સરકારી મકાન છોડયા પછીના સત્તાવાર દસ્તાવેજોનો સંદર્ભ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પૂર્વ મુખ્યપ્રધાનના બંગલામાં ૨૧ હજાર વર્ગ ફૂટના એરિયામાં ૨૫૦ ટનના એસી પ્લાન્ટની સાથે અન્ય ૫૦ એસી પણ હતાં.ઘરમાં ૧૨ કરોડ રૂપિયાની કીંમતવાળી ટોઇલેટ સીટો હતી. ૨૮.૯૧ લાખ રૂપિયાની વધુની કીંમતનું એક ટીવી હતું. લોકો કેજરીવાલને રાજકીય રીતે ખતમ કરી નાખશે.

**ધામી સરકારની ખૂબ પ્રશંસા, વડાપ્રધાન મોદીએ ઉત્તરાખંડના લોકોને રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી**

# ઉત્તરાખંડમાં વિકાસનો મહાયજ્ઞ ચાલી રહ્યો છેઃ વડાપ્રધાન

(એજન્સી) દેહરાદૂન | તા 09

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના સ્થાપના દિવસ પર ઉત્તરાખંડના લોકોને શુભેચ્છા પાઠવતા કહ્યું કે, ડબલ એન્જિન સરકારના યુગમાં ઉત્તરાખંડમાં વિકાસનો મોટો યજ્ઞ ચાલી રહ્યો છે. રાજ્યની ધામી સરકારના વખાણ કરતાં તેમણે રાજ્યના સર્વાંગી વિકાસ માટે રાજ્યની જનતા અને અહીં આવતા પ્રવાસીઓને નવ વિનંતીઓ પણ કરી છે. શનિવારના રોજ પોલીસ લાઈન્સ ખાતે આયોજિત પોલીસ રતિક પરેડને વીડિયો સંદેશ દ્વારા સંબોધિત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ઉત્તરાખંડનું રજત જયંતિ વર્ષ આજથી શરૂ થઈ રહ્યું છે, હવે આપણે આગામી 25 વર્ષના ઉજ્જવળ ભવિષ્યની યાત્રા શરૂ કરવાની છે. ઉત્તરાખંડ કરવું પડશે. તેમણે કહ્યું કે આ એક સુખદ સંયોગ છે કે દેશ પણ 25 વર્ષથી અમૃતકાળમાં છે, વિકસિત ભારત માટે વિકસિત ઉત્તરાખંડનો સંકલ્પ આ સમયગાળામાં પૂરો થતો જોવા મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે પ્રવાસી ઉત્તરાખંડી સંમેલનનું બે દિવસ પહેલા જ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, તેમને પૂરો વિશ્વાસ છે કે આપણા પ્રવાસી ઉત્તરાખંડી લોકો રાજ્યની વિકાસયાત્રામાં આટલી મોટી ભૂમિકા ભજવતા રહેશે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડના લોકોને તેમની આશાઓ અને આકાંક્ષાઓ અનુસાર અલગ રાજ્ય મેળવવા માટે લાંબા પ્રયત્નો કરવા પડ્યા હતા, આ પ્રયાસો ત્યારે પૂર્ણ થયા જ્યારે કેન્દ્રમાં આદરણીય અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં સરકાર બની હતી. આ ખૂબ જ ખુશીની વાત છે કે હવે આપણે બધા ઉત્તરાખંડને તેના સપના સાકાર કરતા જોવા સક્ષમ છીએ. તેમણે



કહ્યું કે દેવભૂમિ ઉત્તરાખંડે ઘણો પ્રેમ અને સ્નેહ આપ્યો છે, અમે પણ એ જ લાગણી સાથે દેવભૂમિની સેવા કરવામાં કોઈ કસર છોડી રહ્યા નથી. વડા પ્રધાને કહ્યું કે થોડાં વર્ષો પહેલાં બાબા કેદારના ચરણોમાં બેસીને તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ દાયકો ઉત્તરાખંડનો દાયકો બનવાનો છે અને ઉત્તરાખંડે તેમની આ માન્યતા સાચી સાબિત કરી છે. આજે ઉત્તરાખંડ વિકાસના નવા રેકોર્ડ બનાવી રહ્યું છે, ગયા વર્ષે ઉત્તરાખંડે SDG ઈન્ડેક્સમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને લીડર કેટેગરીમાં અચીવર્સ મેળવ્યા હતા. છેલ્લા દોઢથી બે વર્ષમાં ઉત્તરાખંડનો વિકાસ દર 1.25 ગણાથી વધુ વધ્યો છે. આ વર્ષે જીએસટી કલેક્શનમાં 14 ટકાનો ઉછાળો આવ્યો છે. 2014માં રાજ્યની વાર્ષિક આવક 1.25 લાખ રૂપિયા હતી જે આજે વધીને 2 લાખ 60 હજાર રૂપિયા થઈ ગઈ છે. જે હવે વધીને ત્રણ લાખ પચાસ હજાર કરોડ થઈ ગઈ છે. આ આંકડા દર્શાવે છે કે કેવી રીતે યુવાનો માટે નવી તકો ઊભી થઈ રહી છે અને ઉત્તરાખંડમાં ઔદ્યોગિક પ્રગતિ કેવી રીતે થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે 2014 પહેલા ઉત્તરાખંડમાં પાંચ ટકાથી ઓછા ઘરોમાં નળનું પાણી હતું, આજે તે વધીને લગભગ 96 ટકા થઈ ગયું છે. 2014 પહેલા ઉત્તરાખંડમાં PMGSYના માત્ર છ હજાર કિલોમીટરના રસ્તાઓ બન્યા હતા, આજે આ રસ્તાઓની લંબાઈ વધીને 20 હજાર કિલોમીટરથી વધુ થઈ ગઈ છે. લાખો શૌચાલય બનાવવાની સાથે, ઉત્તરાખંડે ઉજ્જવલા ગેસ યોજના હેઠળ દરેક ઘરમાં વીજળી અને લાખો ગેસ જોડાણો આપીને સમાજના દરેક વર્ગની કાળજી લીધી છે. ડબલ એન્જિન સરકારનો ખરો અર્થ ઉત્તરાખંડમાં દેખાઈ રહ્યો છે. વડાપ્રધાને કહ્યું કે કેન્દ્ર તરફથી ઉત્તરાખંડને મળતી ગ્રાન્ટ હવે બમણી થઈ ગઈ છે. ડબલ એન્જિન સરકારે ઉત્તરાખંડને દેશનું પ્રથમ ડ્રોન એપ્લિકેશન સંશોધન કેન્દ્ર AIIMS ના સેટેલાઈટ સેન્ટરની ભેટ આપી છે અને યુએસનગરમાં સ્માર્ટ ઔદ્યોગિક ટાઉનશિપ બનાવવાની પણ યોજના છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે ઉત્તરાખંડમાં કેન્દ્ર સરકારની બે લાખ કરોડની યોજનાઓ ચાલી રહી છે.

# HNGU ખાતે એન.એસ.એસ. અંતર્ગત 'રાષ્ટીય એકતા શિબિર'નો પ્રારંભ

પાટણ : પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રટાંગણમાં ભારત સરકારના યુવા બાબતો, રમતગમત મંત્રાલય અને એન.એસ.એસ. રીજીયોનલ વિભાગ અમદાવાદ તેમજ એન.એસ.એસ. વિભાગ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત પણે 'રાષ્ટીય એકતા શિબિર' નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ "રાષ્ટ્રીય એકતા શિબિર' ના ઉદ્દઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શ્રી હરિભાઈ પટેલ (માનનીય સાંસદ સભ્યશ્રી -મહેસાણા) તેમજ પ્રો. કે.સી. પોરીયા (કુલપતિશ્રી, એચ.એન. જી.યુ. પાટણ), ડૉ. કમલકુમારકર (એન.એસ.એસ. રીજીયોનલ ડાઈરેક્ટર, અમદાવાદ), ડૉ.ડી. આર.દરજી (રાજ્ય એન.એસ.એસ અધિકારી,ગાંધીનગર),ડૉ.રોહિત એન.દેસાઈ (કુલસચિવશ્રી, એચ. એન.જી.યુ. પાટણ) અને શ્રી કમલેશ ઠક્કર (એન.એસ.એસ.




પ્રોગામ સંયોજક, એચ.એન.જી.યુ. પાટણ) ની વિશેષ ઉપસ્થિત રહી હતી. વધુમાં, શ્રી હરિભાઈ પટેલે એન.એસ.એસ.ના સ્વયંમ સેવકોને રાષ્ટ્ર નિર્માણની પ્રવૃતિઓમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું અને 'રાષ્ટીય એકતા શિબિર'ના માધ્યમથી ભારતીય સંસ્કૃતિ,તેના મૂલ્યો અને વિવિધ પરંપરાઓને શીખવા અને માણવા અનુરોધ કર્યો હતો. આ શિબિરમાં સમગ્ર ભારતમાંથી ૧૧ રાજ્ય અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાંથી કુલ ૨૧૦ એન.એસ.એસ. સ્વયં સેવકો તેમના ટીમ મેનેજર સાથે તારીખ ૮ નવેમ્બરથી ૧૪ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન ભાગ લઈ રહ્યા છે.આ સાત દિવસીય કેમ્પ દરમિયાન 'માય ભારત પોર્ટલ' વિષય પર લેક્ચર "વિકસિત ભારત" વિષય પર મોનો એક્ટિંગ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા, 'વન નેશન -વન ઈલેક્શન , "વોકલ ફોર લોકલ" અને "સાયબર સિક્યુરિટી ' વિષય પર ગ્રુપ ડિસ્કશન, ગ્રુપ ડાન્સ સ્પર્ધા, સોલો સિંગિંગ સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા , રંગોળી સ્પર્ધા તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો થકી એન. એસ.એસ. ના સ્વયંમ સેવકો એકબીજાની સંસ્કૃતિ જાણે, સમજે અને માણે તે માટે સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ રજુ કરવામાં આવી રહી છે.

**ઝારખંડમાં મતદાન પહેલાં ઈન્કમ ટેક્સ વિભાગની મોટી કાર્યવાહી**

# CM હેમંત સોરેનના પર્સનલ સેક્રેટરીના ઘરે દરોડા

(એજન્સી) જમશેદપુર | તા 09

મુખ્યમંત્રી હેમંત સોરેનના પર્સનલ સચિવ સુનીલ શ્રીવાસ્તવ તથા તેમની સાથે જોડાયેલા ઠેકાણાઓ પર શનિવારે ઈન્કમ ટેક્સ વિભાગે રેડ પાડવાનું શરૂ કર્યું છે.આ રેડ રાંચીમાં સાત તથા જમશેદપુરમાં નવ ઠેકાણે ચાલી રહી હોવાની માહિતી મળી છે. આ રેડને ચૂંટણી સાથે સાંકળીને જોવામાં આવે છે. ઈન્કમ ટેક્સ વિભાગને સૂચના છે કે હવાલાના માધ્યમથી રૂપિયાની લેણદેણ થઇ છે. સુનીલ શ્રીવાસ્તવ સીએમ હેમંત સોરેનના અંગત સચિવ હોવાની સાથે જ ઝારખંડ મુક્તિ મોરચાના કેન્દ્રીય સમિતિના સભ્ય અને પાર્ટીના સ્ટાર પ્રચારક પણ છે. તમને જણાવી દઈએ કે ઝારખંડ હાઈકોર્ટે જૂનમાં ઝારખંડ મુક્તિ મોરચા (ઝામુમો) નેતા હેમંત સોરેનને કથિત જમીન કૌભાંડ કેસમાં જામીન આપ્યા હતા. ઈડીએ 31 જાન્યુઆરી 2024 ના રોજ સીએમ હેમંત સોરેન સાથે સાત કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કર્યા બાદ તેમની ધરપકડ કરી હતી. ત્યારબાદ હેમંત સોરેન રાજભવન




ગયા અને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. કોંગ્રેસ નેતા રાકેશ સિન્હાએ હેમંત સોરેનના ઘરે રેડ મુદ્દે કહ્યું હતું કે આ કાર્યવાહી ફક્ત વિપક્ષી નેતાઓ પર દબાણ બનાવવા માટે કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે 'ઝારખંડ માટે આ કોઈ નવી વાત નથી. રાજ્યમાં વિપક્ષી નેતાઓ અને તેમના અંગત કર્મચારીઓ પર સતત ઈન્કમ ટેક્સ રેડ પાડવામાં આવે છે. ભાજપ હવે ફક્ત ઈન્કમ ટેક્સ અને ઈડી રેડ દ્વારા પોતાની સ્થિતિ મજબૂત કરવાનો પ્રયત્ન કરી રહી છે. અહીં જનતા પહેલાં જ તેમને નકારી ચૂકી છે. આ પ્રકારની કાર્યવાહીથી ફક્ત વિપક્ષી નેતાઓ પર દબાણ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.'

### પાલનપુર નગરપાલિકા પ્રમુખના વોર્ડમાં રસ્તા પર ભુગર્ભ ગટરનું ગંદું પાણી ફરી વળતા રહિશો અને વાહન ચાલકો ત્રાહિમામ્



મહેશ સોલંકી : પાલનપુર

પાલનપુર શહેરમાં નગરપાલિકા તંત્ર ખાડે ગયું હોય તેમ લાગે છે કારણ કે શહેરમાં રોડ રસ્તા ભૂગર્ભ ગટર વ્યવસ્થા બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવતાં નથી છેલ્લા ઘણાં સમય થી નગરપાલિકા નાં પ્રમુખ શ્રી નાં વોર્ડ નં 1 માં જ મેધા બંગલો આવકાર સોસાયટી રાયકા નગર સોસાયટી નાં રહેવાસીઓ અને વાહન ચાલકો ભૂગર્ભ ગટર ઊભરાવા નાં કારણે ગટર નું ગંદુ પાણી રસ્તા ઉપર ફરી વળતા રહિશો ને ચાલતા જવું મુશ્કેલ બની ગયું છે વાહનચાલકો ને પણ ગંદા પાણી માં થી પસાર થવું પડે છે મેધા બંગલો આવકાર સોસાયટી થી હાઈવે તરફ જવા માટે 250 મીટર લાંબો રસ્તો છે નગરપાલિકા તંત્ર ને ઘણી વખત રજૂઆતો કરવામાં આવી છે પણ નગરપાલિકા તંત્ર આંખ આડા કાન કરે છે ભૂગર્ભ ગટર વ્યવસ્થા બાબતે નગરપાલિકા તંત્ર દ્વારા સરકાર પાસે થી ગ્રાન્ટ મંજૂર કરાવવામાં આવે છે તો પછી કેમ આ ભૂગર્ભ ગટર નું કામ થતું નથી સવાલ થાય છે ગ્રાન્ટ ક્યાં વાપરવામાં આવે છે ખરેખર સરકાર દ્વારા જે પણ નગરપાલિકા તંત્ર ને ગ્રાન્ટ મંજૂર કરાવવામાં આવે છે અને તે પછી તે કામ થયું છે કેમ તેની તપાસ હાથ ધરી યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

### પત્ની સાથેના ઝઘડામાં 'ઓકે' કહેવું ભારે પડ્યું, ટ્રેન નક્સલ વિસ્તારમાં પહોંચી, સ્ટેશન માસ્ટર સસ્પેન્ડ

(એજન્સી) અલ્લાહાબાદ | તા 09

છત્તીસગઢમાં એક રેલવે સ્ટેશન માસ્ટરને ફરજ સમયે પત્નીને ફોન પર માત્ર ઓકે કહેવુ ભારે પડી ગયું હતું, આ એક ઓકેમાં રેલવેને ત્રણ કરોડનું નુકસાન થયું સાથે જ સ્ટેશનમાસ્ટરને સસ્પેન્ડ કરવા પડયા. આ ઘટના બાદ સ્ટેશન માસ્ટરે પત્નીથી છૂટાછેડા પણ માગ્યા હતા જેને હાઈકોર્ટે મંજૂર કરી આપ્યા હતા.

ફોન પર પત્નીને કહ્યું ઓકે, બીજા સ્ટેશન માસ્ટરે ઓકેને ગ્રીન સિગ્નલ સમજી ટ્રેન જવા દીધી. આંધ્રના વિશાખાપટનમના રહેવાસી 40 વર્ષીય સ્ટેશનમાસ્ટર છત્તીસગઢમાં રેલવે સ્ટેશન માસ્ટર તરીકે તૈનાત હતા, તેમના લગ્ન છત્તીસગઢના દુર્ગની રહેવાસી મહિલા સાથે થયા હતા. બન્ને વચ્ચે શરૂઆતથી જ વિવાદ ચાલતો હતો, પતીનો આરોપ હતો કે લગ્ન બાદ પત્ની અન્ય પુરુષ સાથે સંબંધમાં હતી અને મારી સામે જ તેની સાથે ફોન પર વાત કરતી હતી. એક દિવસ સ્ટેશનમાસ્ટર ડયૂટી પર હતા ત્યારે પત્નીનો ફોન આવ્યો અને બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ.

# પુરુષો કરતાં સ્ત્રીઓની લગ્નની ઉંમર ઓછી રાખી ભેદભાવ કરાયો, અલ્લાહાબાદ હાઈકોર્ટનું સૂચક નિવેદન

**■ પુરુષોને શિક્ષણ, કારકિર્દી માટે ત્રણ વર્ષ વધુ મળ્યા પરંતુ મહિલાઓ સાથે તેનાથી ઉલટુ થયું**

(એજન્સી) અલ્લાહાબાદ | તા 09

મહિલા અને પુરુષના લગ્ન માટે લઘુતમ વય મર્યાદામાં અંતર હોવુ પિતૃસત્તાત્મક વ્યવસ્થાની એક નિશાની છે તેમ એક કેસની સુનાવણી દરમિયાન અલ્લાહાબાદ હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી. હાઈકોર્ટે નોંધ્યું હતું કે ભારતમાં યુવકની લગ્નની વય મર્યાદા 21 વર્ષ અને યુવતીની વય મર્યાદા 18 વર્ષ છે. આ ભેદભાવ પિતૃસત્તાત્મક વિચારધારાને દર્શાવે છે. પુરુષોને શિક્ષણ, કારકિર્દી માટે ત્રણ વર્ષ વધુ મળ્યા પરંતુ મહિલાઓ સાથે તેનાથી ઉલટુ થયું, મહિલાઓને આ છૂટ ના આપી તેમને તકોથી વંચિત રખાઈ છે.

અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ સૌમિત્ર દયાલ સિંહ અને ન્યાયાધીશ ડોનાડી રમેશની બેંચે કહ્યું હતું કે સ્ત્રી-પુરુષ વચ્ચે લગ્નની વય મર્યાદામાં ભેદભાવ પિતૃસત્તાત્મક વિચારધારાની દેન છે અને હાલના આધુનિક કાયદાએ પણ તેને અપનાવી રાખી છે. પુરુષોની લગ્નની વય મર્યાદા 21 વર્ષ રખાઇ કે જેથી તે શિક્ષણ મેળવી શકે કે રોજગારી



પ્રાપ્ત કરીને ઘર ચલાવવા સક્ષમ બની શકે. આ જ મર્યાદા મહિલાઓ માટે 18 રખાઇ તેથી મહિલાઓ પાસેથી આ તક છીનવીને તેમની સાથે ભેદભાવ કરવામાં આવ્યો અને તેમને શિક્ષણ કે રોજગારી જેવી તકોથી વંચિત રાખવામાં આવી. આ ભેદભાવ એ દર્શાવે છે કે પુરુષ જ મોટો ગણાશે અને તે જ પરિવારના ખર્ચનો બોજ ઉઠાવશે જ્યારે તેની જીવન સાથી મહિલા એક બાળકને જન્મ આપનારી બનીને રહી જશે.

બાળ વિવાદને લઈને હાઈકોર્ટમાં એક અપીલ કરાઈ હતી, અરજદાર યુવકે દાવો કર્યો હતો કે ૨૦૦૪માં મારા લગ્ન થયા ત્યારે મારી ઉંમર 12 વર્ષની અને મારી પત્નીની ઉંમર માત્ર 9 વર્ષની હતી માટે આ લગ્નને બાળ વિવાહ સમજીને રદ કરવામાં આવે. જોકે પતિની આ દલીલની સામે પત્નીએ એવી દલીલ કરી હતી કે બાળ વિવાહ થયા હતા કે કેમ તેનો દાવો કરવામાં અરજદારે મોડુ કરી નાખ્યું, તેણે અપીલ કરી ત્યારે તે 18 વર્ષનો થઈ ગયો હતો. કોર્ટ સમક્ષ એ સવાલ ઉભો થયો હતો કે પુરુષની પુખ્ત વય 18 વર્ષ ગણવી કે 21 વર્ષ. કોર્ટે નોંધ્યું હતું કે બાળ વિવાહ વિરોધી કાયદા મુજબ 21 વર્ષથી ઓછી વયના પુરુષ અને 18 વર્ષથી ઓછી વયની સ્ત્રીને બાળક માનવામાં આવે છે. આ કાયદામાં બહુમત શબ્દ વ્યાખ્યાયિત જ નથી કરાયો. પતિ-પત્ની વચ્ચે ભરણપોષણનો વિવાદ હતો જે હાઈકોર્ટ પહોંચ્યો હતો. પત્નીએ ૫૦ લાખનો કાયમી ભરણપોષણનો દાવો કર્યો હતો. પતિએ કહ્યું હતું કે તે 15 લાખ જ આપવા સક્ષમ છે. હાઈકોર્ટે આ લગ્નને બાળ વિવાહ માનીને તેને રદ કર્યા હતા સાથે જ પત્નીને ૨૫ લાખ ચુકવવા પતિને આદેશ આપ્યો હતો.

**જયપુરમાં રામ દરબાર અને સાત મંદિરો સહિત અન્ય મૂર્તિઓના નિર્માણનું કાર્ય શરૂ**

# રામમંદિરના નિર્માણ માટે શ્રમિકો નથી મળી રહ્યાં! સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા શું બોલ્યાં

(એજન્સી) અયોધ્યા | તા 09

અયોધ્યામાં બની રહેલા રામ મંદિરને પૂર્ણ થવામાં હજુ ત્રણ મહિના મોડુ થઈ શકે છે. હવે આ મંદિર સપ્ટેમ્બર 2025 સુધી તૈયાર થઈ જશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રએ શુક્રવારે (8 નવેમ્બર) જાણકારી આપી કે, પહેલાં જૂન 2025 સુધી મંદિરનું નિર્માણ પૂર્ણ થવાનું લક્ષ્ય હતું, પરંતુ વર્તમાનમાં 200 શ્રમિકોની કમીના કારણે તેમાં મોડુ થઈ રહ્યું છે. મંદિરની મુખ્ય ચાર દિવાલમાં ઉપયોગમાં લેવાતા 8.5 લાખ ઘન ફૂટ લાલ બંસી પહાડપુર પથ્થર પહેલાંથી જ અયોધ્યા પહોંચી ગયા છે, પરંતુ શ્રમિકોની કમીના કારણે કામમાં અડચણ આવી રહી છે. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષે વધુમાં



જણાવ્યું કે, મંદિરના નિર્માણમાં ઉપયોગમાં લેવામાં આવી રહેલાં પથ્થરોની ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જાણકારી મુજબ પહેલાં તળ પર અમુક પથ્થરો નબળા હોવાની જાણ થઈ હતી, તેથી તેની જગ્યાએ હવે મજબૂત પથ્થરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સિવાય મંદિરની અન્ય સંરચનાઓ જેમ કે, સભાગાર, સીમા અને પરિક્રમા પથનું પણ નિર્માણકાર્ય પણ શરૂ છે. મૂર્તિકારોએ આશ્વાસન આપ્યું છે કે, ડિસેમ્બર 2024 સુધી મંદિરની તમામ મૂર્તિઓ પૂરી કરી દેવાશે અને ડિસેમ્બરના અંત સુધી આ મૂર્તિઓ અયોધ્યા પહોંચી જશે. જયપુરમાં રામ દરબાર અને સાત મંદિરો સહિત અન્ય મૂર્તિઓના નિર્માણનું કાર્ય શરૂ છે. આ મૂર્તિઓને ડિસેમ્બર સુધી અયોધ્યા લાવવામાં આવશે અને બાદમાં નિર્ણય લેવામાં આવશે કે, તેને મંદિરમાં કઈ જગ્યાએ સ્થાપિત કરવી. નૃપેન્દ્ર મિશ્રએ જણાવ્યું કે, રામલલાની બે મૂર્તિઓને પહેલાંથી જ ટ્રસ્ટ તરફથી સ્વીકૃત કરવામાં આવી છે અને તેને મંદિરમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે. આ સાથે જ મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓના દર્શન બાદ બહાર નીકળવાના રસ્તાને પણ વધારે સુવિધાજનક બનાવવાની ચર્ચા કરવામાં આવી રહી છે. કારણકે, હવે જન્મભૂમિ પથની સામે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે, તો તેઓને બહાર નીકળવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

રામ મંદિર નિર્માણ સમિતિની બેઠક સતત શરૂ છે અને સમિતિના સભ્ય તેને પૂર્ણ કરવા તમામ શક્ય પ્રયાસ કરી રહ્યાં છે. આગામી કાર્યોની યોજના હેઠળ મંદિરની સંરચના અને મૂર્તિઓની જલ્દી અંતિમ રૂપે સ્થાપના કરવામાં આવશે. મિશ્રએ એવું પણ આશ્વાસન આપ્યું કે, તમામ નિર્માણ કાર્ય સમય પર પૂર્ણ થઈ જશે. જોકે, શ્રમિકોની કમી અને સામગ્રીમાં બદલાવના કારણે સમય સીમામાં થોડું મોડુ થવાની સંભાવના છે.

### યુપીમાં એક્સપ્રેસ હાઈવે પર બસ-ડમ્પર વચ્ચે ભીષણ ટક્કર, 5 લોકોનાં મોતથી માહોલ ગમગીન

ફિરોઝાબાદ : ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાં એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આગરા-લખનઉ એક્સપ્રેસ વે પર એક મુસાફરો સવાર બસ અને ડમ્પર વચ્ચે જોરદાર ટક્કર થતાં હાહાકાર મચી ગયો હતો. અકસ્માતમાં અત્યાર સુધી પાંચ લોકોના મોતની પુષ્ટી થઇ શકી છે જ્યારે અન્યોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાની શક્યતા છે. બસમાં મુસાફરી કરી રહેલા લોકો મુંડન સંસ્કાર કરીને મથુરાથી પરત ફરી રહ્યા હતા. આ અકસ્માત નસીરપુર પાસે થયો હતો. અકસ્માતમાં છ લોકો ઘાયલ થયા હતા. જેમની હાલ સારવાર ચાલી રહી છે. બસના મુસાફરોએ આશંકા વ્યક્ત કરી હતી કે બસ ચલાવતી વખતે ડ્રાઈવર ઊંઘી ગયો હશે. જેના કારણે બસ બેકાબુ થઈ ગઈ હતી અને અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની માહિતી મળતા જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સંદીપ તેના ચાર વર્ષના પુત્ર સિદ્ધાર્થનું મુંડન કરાવવા મથુરા ગયો હતો. બસમાં તેની સાથે પરિવાર અને સંબંધીઓ સહિત 20 જેટલા લોકો મુસાફરી કરી રહ્યા હતા. પરત ફરતી વખતે આ કરૂણ અકસ્માત સર્જાયો હતો, જ્યારે અન્ય બે લોકોના પણ સારવાર દરમિયાન મોત થયા હતા.

### અમદાવાદમાં બુટલેગરના ત્રાસથી યુવકે આપઘાત કર્યો

સુરેન્દ્રનગર | અમદાવાદમાં બુટલેગરના ત્રાસથી કંટાળીને 21 વર્ષના એક યુવકે આપઘાત કરી લેતા ચકચાર મચી છે. હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા ચિરાગ પ્રતાપ રાઠોડ નામના યુવકે આપઘાત કર્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. યુવકે જીએસટી ફાટક રેલવે ક્રોસિંગ પાસે ટ્રેન નીચે પડતુ મુકીનેઆત્મહત્યા કરી લીધી હતી. મૃતક ચિરાગ રાઠોડે અંતિમ પગવું ભરતા પહેલા સુસાઈડ નોટ લખી હતી. સુસાઈડ નોટમાં ચિરાગે લખ્યું હતું કે હું અને મારા પપ્પા બેકસુર છીએ. સોરી માય ફેમીલી, હું તમને છોડીને જાઉં છું.

### લખતર પોલીસે બંદૂક સાથે એકને ઝડપી પાડ્યો

સુરેન્દ્રનગર | લખતરમાં પોલીસે મઝરલોડ બંદૂક હથિયાર સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. ડેરવાળા સાકર વચ્ચે ગડથરના પાટિયા પાસેથી હથિયાર સાથે લખતર પોલીસ દ્વારા એક વ્યક્તિને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. સાકર ગામનો જહાંગીરભાઈ જામાભાઈ બેલીમ ડેરવાડા સાકર રોડ ઉપર ગડથરના પાટિયા પાસે હાથ બનાવટી મઝરલોડ બંદૂક લઈને જતો હોવાની બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લામાં હથિયારબંધી હોવાથી ફાયરિંગ તેમજ મર્ડરના ગુનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

# AMC 90 વર્ષ જૂની ગરીબોની વી.એસ. હોસ્પિટલ બંધ કરવાની ફિરાકમાં

(એજન્સી) અમદાવાદ | તા.09

નેવું વર્ષ સુધી લોકોને ઉમદા સારવાર આપનાર અને લોકજીભે વી. એસ.ના નામથી જાણીતી બનેલી વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલનો અમ્યુકોના વર્તમાન સત્તાવાળાઓ વાવટો સંકેલી લેવાની ફિરાકમાં હોવાનું જાણકાર સૂત્રોનું કહેવું છે. 13મી ડિસેમ્બર 1931ના ચાલુ કરવામાં આવેલી હૉસ્પિટલને હવે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પલટી નાખીને તેને બીજા કોઈ સ્થળે ખસેડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. વી.એસ.નું અલગ સ્થળે કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં રૂપાંતર કરી દેવાની પણ તૈયારી ચાલતી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. એસ.વી.પી. ચાલુ થયા પછી મોટાભાગની સર્જરીના કામકાજ વી.એસ.માં કરવામાં આવતા જ નથી. વી.એસ. હૉસ્પિટલમાં અત્યારે ગાયનેક, પીડિયાટ્રીક, ઓર્થોપેડિક અને ઓપીડી ચલાવવામાં આવી રહ્યા છે. બાકીના બધાં જ દર્દીઓ ઓપીડીમાં સારવાર લઈ રહ્યા છે.



**1931માં શરૂ થઈ હતી વી.એસ.**

13મી ડિસેમ્બર 1931ના ચાલુ કરવામાં આવેલી હોસ્પિટલને હવે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પલટી નાખીને તેને બીજા કોઈ સ્થળે ખસેડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. વી.એસ.નું અલગ સ્થળે કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં રૂપાંતર કરી દેવાની પણ તૈયારી ચાલતી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. એસ.વી.પી. હોસ્પિટલ ચાલુ થયા પછી મોટાભાગની સર્જરીના કામકાજ વી.એસ.માં કરવામાં આવતા જ નથી. વી.એસ. હોસ્પિટલમાં અત્યારે ગાયનેક, પીડિયાટ્રીક, ઓર્થોપેડિક અને ઓપીડી ચલાવવામાં આવી રહ્યા છે. બાકીના બધાં જ દર્દીઓ ઓપીડીમાં સારવાર લઈ રહ્યા છે.

**સિટી સ્કેન અને સોનાગ્રાફી બંધ કરી દેવામાં આવી :** વી.એસ. હોસ્પિટલના બંધારણના 24 નંબરના મુદ્દામાં સ્પષ્ટ જણાવાયું છે કે દર્દીઓની સારવાર માટે કરાયેલા તમામ ખર્ચના નાણાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ચૂકવવાના રહેશે. આમ છતાં, વી.એસ.માં સિટી સ્કેન અને સોનાગ્રાફી બંધ કરી દેવામાં આવી છે. અમ્યુકોએ ખર્ચ આપીને વી. એસ. હોસ્પિટલ ચલાવવી ફરજિયાત છે. તેથી તેને બંધ કરી શકાય તેમ ન હોવાથી તેને સામુદાયિક હેલ્થ સેન્ટરમાં રૂપાંતરિત કરી દેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કદાચ તેને બીજી જગ્યાએ પણ ખસેડી લેવામાં આવે તેવી સંભાવનાને નકારી શકાતી નથી.

**279થી વધુ જગ્યાઓ ખાલી :** 2019ની સાલમાં એસવીપી ચાલુ થઈ તે પછી તેમાં દર્દીઓની સંખ્યા વધે તે હેતુથી જ વી.એસ. હોસ્પિટલનો વાવટો સંકેલવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ રહ્યા તેના કારણો. વી.એસ.ના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ નિવૃત્ત થયા તે પછી તેમને સ્થાને નવી નિમણૂક કરવામાં આવી નથી. અમ્યુકો સંચાલિત એએમસી મેટના ક્લાર્કની કક્ષાના કર્મચારીને વી.એસ.ના સુપરિન્ટેન્ડન્ટનો ચાર્જ સોંપી દેવામાં આવ્યો છે. બીજું, વીએસમાં 279થી વધુ જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ પર નવી નિમણૂક કરવામાં આવતી જ નથી.

# ગુજરાતના દરિયામાં 30 કિમીનો સૌથી લાંબો બ્રિજ બનશે, માત્ર 1 કલાકમાં ભાવનગરથી ભરૂચ

(એજન્સી) અમદાવાદ | તા.09

સૌરાષ્ટ્રથી સુરત કે મુંબઈ તરફ જવા માગતા લોકો માટે મોટા સારા સમાચાર છે. તેમને હવે બગોદરા કે વડોદરા સુધી જવાની જરૂર નહીં રહે. જામનગરથી બાય રોડ ભરૂચ માત્ર 4 કલાક અને સુરત માત્ર 5 કલાકમાં પહોંચી શકાશે. જામનગરથી વાયા ભાવનગર થઈને ભરૂચ સુધી નવો નેશનલ હાઈવે બનવા જઈ રહ્યો છે. એમાં દરિયામાં દેશનો સૌથી લાંબો 30 કિલોમીટર લાંબો બ્રિજ તૈયાર થશે. કેન્દ્રીય માર્ગ અને વાહનવ્યવહાર મંત્રાલયે આ અંગેનો સર્વે કરવા માટે એજન્સીઓ પાસે બીડ મંગાવી છે. આ પ્રોજેક્ટ અમલી બનતાં જ સૌરાષ્ટ્રના ટ્રાન્સપોર્ટેશનમાં મોટાં પરિવર્તન આવશે અને રોજનું લાખો લિટર ઈંધણ અને સમયની બચત જશે.



**બે પ્રોજેક્ટ મળ્યા છે, 316 કિમીનો એક્સપ્રેસ વે માર્ગ**

પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ભારતમાલા પરિયોજના એન્ડ સ્પેશિયલ પ્રોજેક્ટ સેલ દ્વારા દેશભરમાં 8 નવા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. એમાંથી બે પ્રોજેક્ટ (પેકેજ) ગુજરાતને મળ્યા છે. પહેલો પ્રોજેક્ટ જામનગરથી વાયા રાજકોટ થઈને ભાવનગર સુધી 248 કિલોમીટર ફોર અથવા સિક્સલેન બનાવવાનો છે. જ્યારે બીજો પ્રોજેક્ટ ભાવનગરથી ભરૂચ સુધી 68 કિલોમીટર ફોર અથવા સિક્સલેન બનાવવાનો છે. એમાં દરિયામાં અંદાજે 30 કિલોમીટર લાંબો બ્રિજ પણ બનશે.

**15 કંપનીઓ દ્વારા ડીપીઆર માટે બીડ કરવામાં આવી**

ગુજરાતના બંને પ્રોજેક્ટના ડીપીઆર માટે કેન્દ્રીય માર્ગ અને વાહનવ્યવહાર મંત્રાલયે ટેન્ડર બહાર પાડ્યાં હતાં, ગઈ 26 જૂનના રોજની બીડની જાહેરાત કરવામાં આવી હતી અને 4 નવેમ્બરના રોજ બીડની અંતિમ તારીખ હતી. ગુજરાતના બંને પ્રોજેક્ટ માટે કુલ 15 કન્સલ્ટન્ટ કંપનીએ બીડ કરી છે. જામનગર-રાજકોટ-ભાવનગર એક્સપ્રેસ વે માટે 12 કંપની તેમજ ભાવનગર-ભરૂચ એક્સપ્રેસ વે માટે 3 કંપનીએ બીડ કરી છે.

# અંબાજી નજીક ત્રિશુલીયા ઘાટ પર બ્રેક ફેઈલ થતાં લક્ઝરી બસને નડ્યો અકસ્માત, 20 યાત્રાળુ ઘાયલ

(એજન્સી) અમદાવાદ | તા.09

અંબાજી નજીક આવેલા ત્રિશુલિયા ઘાટ પર અવાર નવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. ત્યારે આજે વધુ એક અકસ્માત ત્રિશુલિયા ઘાટ પર બન્યો છે. આજે (9 નવેમ્બર 2024) ત્રિશુલિયા ઘાટ પર 28 યાત્રાળુઓ સવાર ખાનગી બસનો અકસ્માત સર્જાયો હતો. જેમાં 20થી વધુ યાત્રાળુઓ ઈજાગ્રસ્ત થયાં હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. બસ અંબાજીથી અંજાર પરત ફરી રહી હતી.

**બસની બ્રેક ફેલ થતાં સર્જાયો અકસ્માત, બસે બે વાહનોને લીધા અડફેટે**

યાત્રાળુઓ સવાર લક્ઝરી બસ અંજાર પરત ફરી રહી હતી. આ દરમિયાન ત્રિશુલિયા ઘાટ પર બ્રેક ફેલ થઈ જતાં બસે મેક્સ ગાડી અને એક કારને અડફેટે લીધી હતી. જેમાં 28 મુસાફરોમાંથી 20 જેટલા મુસાફરોને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સની મદદથી દાતા રેફરલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

જણાવી દઈએ કે, અંબાજી નજીક આવેલો 'ત્રિશુલીયા ઘાટ' ભયજનક માર્ગ તરીકે ઓળખાય છે, જ્યાં આ અગાઉ પણ અનેક અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. આ જગ્યાએ અસામાન્ય રીતે સાવધાની જરૂરી છે, પરંતુ તેમ છતાં આ માર્ગ પર અકસ્માતોની વારંવાર ઘટનાઓ સામે આવતી રહે છે. સ્થાનિકો અને મુસાફરો આ વિસ્તારમાં ગતિ નિયમો અને સાવચેત રહેવા અંગે વધારે માહિતગાર બનવા માટે સૂચના આપવામાં આવી છે. અહીં મુસાફરી કરતા પહેલા સાવધાની રાખવી ખુબ જ અનિવાર્ય છે. કારણ કે, આ ત્રિશુલિયા ઘાટ પર અવાર નવાર અકસ્માતો થયા છે.



# CM ભૂપેન્દ્ર પટેલ વડતાલની મુલાકાતે, દ્વિશતાબ્દી સમારોહમાં ઉપસ્થિતિ રહ્યા

(એજન્સી) ખેડા | તા.09

સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની તીર્થધામ વડતાલ ખાતેથી તારીખ 7 નવેમ્બરથી શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવનો દબદબા ભર્યો પ્રારંભ થયો છે... જે અંતર્ગત આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ મહોત્સવમાં હાજરી આપી સંતો મહંતોના આશીર્વાદ લીધા હતા.

દ્વિશતાબ્દી મહોત્સવમાં ભગવાન સ્વામિનરાયણનો વિશ્વ કલ્યાણનો સંદેશો દુનિયાભરમાં પહોંચેએ ભાવના સાથે ભારત સરકારે ટપાલ ટિકિટ પણ બહાર પાડી છે.. જેનું અનાવરણ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરાયું હતું જેમાં ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, કલ્પેશભાઈ પરમાર, સંજયભાઈ મહીડા, રાજેન્દ્રસિંહ ઝાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વડતાલ મંદિરના મુખ્ય કોઠારી ડો. સંતવલ્લભ સ્વામીએ ખૂબ પ્રસન્નતા સાથે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ માત્ર ટપાલ ટિકિટ નથી પણ શિક્ષાપત્રીના જન્મસ્થાનેથી ભગવાન સ્વામિનારાયણે મોકલાવેલ વિશ્વ કલ્યાણનો સંદેશો છે. આ પ્રસંગે મહોત્સવમાં પધારેલા ભક્તોને સંબોધતા મુખ્યમંત્રીએ દેશના પ્રથમ ગૃહમંત્રી પરમ શ્રદ્ધેય સરદાર સાહેબને યાદ કરી એમના દ્વાર કહેલ એક વાત સંદેશા સ્વરૂપે કહી કે જો દરેક વ્યક્તિ શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે વર્તે તો પોલીસની જરૂર જ ના પડે અને કાયદો વ્યવસ્થા જાળવવી ખૂબ સરળ થઈ જાય તેમ જણાવ્યુ હતુ.



# આવી રહી છે ભયંકર ઠંડી: ગુજરાતમાં ડિસેમ્બરથી પડશે બરફવર્ષા જેવી ઠંડી!

(એજન્સી) અમદાવાદ | તા.09

બંગાળની ખાડી પર એક નવુ જ સર્કુલેશન બની રહ્યું છે. જેના કારણે ગુજરાત ઉપરાંત અનેક રાજ્યોમાં પણ વરસાદ પડે તેવી શક્યતા છે. અંબાલાલ પટેલે આ અંગે આગાહી કરતા જણાવ્યું કે, ઉત્તર ભારતમાં ધીરે ધીરે ઠંડી શરૂ થઇ રહી છે. તો બીજી તરફ દક્ષિણ ભારતમાં હજી પણ વરસાદ પડી રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે દેશનું વાતાવરણ સતત બદલાઈ રહ્યું છે. જેના કારણે દરેક સિઝન આગળ પાછળ થઇ રહી છે. 2024 નું વર્ષ ખેડૂતો માટે ખુબ જ નુકસાનદાયક સાબિત થયું છે.



**ગુજરાતે ડિસેમ્બર સુધી રાહ જોવી પડશે**

જો કે શિયાળાનો સમય આવી ચુક્યો હોવા છતા પણ હજી સુધી ઠંડી શરૂ નથી થઇ.અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં બપોરે અંગ દઝાડતી ગરમી જોવા મળે છે. તો સવારે અને મોડી રાત્રે ઠંડીનો પણ અહેસાસ થાય છે. આવી બેવડી ઋતુના કારણે લોકો માંદગીનો સામનો કરી રહ્યા છે.

# રાજ્યમાં 23.08% બાળકો ધો. 8 બાદ સ્કૂલે જતા જ નથી : કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશી

(એજન્સી) અમદાવાદ | તા.09

0રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલમાં થતો ડ્રોપ આઉટ રેશિયો જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ધોરણ આઠ બાદ 23.28% વિદ્યાર્થીઓ ધોરણ 9માં પ્રવેશ મેળવતા જ નથી. જેને લઈને કોંગ્રેસે સરકાર પર પ્રહાર કર્યાં છે. કોંગ્રેસના આક્ષેપ છે કે, સરકાર દ્વારા કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમ બનાવવામાં આવી છે. વર્લ્ડ બેંકની અબજો રૂપિયાની લોન લેવામાં આવી છે. વિદ્યા સમીક્ષાના નામે ટીમ બેસાડવામાં આવી છે. પરંતુ કરોડ રૂપિયા ખર્ચ્યા છતાં ડ્રોપ આઉટ રેશિયો ઘટવાની જગ્યાએ વધી રહ્યો છે. જેથી શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓને દૂર કરીને સરકારે યોગ્ય પ્લાન સાથે આગળ વધવું જોઈએ. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ડ્રોપઆઉટ રેશિયો બાબતે ગુજરાત ત્રીજા નંબરે છે. 21 પ્રવેશોત્સવ કરવામાં આવ્યા છે જેમાં કરોડોનો ખર્ચ કરવામાં આવે છે અને જાહેરાતો કરવામાં આવી છે. પરંતુ હકિકત એવી છે કે, ગુજરાતમાં ધોરણ 8 પછી 9 અને 10માં 23.01%નો ડ્રોપ આઉટ રેશિયો છે.





**સરળ ટેક્સ અનુભવ માટે ચોક્કસ માહિતીની ખાતરી કરો**

આવકવેરા વિભાગ ઈ-વેરિફિકેશન સ્કીમ અને વિવિધ ઈ-ઝુંબેશો હેઠળ સ્વચાલિત પ્રશ્નો દ્વારા કરદાતાઓ સુધી પહોંચે છે. જો કે જૂની સંપર્ક માહિતી આ મહત્વપૂર્ણ સંદેશાઓને તમારા સુધી પહોંચતા અટકાવી શકે છે. અસુવિધા ટાળવા માટે સંપર્ક વિગતો અપડેટ કરો.

**ફાયદા**

- સમયસર અપડેટ્સ:- વિલંબ કર્યા વિના તમામ ટેક્સ સંબંધિત સૂચનાઓ પ્રાપ્ત કરો.
- ગૂંચવણો ટાળો:- ચૂકી ગયેલા સંદેશાવ્યવહારને અટકાવો, જે બિનજરૂરી મુકદ્દમા અને કરની માંગણીઓને રોકી શકે છે.
- ઝડપી PAN સુરક્ષા ચેતવણીઓ:- તમારા PAN નો કોઈપણ અનધિકૃત ઉપયોગ ઝડપથી શોધો.

**ક્યાં અપડેટ કરવું**

- આવકવેરા ઈ-ફાઈલિંગ પોર્ટલ https://eportal.incometax.gov.in/iec/foservices/#/dashboard
- UTIITSL પોર્ટલ https://www.pan.utiitsl.com/panonline_ipg/forms/csfPan.html/csfPreForm

CBC 15401/13/0007/2425

સહાયતા માટે +91-20-27218080 પર ઈ-ફાઈલિંગ પોર્ટલ હેલ્પડેસ્કનો સંપર્ક કરો અથવા tininfo@nsdl.co.in પર ઈમેઈલ કરો

સરળ સંચાર સુનિશ્ચિત કરવા માટે તમારી સંપર્ક વિગતો અપડેટ રાખો.

હિન્દી જાહેરાત સ્કેન Qr કોડ માટે

આવકવેરા વિભાગ
સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ
For more information, please visit: www.incometax.gov.in

વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો

@IncomeTaxIndia @incometaxindiaofficial @incometaxindiaofficial @incometaxindiaofficial @Income Tax India Official